Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

# મહાદેવભાઈનું પૂર્વચરિત

14817



W,3 Des
PAR

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# મહાદેવભાઈનું પૂર્વચરિત

નરહરિ દ્વા. પરીખ

સંસ્કાર સાહિત્ય મંદિર

પો. બો. નં. ૩૪ : ભાવનગર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

પ્રકાશક :
જયન્તીલાલ મણિલાલ શાહ
સંસ્કાર સાહિત્ય મંદિર
પો. બો. નં. ૩૪ : ભાવનગર

14817
-W,3 Des
PAR

[illegible]
બીજી આવૃત્તિ–૧૯૬૨
પ્રત : ૨૧૫૦

19 OCT 1978
ગાંધી સ્મારક સંગ્રહાલય
અમદાવાદ-૧૩.

મુદ્રક :
ચંદુલાલ લ. ભટ્ટ
અપના છાપખાના
દરબારગઢ : ભાવનગર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

# પ્રાસ્તાવિક

મહાદેવભાઈના જીવનના ૨૫–૨૫ વર્ષના બે ભાગ સ્વાભાવિક રીતે જ પડે છે; એક ૧૮૯૨ થી ૧૯૧૭ નો પૂર્વભાગ અને બીજો ૧૯૧૭ થી ૧૯૪૨ નો ઉત્તરભાગ. અહીં મેં પૂર્વભાગનું જ ચરિત્ર આપ્યું છે. જો કે મહાદેવ-ભાઈના પિતાશ્રીના અવસાન સુધીની વિગતો આપવા જતાં ઉત્તરભાગની આરંભની કેટલીક વિગતો આવી ગઈ છે.

મહાદેવભાઇના કાકાના દીકરા શ્રી છોટુભાઈ પાસેથી ભાઈ ચંદ્રશંકરે મહાદેવભાઈના પૂર્વજીવનની કેટલીક નોંધ કરી લીધેલી, તેનો તથા શ્રી વૈકુંઠભાઇએ પોતાનાં સંસ્મરણો લખી મોકલ્યાં છે તેનો આ લખવામાં મેં છૂટથી ઉપયોગ કર્યો છે. આ ત્રણે મિત્રોનું ઋણ સ્વીકાર કરવાની આ તક લઉં છું.

તા. ૫–૬–’૫૦ **નરહરિ પરીખ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

## શુક્રતારક સમા

મોગલ ગાર્ડનના ગુલાબ, ઢાકાની શબનમ કે મોના લીસા જેવી કલાકૃતિઓની હરોબરી કરે એવી સંપૂર્ણતા લઈને દેવોને ય અદેખાઈ આવે એવી કામગીરી બજાવવા અવની પર ઊતરી આવેલા સ્વ. મહાદેવ દેસાઇ ગાંધીજીના જ્યેષ્ઠ શ્રેષ્ઠ પુત્ર સમા મંત્રી હતા. મિત્રો આગળ વિનોદમાં પોતાને ગાંધીજીના 'હમાલ' તરીકે, ને ક્યારેક 'પીર બબરચી ભિસ્તી ખર' તરીકે ય ઓળખાવવામાં ગૌરવ લેતા !

અને આમ છતાં સ્વ. મશરૂવાળા જેવા ગાંધીયુગના સર્વતોશ્રેષ્ઠ સમતોલ વિચારવંતે એમના પ્રત્યેના પોતાના ઊંડા માનઆદરને વ્યક્ત કરવા એમને 'સર્વે-શુભોપમા-યોગ્ય' કહ્યા. એટલું જ નહિ પણ જે બધી દૈવી સંપત બંધાવીને દેવોનું કાર્ય કરવા કિરતારે એમને આપણી વચ્ચે મોકલેલા તે દૈવી ગુણોની લાંબી ટીપ પણ એમણે આપી.

આવી આ અપૂર્વ મહિમાવંત વિભૂતિ આપણા દેશની આઝાદીના આખરી જંગમાં ગાંધીજીની જોડે આગાખાન મહેલની જેલમાં પહોંચતાંવેંત જ્યારે અચાનક આથમી, ત્યારે દેશપરદેશનાં હજારો માનવીઓએ પાછળથી ગાંધીજીની હત્યા સાંભળીને અનુભવેલો તેવો જ કંઈક આંચકો અનુભવેલો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





ઇતિહાસની એ કરૂણ ઘટનાને આજે તો હવે પૂરા બે દાયકા વીતવા આવ્યા; ને પાછળ પૂ. કસ્તુરબા, ગાંધીજી, સરદાર પણ આપણી વચ્ચેથી વિદાય થયાં. છતાં શુક્રતારાની શોભા અને રૂડપની યાદ અપાવે એવા તેજસ્વી અને વહાલસોયા ભાઈ મહાદેવની પાવન સ્મૃતિ આજે પણ એમને જોયેલ જાણેલ કોઇની પણ આંખ ભીની કરાવે.

ગીતાજીમાં યોગભ્રષ્ટ આત્માનું વર્ણન આવે છે. શ્રેષ્ઠ પુરુષાર્થ કરતાં કરતાં અધવચ રસ્તે અચાનક તૂટેલો મહાન આત્મા જન્મથી જ દૈવી સંપતનો ખજાનો ગાંઠે લઈને સંસારમાં આવે છે, અને જોતજોતામાં મહાન સિદ્ધિઓની પ્રાપ્તિ કરી (क्षिप्रं भवति धर्मात्मा) ચાલ્યો જાય છે. ભાઈ મહાદેવ તે જ પ્રમાણે એકએકથી ચડિયાતા એવા દૈવી ગુણોની સંપત લઈને કોઈ અધૂરો રહેલો યોગ પૂરો કરવા આ ધરતી પર આવ્યા હતા એમ માની શકાય.

સ્વ. નરહરિભાઈ પરીખ કૉલેજ વકીલાત અભ્યાસના કાળે ભાઈ મહાદેવના સમાગમમાં આવ્યા. અને જોતજોતામાં બેઉ એકબીજાના જીવલગ સુહૃદ સાથી અને કુટુંબી બન્યા. સાથે રહ્યા, સાથે જરા જેટલી વકીલાત કરી, સાથે ગાંધીજી પાસે ગયા અને સેવા જીવનમાં સમર્પણ કરી એમના આજીવન અનુયાયી અને સેવક બન્યા. અંત લગણ એ ગાંઠ એવીને એવી અટૂટ રહી.

ગાંધીજી પાસે આવ્યા પછીની ભાઈ મહાદેવની જ્વલંત કારકિર્દી અને ચરિત્ર તો દેશને ચારે ખૂણે હજારો હજારોએ નિકટપણે જાણ્યાં. પણ એમના પૂર્વચરિતની ઓળખ કરાવીને એમનો ઉછેર અને વિકાસ કઈ રીતે થયો એની સુખદ ઝાંખી તો નરહરિભાઈ એકલા જ કરાવી શકે એમ હતું. એ કામ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021




આજથી બાર વર્ષ અગાઉ એમણે આ ખંડચરિત્ર લખીને દેશને કરાવ્યું. આ પ્રકાશન એની જ નવી આવૃત્તિ છે.

કાળને સંસારનો ધન્વંતરી કહ્યો છે. કાળા માથાના માનવીને કિરતારની એ શ્રેષ્ઠ દેણ છે. કાળની ગાંઠે વિસ્મૃતિની જડીબૂટી છે, જેની મદદથી એ માનવી અંતરના વસમામાં વસમા વિયોગને સહ્ય કરી દે છે; ને એના ઊંડામાં ઘા રૂઝવે છે. પણ આ નાનકડા ચરિત્રને છેડે ભાઇ મહાદેવની દૈવી સંપતની સ્વ. મશરુવાળાએ ગણાવેલી જે પેલી ટીપ ટાંકવાનું ઔચિત્ય સ્વ. નરહરિભાઇએ દાખવ્યું છે તે યાદી કાળના પ્રવાહ જોડે વિસ્મૃતિની ગર્તમાં ગરક થાય એવી નથી. એ તો સંસારની તેમ જ કાળની ગતિવિધિથી નિરપેક્ષ રહીને કોઇ દેવમંદિરના ગર્ભાગાર હેઠળ ઊંડાણે બળતા અખંડ દીપની જેમ અસંખ્ય નવાં નવાં નવલોહિયાં માનવીઓનાં અંતરને સદાય ઉજાળશે.

ક્રોસબાડ હિલ, જિ. થાણા
તા. ૧૫ મી ફેબ્રુઆરી, ૧૯૬૨

સ્વામી આનંદ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust



સ્વ. મહાદેવ દેસાઈ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# મહાદેવભાઈનું પૂર્વચરિત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

# મહાદેવભાઈનું પૂર્વચરિત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૧

## માતાપિતા

મહાદેવભાઈનો જન્મ ઈ. સ. ૧૮૯૨ના જાન્યુઆરીની પહેલી તારીખે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ નામના ગામડામાં થયેલો. પિતાશ્રી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ત્યાં નોકરી કરતા હતા. તેમનું વતનનું ગામ દિહેણ. તે પણ ઓલપાડ તાલુકામાં સુરતથી દસ માઈલ દૂર છે. મહાદેવના પહેલા ત્રણભાઈ માતાને દૂધ ન આવવાથી નાનપણમાં જ ગુજરી ગયેલા. મહાદેવ પેટ રહ્યા ત્યારે પહેલેથી એમનાં બાને દવા વગેરે આપી તંદુરસ્તી સાચવવાની તજવીજ પિતાશ્રીએ કરેલી. તેમનાં બાએ તે વખતે સરસથી એકાદ માઈલ દૂર સિંહનાથ મહાદેવનું મંદિર હતું તેની પૂજા કરવાનો નિયમ રાખ્યો હતો અને સંકલ્પ કરી રાખ્યો હતો કે છોકરો આવશે તો મહાદેવ નામ રાખીશ અને છોકરી આવશે તો પાર્વતી રાખીશ. ભાઈ મહાદેવનું રાશિ ઉપરથી નામ 'જ' ઉપર આવેલું પણ આ સંકલ્પ પ્રમાણે માતુશ્રીએ મહાદેવ નામ રાખ્યું અને તે જ ચાલુ રહ્યું.

મહાદેવનું કુટુંબ ટીલવાના નામથી ન્યાતમાં ઓળખાતું. બાપદાદા ભગત અને ટીલાંટપકાં કરતા તેથી ટીલાવાળા—



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ટીલવા એમ કહેવાતું હશે. કુટુંબની એક શાખા દિહેણથી ઓલપાડ જઇને રહેલી અને ત્યાં એણે જમીન તથા પૈસા સારા સંપાદન કરેલા તેથી ન્યાતમાં એ શાખા વધારે કુલીન ગણાતી. દેસાઈગીરીનો મોટો ભાગ એ લોકોને મળેલો. દિહેણવાળાને તો નામની જ દેસાઈગીરી મળેલી અને બહુ ગરીબ સ્થિતિમાં રહેલા. મહાદેવના દાદા સૂરભાઈ ભગત ગણપતિના ભકત હતા. તેઓ ગણેશચતુર્થીને દિવસે ગણપતિનો મોટો ઉત્સવ કરતા, સરઘસ કાઢતા અને જમણ પણ કરતા. જોકે એમની ગરીબાઈ એવી હતી કે વરસમાં કોઈ કોઇ દિવસ એવા પણ જતા જ્યારે ઘરમાં કશું ખાવાનું ન હોય. છતાં ગણપતિ ઉત્સવ કરવાનું તેઓ કદી ચૂકયા નથી. સૂરભાઇને ચાર દીકરા હતા. તેમાંના મોટા બચપણમાં જ ગુજરી ગયેલા. બાકીના હરિભાઇ, બાપુભાઈ અને ખંડુભાઈ, એ ત્રણને નાની ઉંમરના મૂકીને સૂરભાઇ ગુજરી ગયેલા. દાદીમા ઘેર ગાય રાખતાં. તેનું દૂધ ઘી વેચી ત્રણે છોકરાને એમણે ગામમાં નિશાળ હતી ત્યાં ભણાવેલા. ઘરની થોડી કયારી હતી તે માટે એક બળદ રાખતાં અને સૂંઢલ કરીને તે ખેડતાં. પણ બળદ મરી ગયો ત્યારે એક વરસ બે ભાઈઓએ – હરિભાઈ અને બાપુભાઈએ જાતે હળે જુતાઈને તે ખેડેલી અને તેમાં ભાત (ડાંગર) રોપેલું. આમ છતાં તે વખતે, પૈસા સસ્તા થવાને કારણે આજના જેવી મોંઘવારી નહોતી અને લોકોમાં જાતમહેનત અને કરકસરના સદ્‌ગુણ જીવન્ત હતા એટલે આજે જોવામાં આવે છે એવો જીવનકલહ તે વખતે હતો જ નહીં. ગરીબ સ્થિતિના ગણાતા લોકોને પણ સારો ખોરાક ભરપેટે મળી રહેતો. હા, આજના



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

જેવી બીજી આળપંપાળ તે વખતે નહોતી. બાપુભાઈને ગુજરાતી સાત ચોપડી પાસ થયા પછી માસિક રૂા. ૪)ની નોકરી મળી ત્યારે તો ઘરમાં આનંદ આનંદ થઈ ગયેલો. પછી એમને તલાટીની રૂા. ૧૨)ની નોકરી મળેલી. પિતાશ્રી હરિભાઈ સાત ચોપડી પાસ થયા પછી અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં સ્કોલર તરીકે દાખલ થયા અને સીનિયર ટ્રેન્ડ થયા. નાના કાકા ખંડુભાઈએ રાજપીપળા સ્ટેટમાં સર્વેયરની નોકરી લીધી. પાછળથી તેઓ જૂનાગઢ સ્ટેટની નોકરીમાં દાખલ થયેલા અને આખર સુધી ત્યાં જ રહેલા.

પિતાશ્રી હરિભાઈને સીનિયર થયા પછી તુકવાડા (તા. પારડી)માં નોકરી મળી, પછી સરસ (તા. ઓલપાડ)માં જ્યાં મહાદેવનો જન્મ થયેલો. મહાદેવનાં બાનું નામ જમનાબહેન. એ દિહેણ ગામનાં જ હતાં. પિયેરની સ્થિતિ પ્રમાણમાં સારી ગણાય. તેઓ બુદ્ધિમાં અને સ્વભાવમાં બહુ તેજ હતાં. આખું ગામ તેમની આમન્યા રાખતું. મહાદેવના શરીરનું કાઠું પિતાશ્રી જેવું હતું. રૂપ માતુશ્રીનું મળેલું. મહાદેવને સાત વરસના મૂકી સને ૧૮૯૯ના જૂન માસમાં લગભગ ૩૨ વર્ષની ઉંમરે માતુશ્રી ગુજરી ગયેલાં. માતા-પિતા બંને મહાદેવભાઈને બહુ લાડથી રાખતાં. બીજું કોઈ ધમકાવે તો માતુશ્રી તેને લડતાં અને કહેતાં કે છોકરાંને બિવરાવીએ તો એ બગડી જાય. મહાદેવભાઈએ માતુશ્રીનાં બીજાં કાંઈ સંસ્મરણો તો મને કહેલાં નહીં પણ માતુશ્રી પોતાને બહુ લાડથી ઉછેરતાં, પિતાશ્રીને માસિક પંદર રૂપિયા પગાર મળતો તેમાં પણ બાદશાહની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

જેમ રાખતાં. એની વાતો બહુ વાર મારી આગળ તેમણે કરેલી. માતુશ્રી ઘણીવાર શીરો કરીને ખવડાવતાં એ મહાદેવને ખાસ યાદ રહી ગયેલું.

પિતાશ્રી સ્વભાવે બહુ સરળ અને સીધા હતા. કોઈ પણ માણસ ઉપર વિશ્વાસ મૂકતાં તેમને વાર લાગતી નહીં. તેમની સ્મરણશકિત અને બુદ્ધિ બહુ તીવ્ર હતાં અને અક્ષર મોતીના દાણા જેવા હતા. ટ્રેનિંગ કૉલેજમાં ભણતા તે વખતની ઝીણા કાગળની સુંદર અક્ષરે લખેલી નોટો પછીના સ્કૉલરો પોતાના અભ્યાસ માટે લઇ જતા. તેમનું તેમ જ બાપુભાઈનું ગણિત બહુ જ સારું હતું. તેમાંયે બાપુભાઈ તો ગણિતમાં એટલા એક્કા હતા કે મહાદેવ કહેતા કે તેમને તક મળી હોત તો સિનિયર રૅંગલર થાય એવા હતા. અંગ્રેજી કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ અને હાઈ-સ્કૂલના માસ્તરો રજાઓમાં ગામ આવે ત્યારે અઘરા દાખલા તેમને પૂછવા આવતા. અને તેઓ તે ગણી આપતા. એક વખત ઘેર કાંઈ વરો હતો તે માટે સુરતથી બે ગાડાં ભરીને સામાન લાવેલા તેની યાદી દરેક સામાનની કિંમત અને વજન અથવા નંગ સાથે તેમણે ઘેર આવીને મોઢેથી જ લખાવેલી. હરિભાઈ રાતે બધા છોકરાઓને એકઠા કરી મોઢેથી જ લેખાં અને ગણિત શીખવતા. શિક્ષક તરીકેની આખી કારકિર્દી દરમ્યાન તેમણે કોઈ દિવસ ગણિતની ચોપડી હાથમાં પકડી નહોતી. બધી રીતો મોઢેથી જ શીખવતા અને નવા નવા દાખલા બનાવીને મોઢેથી જ લખાવતા. મહાદેવને પણ ગણિતમાં નિપુણતા વારસામાં મળી હતી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

નામું તેઓ કદી પદ્ધતિસર શીખ્યા ન હતા પણ તેની ઝીણવટમાં તેઓ સહેલાઈથી ઊતરી શકતા. બાપુની સાથે પાછળના વખતમાં તેમને મદદનીશો મળ્યા હતા પણ ઘણાં વર્ષો સુધી તેઓ એકલા જ બાપુનું કામ કરતા ત્યારે બધા ખર્ચનો અને રસ્તામાં મળેલાં દાનો તથા ભેટોનો પાઈએ પાઈનો હિસાબ રાખતા.

પિતાશ્રીનું ગુજરાતી વાચન બહુ વિશાળ હતું. સારાં સારાં ગુજરાતી પુસ્તકો સઘળાં જ તેઓ ચીવટથી વાંચી લેતા. સંસ્કૃત આવડતું નહીં પણ રામાયણ, મહાભારત તથા ગીતા અને ઉપનિષદો તે ઉપરની ટીકાઓ સાથે તેમણે વાંચ્યાં હતાં. ભજનો ગાવાનો પણ બહુ શોખ હતો. પરોઢિયે ઊઠીને પથારીમાં બેઠા બેઠા ભજનો ગાતા. શિક્ષણ-શાસ્ત્રમાં પણ એમને બહુ ઊંડો રસ હતો. આશ્રમમાં આવતા ત્યારે અમારી સાથે રાષ્ટ્રીય શિક્ષણની તેઓ ચર્ચા કરતા, અમરા વર્ગો જોવા આવતા, તે વિષે અમને સૂચનાઓ આપતા અને અમારી સાથે વાતો કરતા. ગામડા ગામમાં પ્રાથમિક શાળાના સામાન્ય શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી તે અમદાવાદની વીમેન્સ ટ્રેનિંગ કૉલેજના હેડમાસ્તરપદેથી નિવૃત્ત થયા. એમ જૂની ઘરેડમાં જ શિક્ષક તરીકે જિંદગીભર કામ કર્યું છતાં શિક્ષણની નવી દૃષ્ટિ સમજતાં અને સ્વીકારતાં તેમને વાર લાગતી નહીં. વિદ્યાર્થીઓને મારવામાં આવે તો જ તેઓ સારા થાય અને ભણે, એ માન્યતા જે વખતે મોટા મોટા શિક્ષણશાસ્ત્રીઓમાં પણ પ્રચલિત હતી તે વખતે પણ એ કદી વિદ્યાર્થીને મારતા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

નહીં પણ પોતાના પ્રેમથી વિદ્યાર્થીઓનાં દિલ જીતી લેતા. સુરત જિલ્લાનાં ગામડામાં ગાળ બોલવાનો રિવાજ બહુ હોવા છતાં—આજે પણ છે—તેઓ કદી ગાળ બોલતા નહીં, એટલું જ નહીં પણ તેમની હાજરીમાં બીજા બોલે તેની એમને ભારે ચીડ હતી. જે જે ગામમાં શિક્ષક તરીકે ગયા તે તે આખા ગામ ઉપર તેમણે બહુ સારી છાપ પાડી હતી, અને પ્રેમ સંપાદન કર્યો હતો. વળી તેઓ એટલા સ્વતંત્ર મિજાજના અને સ્વમાની હતા કે ઈન્સ્પેકટરોને પણ તેમની સાથે અદબથી વર્તવું પડતું. અમદાવાદમાં બનેલો એક પ્રસંગ મને બરાબર યાદ રહી ગયો છે. રજાઓમાં ટ્રેનિંગ કૉલેજની વિદ્યાર્થીનીઓનો એક દસબાર દિવસનો નાનો પ્રવાસ ત્યાંની ઍંગ્લોઇંડિયન લેડી સુપરીન્ટેન્ડેન્ટે ગોઠવેલો. જવાને આગલે દિવસે તેના કોઈ મિત્રે એને મળવા બોલાવી એટલે એણે હરિભાઈને ચિઠ્ઠી લખીને જણાવ્યું કે કાલે વિદ્યાર્થિનીઓ સાથે પ્રવાસમાં તમારે જવું. એમનો તો પિત્તો ઊછળ્યો. તરત જ લેડી સુપરિન્ટેન્ડેંટને જવાબ આપ્યો કે વિદ્યાર્થિનીઓ સાથે પ્રવાસમાં જવાનું કામ મારું હોય નહીં. હું આ ઉંમરે આવી રખડપટ્ટી કરી શકું નહીં, એટલું જ નહીં પણ તમે સાથે જાઓ એ જ શોભે, એ તમારી ફરજ છે. પેલી બિચારી ટાઢી થઈ, અને જવાનું કહેવા માટે દિલગીરી દર્શાવી. આમ કોઈ પણ પ્રસંગે અને જ્યાં જાય ત્યાં એમના સ્વમાનીપણાનો અને સંસ્કારિતાનો પ્રભાવ પડ્યા વિના રહેતો નહીં. એમનો ચળકતો ચહેરો અને પ્રેમાળ આંખો આજે મનઃચક્ષુ આગળ ખડાં થાય છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021



ગરીબ પણ સંસ્કારી અને બુદ્ધિમાન પિતાના હોશિયાર દીકરાની કેળવણી જે રીતે થાય એ રીતે મહાદેવની કેળવણી થઈ. માતુશ્રી નાની ઉંમરમાં ગુજરી ગયાં એટલે દાદીમા તેમની સંભાળ રાખતાં. ગુજરાતી પાંચ ચોપડી (અમારા વખતમાં ગુજરાતી પાંચ પૂરી કર્યા પછી અંગ્રેજીમાં જઈ શકાતું) પિતાની પાસે જે ગામમાં એમની નોકરી હોય તે ગામમાં ભણ્યા. પછી અંગ્રેજી ક્યાં ભણવું એનો વિચાર આવ્યો. તે વખતે આખા ઓલપાડ તાલુકામાં એકકે અંગ્રેજી નિશાળ નહીં. નજીકમાં નજીકની અંગ્રેજી નિશાળ સુરતમાં જ. ત્યાં પિતાશ્રીના પરમ સ્નેહી શ્રી ચંદુલાલ ઘેલાભાઈ દાક્તર શાહપોરમાં રહેતા. એમને ઘેર મહાદેવને મૂકી શકાય એમ હતું. પણ આવડા નાના દીકરાને સુરત જેવા શહેરમાં મૂકવાનો પિતાનો જીવ ચાલ્યો નહીં. (આ ચંદુલાલ દાક્તર જેમને મહાદેવની સાથે હું પણ દાક્તર કાકા કહેતો તેમનો મહાદેવ પ્રત્યેનો પ્રેમ અને મમતા એટલાં હતાં કે સને ૧૯૨૦માં જ્યારે મહાદેવને આશ્રમમાં ટાઈફોઈડ થયેલો ત્યારે સુરતથી આશ્રમમાં આવીને દોઢેક મહિનો રહેલા અને દવા આપવા ઉપરાંત જાતે સેવા ચાકરી પણ કરતા.)

## દિહેણમાં થયેલું સંસ્કારસિંચન

એટલામાં દિહેણ ગામમાં ગામના જ એક વતની, નૉન-મૅટ્રિક શ્રી મણિશંકર નામના ઔદીચ બ્રાહ્મણે અંગ્રેજી નિશાળ કાઢી. પોતાના જ ગામમાં નિશાળની સગવડ થઈ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એટલે મહાદેવને ત્યાં જ ઈ. સ. ૧૯૦૧ની સાલમાં અંગ્રેજી ભણવા બેસાડ્યા. એ વખતે મહાદેવને નવ વરસ પૂરાં થઈને દસમું ચાલતું હતું. આ શિક્ષક બહુ મહેનતુ, કર્તવ્યનિષ્ઠ પણ ક્રોધી હતા. જરા જરામાં ગુસ્સે થઈ જાય. તોફાની અને અટકચાળા વિદ્યાર્થીઓને પીલવણની સોટી મંગાવીને મારવા માંડે તે સોટી પૂરી થાય ત્યારે છોડે. પાંચછ છોકરાઓ, જેમાં મહાદેવના કાકાના દીકરા છોટુભાઈ પણ હતા, તેઓ તો પીલવણની સોટીને પણ ગાંઠતા નહીં; એટલે એમનાં તો માથાં પકડી ભીંત સાથે અફાળતા, અને ભીંત સાથે નાક ઘસાવતા. છતાં આ માસ્તર કેટલા સરળ અને પ્રેમાળ હતા તેનો એક દાખલો આપું. નાથુ નામના પોતાના એક ભાણેજને પોતાને ઘેર ભણવા રાખેલો. એને ગમે તેટલી સોટીઓ મારે પણ આંખમાંથી આંસુનું ટીપું ન પડે અથવા મોં પણ કસાણું ન થાય. ભીંત સાથે માથું અફાળવાના પ્રયોગો કરી માસ્તર થાકે એટલે બરાડા પાડે : "ભણ્યો, ભણ્યો! તારો બાપ મંદિરમાં સુખડવટો ઘસી ઘસીને મરી ગયો અને તું શું ભણવાનો!" થોડાં વરસ પછી પ્લેગ ફાટી નીકળ્યો તેમાં આ ભાણેજ ગુજરી ગયો. તે વખતે માસ્તરે જમીન પર આળોટીને નાના બાળકની માફક આક્રંદ કરેલું : "ઓ મારા નાથુ! મેં તને કેટલો મારેલો! મને શી ખબર કે તું આમ મરી જવાનો!" એમને કાંઈ સંતાન ન હતાં. ઘરમાં બૈરી સાથે ખીજવાય ત્યારે પણ આવું જ નાટક કરતા. પણ બે ઘડી પછી દિલમાં કશું રાખતા નહીં. મહાદેવ તો માસ્તરની આ મારપીટ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

જોઈને જ થથરતા. જોકે એમને આ માસ્તરનો માર ખાવાનો પ્રસંગ કદી નહીં આવેલો. આ માસ્તર અંગ્રેજી ત્રણ ધોરણ સુધીના ત્રણે વર્ગો સાથે ચલવતા. મહાદેવ પહેલા ધોરણમાં હતા ત્યારે પોતાના પાઠ તો એમને આવડતા જ પણ તે ઉપરાંત બીજા અને ત્રીજા ધોરણના પાઠો ચાલતા સંભળાય તે ઉપરથી બીજા અને ત્રીજા ધોરણના પાઠો તે તે ધોરણના વિદ્યાર્થીઓ કરતાં પણ સારા આવડતા. એટલે શિક્ષક એમના ઉપર બહુ પ્રસન્ન રહેતા. પાછળથી જ્યારે મહાદેવભાઈ અંગ્રેજી ભાષા અને સાહિત્યના વિદ્વાન તરીકે પ્રસિદ્ધિ પામ્યા ત્યારે પોતે મહાદેવને અંગ્રેજી ભણાવવાનો આરંભ કરેલો, તેનું બહુ અભિમાન લેતા. મહાદેવ પણ તેમના પ્રત્યે હમેશાં કૃતજ્ઞતાભાવ રાખતા. પોતાની કોઈ પણ ચોપડી તેમને ભેટ મોકલવાનું ચૂકતા નહીં. પોતે સંપાદન કરેલી 'અર્જુનવાણી' ભેટ મોકલેલી તેમાં લખેલું: 'આંગ્લભાષાના આદ્યગુરુને સપ્રણામ ભેટ'. ઉત્તરાવસ્થામાં શ્રી મણિશંકરભાઈ રાંદેર રહેવા ગયેલા. મહાદેવને સુરત જવાનું થાય ત્યારે ઘણુંખરું રાંદેર જઈ તેમને મળી આવતા. આ નિશાળ શ્રી મણિશંકરભાઈએ લગભગ ત્રીસ વર્ષ ચલાવી એટલે એ નિશાળ અને એના માસ્તરને જોવાનો લાભ મને પણ મળેલો. એક વખત હું દિહેણ ગયેલો અને માસ્તરને ખબર પડી કે મહાદેવનો એક દોસ્તદાર અમદાવાદથી આવ્યો છે એટલે એમણે અંગ્રેજીનો વર્ગ બહુ ચગીને લીધેલો. કેટલાક અંગ્રેજી શબ્દોની વ્યુત્પત્તિઓ મહાદેવ પાસેથી જ જાણી હશે તે વિદ્યાર્થીઓને સમજાવવા માંડી



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

અને ધાત્વર્થમાં રૂઢ અર્થ કેવી રીતે નીકળે છે તે સરસ રીતે વિદ્યાર્થીઓને શીખવ્યું. તે વખતે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધેલી અને ત્રણે ધોરણ પોતે એકલા ચલાવી શકે નહીં તેથી એક જ વર્ગને ત્રણ વરસ સુધી શીખવતા અને પહેલા ધોરણમાં દાખલ કરેલા વિદ્યાર્થીઓ ત્રીજું ધોરણ પાસ થઈ જાય ત્યારે નવા વિદ્યાર્થીઓને પહેલા ધોરણમાં લેતા. મહિનાનો એક રૂપિયો ફી લેતા. ત્રીસથી પાંત્રીસ વિદ્યાર્થીઓનો એમનો વર્ગ રહેતો. એ ફીની આવકમાંથી એમનું ગુજરાન ચાલતું. ગામમાં ઘણા છોકરાઓ એમને લીધે જ અંગ્રેજી શીખવા પામેલા.

રાતે જમ્યા પછી વર્ગના વિદ્યાર્થીઓને વાંચવા માટે ઘેર બોલાવે. કલાકેક ધર્મની વાતો કરે, સંધ્યા ગોખાવે અને નથુરામ શર્માએ કરેલા તેના અર્થ સમજાવે અને ત્યાર પછી લેસન કરાવે, એ એમનો ક્રમ હતો.

ફળિયામાં એક જીવણરામ વૈદ્ય કરીને સજ્જન રહેતા. એમનાં છોકરાંઓ એમને દાજી કહેતાં. તે ઉપરથી ગામનાં બધાં છોકરાં પણ દાજી કહેતાં. આ વૈદ્ય કંઈ વિદ્વત્-સમાગમમાં આવેલા હતા અને છોકરાઓને ધર્મ તરફ વાળવાનો તેમને શોખ હતો. તે ગામનાં છોકરાંઓને ભેગાં કરી ઉપનિષદોની નચિકેતા, ઉપમન્યુ, ઉદ્દાલક વગેરેની વાતો મોઢેથી કહેતા.

આ ઉપરાંત ચોમાસામાં હેલી હોય ત્યારે ખેતરમાં કામે જવાય નહીં તે વખતે ઘરડેરાઓ હાથે લખેલાં રામાયણ, મહાભારત કે ભાગવત વાંચતા. ચોમાસું પૂરું



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

થયે ગાગરિયા માણભટ્ટો આવતા તે મહાભારતમાંની કથાઓ લલકારતા અને રામલીલાવાળાઓ આવી રામાયણના નાટક દ્વારા રામકથાનો રસ લગાડતા.

ગામમાં એક સુરભાઈ શંકરજી કરીને ડિગ્રી વિનાના દાક્તર હતા. તેમને સંગીતનો શોખ હતો. તેમની પાસે મહાદેવ સંગીત શીખવા જતા. અને થોડા રાગ શીખેલા.

મહાદેવને સાત વરસની ઉંમરે જનોઈ દીધેલું. તે વખતે એમનાં બા જીવતાં. કાકાના બે દીકરાઓ જે મહાદેવ કરતાં સહેજ મોટા હતા તેમને પણ સાથે જ જનોઈ દીધેલું. પેલા મણિશંકર માસ્તરે જ ગાયત્રીમંત્ર ગોખાવેલો. એ મણિશંકરના એક ભાઈ અંકલેશ્વરનાં માસ્તર હતા. તે સંસ્કૃત સારું જાણતા. ઉનાળાની રજાઓમાં જ્યારે દિહેણ આવતા ત્યારે રાતે છોકરાઓને લઈને બેસતા અને કાલિદાસ કવિના કાવ્યોમાંથી શ્લોકો લઈને સમજાવતા તથા સંસ્કૃત સાહિત્યમાંથી વાતો કહેતા. આમ દિહેણમાં દોઢેક વરસમાં ત્રણ અંગ્રેજી ચોપડી પૂરી કરી તે દરમ્યાન ધર્મ અને સાહિત્યના સંસ્કારનું મહાદેવને સારું સિંચન મળ્યું.

## જૂનાગઢના અનુભવ

હવે આગળ અંગ્રેજી ભણવાનું શું કરવું એ વિચાર થયો. નાના કાકા જૂનાગઢમાં હતા ત્યાં મોકલવાનું નક્કી થયું. જીજા (બાપુભાઈ કાકા) લવાછા નામના ગામમાં તલાટી હતા. ત્યાંથી દાંડી બંદર એક માઈલ થાય. દાંડી અને ઘોઘા વચ્ચે મછવાની રોજની પેસેંજર સર્વિસ તી. તેનો કંટ્રાકટર ઓળખીતો હતો, તે ભાડું ન લે એટલે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ઘોઘા સુધી મફત જવાય એમ હતું એટલે મછવામાં જ ઘોઘા જવાનું ઠરાવ્યું. કાકાના દીકરાઓ છોટુભાઇ વગેરેને પણ સાથે જ મોકલ્યા. ઘાસતેલને દીવે વાંચે તો આંખ બગડે એમ કરી ઘેરથી દિવેલનો એક ડબ્બો ભરી આપ્યો. દરિયામાં ઊલટી કે બેચેની ન થાય તે માટે ખાવા સારુ સૂંઠ અને ગોળની ગોળીઓ કરી આપી. અને બે દહાડાનું ભાતું બાંધી આપ્યું. બપોરે ખાઈને દિહેણથી નીકળ્યા. ૧૯૦૨ની આખરનો ભાગ અથવા ૧૯૦૩ની શરૂઆત હશે. કાકી, કાકાના બે દીકરા, મહાદેવ તથા રાંદેરના એક ગૃહસ્થ જૂનાગઢમાં સર્વેયર હતા તેમનાં ધણિયાણી અને દીકરી એટલાં હતાં. ત્રણેક વાગ્યે દાંડી પહોંચ્યા. દાંડીથી મછવો સાંજે ઉપડ્યો. સામાન્ય રીતે મછવો દાંડીથી બાર કલાકે ઘોઘા પહોંચે. પણ રસ્તે અનુકૂળ પવન ન લાગ્યો એટલે બીજે દિવસે સવારે પહોંચવાને બદલે મછવો સાંજે ઘોઘા પહોંચ્યો. ઘેરથી પીવાના પાણીનો ઘડો ભરી લીધો હતો પણ મછવામાં ચઢતાં ઘડો ફૂટી ગયેલો અને ખારવાનું પાણી પીએ તો તો વટલાવાય એટલે છેક ઘોઘા પહોંચીને પાણી પીધું. ઘોઘામાં રાતે ધર્મશાળામાં સૂઈ રહ્યા. સવારે ટાંગો કરીને ત્યાંથી બાર માઈલ દૂર ભાવનગર પહોંચ્યા. ભાવનગરમાં પહેલી જ વાર હાથી જોયો. તેથી અમે બધાં છોકરા ખૂબ ખુશ થયેલાં એમ મહાદેવ કહેતા. હરગોવિંદભાઈ જેમને દક્ષિણામૂર્તિ સંસ્થાએ મોટાભાઈ તરીકે જાણીતા કર્યા છે એ ભાવનગરમાં સ્ટેશન માસ્તર હતા. આ હરગોવિંદભાઈ, રામનારાયણ પાઠકના પિતાશ્રી વિશ્વનાથભાઈ તથા જૂનાગઢવાળા ખંડુભાઈ કાકા એ બધા નથુરામ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

શર્માના શિષ્યો હોઈ ગુરુભાઈ઼ઓ હતા. હરગોવિંદભાઈએ ભાવનગરમાં એમનું સ્વાગત કર્યું અને એક ખાતું રિઝર્વ કરી આપી રાતની ગાડીમાં બેસાડી દીધા. ધોળા તથા જેતલસર જંકશનોએ ગાડી બદલી બીજે દિવસે બે વાગ્યે જૂનાગઢ પહોંચ્યા.

દ્વિહેણુવાળા માસ્તરે સર્ટિફિકેટ સાદા કાગળ ઉપર આટલું ભણ્યા છે એવું લખી આપ્યું હતું. એટલે પરીક્ષા લઈને જૂનાગઢ હાઈસ્કૂલમાં ચોથીમાં બેસાડ્યા. કાકી જરા કપરાં હતાં. ત્રણે છોકરાઓને સવારે પાંચ વાગ્યે ઉઠાડતાં. કાકા નથુરામ શર્માના શિષ્ય એટલે નિત્યકર્મથી પરવારી નાહી ધોઇને પહેલું કામ સંધ્યા કરવાનું રહેતું. પછી કુંડ ઉપર જઈ પોતપોતાનાં કપડાં ધોઈ આવવાનાં, ઘેર આવી દાળચોખા વીણી આપવાના ને પછી વાંચવા બેસવાનું. મહાદેવે કોઈ દિવસ કપડાં ધોયેલાં નહીં અને પાણીમાં ઊતરેલા નહીં. કુંડનાં પગથિયાં ઊતરતાં જ બીક લાગે. નીચે ઊતરતાં એટલા ગભરાય કે બેઠે બેઠે પગથિયાં ઊતરે. એટલે છોટુભાઈ એને ઉપર જ બેસાડી રાખતા અને પોતે કપડાં ધોઈ આપતા. કાકીને આની ખબર પડી એટલે ખિજાયાં કે જાતે કેમ કપડાં ધોતો નથી ? પછી તો છોટુભાઇએ કુંડમાં ધુબકા મારવા માંડ્યા. મહાદેવ રોતા રોતા ઘેર જઈ કહે : “છોટુ કૂવામાં ગબડી પડ્યો છે તે ડૂબી જવાનો.’ કાકી દોડતાં કૂવે પહોંચ્યાં, ત્યાં તો છોટુભાઇને તરતા જોઈ બોલ્યાં; ‘મૂઆને તરતાં આવડતું દેહું (દેખું).’ વાત કાકા પાસે ગઈ એટલે તેમણે છોકરાઓને કુંડે કપડાં



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ધોવા મોકલવાનો કાર્યક્રમ બંધ કરાવ્યો. કાકીએ કૂવા ઉપર કપડાં ધોવાં અને છોકરાઓએ વારાફરતી પાણી ખેંચી આપવું એમ નક્કી થયું. મહાદેવે કોઈ દહાડો પાણી ખેંચેલું નહીં. વારો આવે ત્યારે હાથ લાલચોળ થઈ જાય અને મોં રડવા જેવું થઈ જાય. એટલે છોટુભાઈએ એને પાણી ખેંચવામાંથી મુક્તિ અપાવી અને દાળચોખા એણે એકલાએ વીણવા એમ નક્કી થયું. ત્યાંની કૉલેજના કમ્પાઉન્ડમાં એક આંબો હતો. તેના મરવા તોડીને છોકરાઓ ખાઈ જતા. એક દિવસ છોટુભાઈ ઉપર ચઢેલા, તોડીને મરવા નાખે તે મહાદેવ તથા બીજો ભાઈ નીચે ઊભા ઊભા ખાય. એટલામાં રખેવાળ આવ્યો. તેણે નીચે ઊભેલા એ બેને પકડ્યા. છોટુભાઈને પકડવા આંબા ઉપર ચડ્યો એટલે એ કૂદીને નાસી ગયા. પેલા બેને હેડમાસ્તર આગળ હાજર કર્યા. તેમણે બંનેના ચાર ચાર આના દંડ કર્યો. ખંડુભાઈ કાકા દંડ માફ કરાવવા હેડમાસ્તર પાસે ગયા પણ તેમણે કહ્યું, 'હું જાણું છું કે આ છોકરાઓ તોફાની નથી, પણ પકડાયા છે એટલે મારે નિયમ ખાતર દંડ કરવો જ પડે.' જૂનાગઢમાં એક વરસ રહ્યા. તે આખું વરસ દરરોજ સંધ્યા, એકાદશીના તથા બીજા વ્રતના દિવસોએ ફરજિયાત ઉપવાસ, દર પખવાડિયે એરંડિયાનો જુલાબ એવો કાર્યક્રમ નિયમિત ચાલ્યો. નથુરામ શર્મા જૂનાગઢ આવ્યા હોય ત્યારે એમને દર્શને જવાનું. એ પૂછે: 'કેમ બંને વારની સંધ્યા કરો છો કે?' આમ જૂનાગઢમાં કાંઈક કડક શિસ્તનો અનુભવ થયો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

૩

## સુરત હાઈસ્કૂલમાં

એટલામાં પિતાશ્રીની બદલી અડાજણ ગામે થઈ. એ તાપીને પેલે પાર સુરતથી અઢી માઈલ જ દૂર થાય. એટલે અડાજણમાં રહી સુરત હાઈસ્કૂલમાં જઈ શકાય એમ હોઇ મહાદેવ તથા એમના કાકાના બે દીકરા એમ ત્રણે ભાઇઓને ચોથી પૂરી થયા પછી જૂનાગઢથી બોલાવી લીધા. અહીં ૧૯૦૩ની આખરમાં મહાદેવ અંગ્રેજી પાંચમા ધોરણમાં દાખલ થયા. શ્રી જીવણલાલ દીવાન ગણિત શીખવતા અને રોજ પહેલો સમય એમનો રહેતો. રોજ અડાજણ ગામથી આવવાનું અને શિયાળાના દિવસ એટલે વર્ગમાં પહોંચતાં પંદરવીસ મિનિટ મોડું થતું. તે માટે દીવાન માસ્તર એમને બાંકડા ઉપર ઊભા કરતા. મહાદેવ બિનતકરારે ઊભા રહેતા. પણ દીવાન માસ્તરે થોડા જ દિવસમાં જોયું કે છોકરો બહુ સાલસ છે અને ભણવામાં તો ભારે હોશિયાર છે એટલે આઠદસ દિવસમાં જ બાંકડા ઉપર ઊભા રાખવાનું બંધ કર્યું. મહાદેવ ઘણીવાર કહેતા કે દીવાન માસ્તર ભૂમિતિ બહુ સરસ શીખવતા તે હજી યાદ છે. ૧૯૦૬ના નવેમ્બરમાં પંદર વરસ પણ પૂરાં નહોતાં થયાં ત્યારે સુરત હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ થયા. 15817

### અડાજણના જીવનની આનંદમય બાજુ

ત્રણ વરસના અડાજણ ગામના વસવાટ દરમ્યાન સારા-માઠા અનેક અનુભવ થયા. રોજ અડાજણથી સુરત જવા

૨



19 OCT 1978
Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત
17/50

આવવાનું એટલે ખેતરોમાં ફરવાનું બહુ મળ્યું. જતી વખતે તો સીધા નિશાળે જતા પણ પાછા જતી વખતે ખેતરોમાં રસળતા રસળતા ઘેર જતા. અડાજણ સુરતની પાસે હોઈ ત્યાં ભાત અને જુવારનાં ખેતરોમાં વગર પીતનાં શાક લોકો કરે, તેમાં ખાસ કરીને સુરતી પાપડી. વળી નદીના ભાઠાનો લાભ પણ એને મળતો; તેમાં વેંગણ, મરચી, ચીભડાં વગેરે થતું. પ્રસિદ્ધ રાંદેરી બોરની બોરડીઓનાં ઝુંડ ને ઝુંડ રસ્તામાં આવે. ઘેરથી પડીકામાં મીઠું લેતા જાય અને કાકડી અને ચીભડાં મીઠા સાથે ખાતા ખાતા અને ફરતા ફરતા મોડા ઘેર પહોંચે. એપ્રિલ મહિનામાં સવારની નિશાળ થાય ત્યારે બોરની મોસમ હોય. નિશાળે જતી વખતે બોર વીણતા આવે તે શહેરના પોતાના દોસ્તદાર છોકરાઓને વહેંચે અને પાછા જતી વખતે બોર ખાતા ખાતા સાડા બાર એક વાગે ઘેર પહોંચે. પાપડીની મોસમમાં ગાંસડે ગાંસડા પાપડી સુરત વેચાવા જાય. મહાદેવ વગેરે ભાઈઓ ખેડૂતોને પાપડી વીણવામાં કોઈ કોઈ વાર મદદ કરતા. જ્યારે વીણવા જતા ત્યારે દસ શેર પાપડી એમને મળતી.

તાપીના પુલ ઉપર તે વખતે ટોલનું નાકું હતું. જવા-આવવાની છડા માણસ પાસેથી એક પાઈ અને પોટલાંવાળા પાસેથી બે પાઈ લેવામાં આવતી. નિશાળે જનારાઓ અને સરકારી નોકરોને ટોલનો ઈજારદાર માફી આપતો. પણ રવિવારને દિવસે કે મેળામાં આ લોકો સુરત જાય ત્યારે ટોલવાળો રોકતો. છોટુભાઈ તો પહેલેથી જ ખેપાની. તે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

પેલાને કહે : "રજાને દિવસે નિશાળે નથી બોલાવ્યા તેની તને શી ખાતરી? અમારી પાઈ લઈને તારો ઈજારો પૂરો થવાનો કે?" ત્યાંથી દિહેણ સાતઆઠ માઈલ થાય તે કોઈ કોઈ વાર ચાલતા જતા. સુરતના પુલથી રાંદેર સુધીના ટાંગાવાળો બે પૈસા લેતો પણ એવા બે પૈસા તેઓ કદી ખર્ચતા નહીં. બે પૈસાનો માવો કે ચણા લઈને ખાઈશું એમ વિચાર કરતા. એક વાર ફળિયામાં પટેલના છોકરાને ટાઈફોઈડ થયો. મહાદેવને એ છોકરા સાથે દોસ્તી એટલે મહાદેવ એને જોવા જાય અને શાહપોરવાળા ડૉ. ચંદુલાલ (દાક્તર કાકા)ની દવા ચાલે. એક દિવસ મોડી રાતે એની તબિયત વધારે બગડી આવી. મહાદેવ એને જોવા ગયા. આવીને છોટુભાઈને કહે: "દાક્તરકાકાને બોલાવી લાવવા જોઈએ. પણ અત્યારે રાતે બાર વાગ્યે જાય કોણ? હું બાપુજીને કહું. તું જશે?" છોટુભાઈએ કહ્યું: "રસ્તે વડ આગળ ભૂત છે, તેથી અત્યારે કોઈ જાયબાય નહીં. પણ પટેલ એમની ઘોડી આપે તો ઘોડી પૂરપાટ મારી મૂકું અને એક સાસે સુરત જાઉં." મહાદેવે પિતાશ્રીને વાત કરી અને છોટુભાઈને ઘોડી અપાવી. છોટુભાઈ દાક્તરને બોલાવી લાવ્યા. તેમણે દવા આપી અને પેલા છોકરાને કરાર વળ્યો. મહાદેવ કહે: "કેવું સારું થયું? આપણને શા પૈસા પડ્યા?"

૧૯૦૪માં સુરતમાં — ગુજરાતમાં લગભગ બધે જ — પ્લેગ ચાલ્યો એટલે નિશાળ બંધ થયેલી. દિહેણમાં પણ પ્લેગ ચાલતો. બાપુભાઈ કાકા હજીરાની નજીક ડામકા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

નામના ગામે તલાટી હતા, એટલે બધા છોકરાઓ બે મહિના ત્યાં રહેવા ગયેલા. એક વાર ત્યાં રામલીલા આવી તે પાંચછ દિવસ ચાલી. મહાદેવ, છોટુભાઈ વગેરે રોજ જોવા જતા. આ છોકરાઓ અંગ્રેજી નિશાળમાં ભણનારા એટલે ગામના કેટલાક કોળી લોકોએ દારૂતાડી સામે એમનાં ભાષણ ગોઠવ્યાં. મહાદેવ કહે: "હું તો પડદા પાછળ ઊભો રહીને ભાષણ કરું. બધાની સામે ઊભા રહીને બોલતાં તો મને શરમ આવે." પછી એ પ્રમાણે મહાદેવનું ભાષણ થયું. છોટુભાઈ તો સામે ઊભા રહીને જ બોલેલા. લોકોને એ ભાષણો ગમેલાં.

એક વાર અડાજણના પટેલનો છોકરો કહે: "આ મહાદેવ કોલો કોલો (ગોરો ગોરો) છે, એને કોટ પાટલૂન અને ટોપો પહેરાવીએ તો ખરેખરા સાહેબ જેવો લાગે. વળી એને અંગ્રેજીએ ફક્કડ બોલતાં આવડે છે. ખજૂરામાં તાડીનો માંડવો છે ત્યાં જઈને એના પારસીને ગભરાવીએ. હું પટેલ થઈશ, (છોટુભાઈને) તમે કારકુન થજો અને મહાદેવ સાહેબ થાય." પછી તો મહાદેવને શણગારીને સાહેબ બનાવ્યો, હાથમાં ફેન્સી સોટી આપી અને તાડીને માંડવે ગયા. સાહેબ આવે છે જાણી માંડવાવાળો ગભરાયો. પાણી ભેળવેલી તાડી હશે તે એણે ઢોળી નાખી. પટેલે સાહેબને માંડવો બતાવ્યો. સાહેબ તો ફડફડ અંગ્રેજીમાં બોલે અને છોટુભાઈ ગુજરાતીમાં બધું પૂછે. આમ પાંચેક મિનિટ ચાલ્યું. એટલામાં સાહેબને માથામાં ખજવાળ આવવાથી ટોપો ઉંચકવો પડ્યો. તેમાંથી ચોટલી બહાર નીકળી આવી. બધાને થયું કે ભેદ ઉઘાડો પડી જવાનો અને માંડવાવાળા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

પારસીનો માર ખાવાના. છોટુભાઈએ હિંમત રાખી કહ્યું: "સાહેબ વિલાયતના નથી, મદ્રાસ તરફના છે. હમણાં જ તાજા પાસ થઈને આવેલા છે." એમ કહી વધુ થોભ્યા વિના ઝટપટ ત્યાંથી ચાલતી પકડી. પણ નિશાળે જવાનો રોજનો રસ્તો એ માંડવા પાસેથી હતો. એટલે મહાદેવ કહે: "હવે એ રસ્તે નહીં જવાના, આપણને એ પારસી હવે ઠોકવાનો જો." થોડા દહાડા મોટી સડકને રસ્તે ચકરાવો ખાઈને જવાનું રાખ્યું.

## અડાજણના માઠા અનુભવ

આમ અડાજણના દિવસો આનંદમાં પસાર થતા હતા. જોકે તેની સારી બાજુની સાથે થોડી નબળી બાજુ પણ હતી. ગામમાં કેટલુંક વાતાવરણ અતિશય અસંસ્કારી અને મલિન હતું, તેના થોડા છાંટા ઊડ્યા વિના ન રહ્યા. જમીન બહુ ઉપજાઉ અને લોકો શહેરમાં શાકભાજી અને દૂધ વેચે એટલે એ પૈસા કમાય પણ ખરા. પણ એ ધનની સાથે શહેરના નજીકપણાને લીધે શહેરના સડા પણ ગામમાં આવેલા. કોઈ કોઈ છોકરા તો શહેરમાં જઈને બગડી આવે અને જાણે મોટું પરાક્રમ કરી આવ્યા હોય તેમ એની વાતો કરે. એક પર બીજી કરવાની, બૈરાંને કાઢી મૂકવાની, એવી બધી વાતો પણ સાંભળવાની મળે. પોંકની મોસમમાં સુરતથી સહેલાણીઓ પોંક ખાવા આવે તેઓ પણ સાથે શહેરનો કંઈક ગંદવાડ લાવે. આ બધું તે વખતે પૂરું સમજેલા નહીં. પણ તેની અસર કુમળા મન ઉપર પડ્યા વિના ન રહે. એક વખત તો એક છોકરાએ મહાદેવને રાતે કોઈ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

છોકરી પાસે લઈ જવાનું ગોઠવ્યું. ઉનાળાના દિવસ એટલે ફળિયામાં ખાટલા નાખી બધા સૂઈ રહે. પેલો છોકરો મહાદેવને બોલાવવા આવ્યો. પણ રાતે ઊઠીને જવાની મહાદેવની હિંમત ન ચાલી. મને તો ઊંઘ આવે છે, હું તો નહીં આવવાનો, એમ કહી મહાદેવે પેલા છોકરા સાથે જવાની ના પાડી. આમ હિંમતને અભાવે બચવા પામ્યા. ત્યાર બાદ લગભગ બાવીસ વર્ષે સને ૧૯૨૮માં બારડોલી-ચોર્યાશી તાલુકાની જમીનમહેસૂલ તપાસ કમિટી આગળ ખેડૂતોનો કેસ રજૂ કરવા મહાદેવ અને હું સાથે ફરતા અને અમારે અડાજણ ગામે પણ જવાનું થયેલું ત્યારે તે વખતની આ અને બીજી કેટલીક વાતો દુઃખ સાથે યાદ કરીને મહાદેવે કહેલું, "આવા ગંદવાડની વચ્ચે રહીને શુદ્ધ રહેવા પામ્યો તે મારો દહાડો પાધરો અને ઈશ્વરની મારી ઉપર મોટી મહેર તેથી જ."



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૪

## લગ્ન

મહાદેવનાં લગ્ન ૧૯૦૫માં અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતા ત્યારે થયેલાં. મહાદેવભાઈ કરતાં દુર્ગાબહેન એકાદ વરસે નાનાં છે. એમનું પિયર નવસારી પાસે કાલિયાવાડમાં. એમના પિતાશ્રી ખંડુભાઈ લલ્લુભાઈ દેસાઈ કેળવણી ખાતામાં ડેપ્યુટી ઈન્સપેક્ટર હતા. મહાદેવનું કુટુંબ કુળવાન તો ગણાય, પણ સ્થિતિ ગરીબ. ખંડુભાઈ રહ્યા કેળવણી ખાતાના એટલે શાળામાં જઈને છોકરો કેવો છે તેની તપાસ કરી. બધા શિક્ષકોએ કહ્યું કે છોકરો ભારે હોશિયાર અને સુંદર છે. દુર્ગાબહેન તો મોહિત પછી થવાનાં હતાં પણ એમના પિતાશ્રી તો મહાદેવભાઈને જોઈને જ મોહિત થઈ ગયા, અને આર્થિક સ્થિતિનો કશો વિચાર કર્યા વિના, ‘વરમાંથી ઘર થાય’ એ ન્યાય સ્વીકારી એમણે તો નિશ્ચય પાકો કરી નાખ્યો. ખંડુભાઈ શ્રેયઃસાધક અધિકારી વર્ગના સ્થાપક નૃસિંહાચાર્યના શિષ્ય હતા, અને એમનું કુટુંબ પણ ભગત કહેવાતું. જોકે એ સાચા અર્થમાં ભક્ત હતા. દુર્ગાબહેનનું શાળાનું ભણતર ગુજરાતી છ ચોપડી સુધીનું થયેલું, પણ નાનપણમાં જ શ્રેયઃસાધક વર્ગની ચોપડીઓ અને બીજાં ભજનો પણ ઘણાં વાંચેલાં. આપણે આગળ જોઈશું કે મહાદેવભાઈમાં પણ ભક્તિના સંસ્કાર ઊંડા પડેલા હતા, એ રીતે અનાયાસે, કશી પસંદગી કરવા ગયા વિના સુયોગ્ય જોડું મળી ગયું.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

દુર્ગાબહેન કહે છે કે પરણીને સુરતથી દિહેણ જતાં મારામાં અમારી સાથે બે ભાભીઓ બેઠેલી હતી. મહાદેવ બોલવામાં અને વાર્તાવિનોદ કરવામાં તો પહેલેથી જ ચબરાક હતા. એટલે એમણે આખે રસ્તે ભાભીઓ સાથે ઠઠ્ઠામશ્કરી કરેલાં. એ સાંભળીને દુર્ગાબહેનને મનમાં થતું કે આવી વાતો શું કરતા હશે? ભાભીઓ કહે: “નહોતા પરણવાના ને કેમ પરણ્યા? ચોરીમાંથી ઊઠીને નાસી જવાના હતા ને કશું બોલ્યા ચાલ્યા વિના ફેરા તો ફર્યા?” મહાદેવભાઈ કહે, “પણ મને વહુ ના ગમે તો હું નહોતો પરણવાનો ને? આ તો મને ગમી ગઈ એટલે શાનો ના કહું કે ઊઠી જાઉં?” આવા વિનોદો ઉપરાંત આખે રસ્તે ભાભીઓની તરેહતરેહની મશ્કરીઓ પણ કરે. દુર્ગાબહેન શ્રેયઃ-સાધક વર્ગના ચોખલિયા વાતાવરણમાં ઊછરેલા એટલે આવા નિર્દોષ પણ ગ્રામીણ લાગતા વિનોદમાં એમને અસંસ્કારિતા અને અસભ્યતા લાગી. પછી જ્યારે ઘર આગળ મારો પહોંચ્યો અને ઊતરવાનું કહ્યું ત્યારે માટીનું ખોરડું જોઈને પહેલાં તો આ ઘર આપણું હશે જ નહીં, આ તો કોઈ દૂબળા કે કોળીનાં ઝૂંપડાં હશે એમ થયેલું. આ પ્રથમ છાપ છે. પછી તો જે રીતે બધાં સાસરિયાં એમની સાથે વર્ત્યાં અને ઘરના સંસ્કારનો પણ અનુભવ થયો એટલે એ છાપ તરત ભૂંસાઈ ગઈ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૫

મહાદેવ મૅટ્રિક કલાસમાં હતા ત્યારે જ પિતાશ્રીની બદલી વલસાડ થઈ. પણ છેલ્લા વર્ષમાં છોકરાઓને સ્કૂલ બદલી ન કરાવવી એ વિચારથી અડાજણનું ઘર ચાલુ રાખ્યું. એટલે સુરત હાઁઈસ્કૂલમાંથી જ ૧૯૦૬ની આખરમાં મહાદેવ મૅટ્રિક થયા. એ કહેવાની જરૂર નથી કે નિશાળમાં તેઓ પહેલો નંબર રાખતા અને મૅટ્રિકની પરીક્ષામાં પોતાની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં પહેલે નંબરે આવ્યા હતા. પરીક્ષા આપવા મુંબઈ જવું પડેલું. મહાદેવની ઉંમર બહુ નાની એટલે પિતાશ્રી એમને મુંબઈ મૂકવા ગયેલા. મુંબઈમાં પોતાના પિત્રાઈ બનેવીને ત્યાં ગ્રાન્ટરોડ પર ઊતરેલા, પિતાશ્રીને નોકરી રહી એટલે એ તો મૂકીને તરત પાછા ફર્યા. મહાદેવ પરીક્ષાના મંડપમાંથી ઘેર આવતા રસ્તો ભૂલી ગયા અને સડક પર ઊભા ઊભા રડવા લાગ્યા. છેવટે પોલીસે તેમને બતાવેલ સરનામે ઘેર પહોંચતા કર્યા. મહાદેવ ઘણી વાર કહેતા કે નાની ઉંમરમાં મૅટ્રિક પાસ થવું એમાં કશો મોટો ગુણ તો નથી જ પણ સર્વાંગી વિકાસની દૃષ્ટિએ ઇષ્ટ પણ નથી. હું પણ એ જ સાલમાં મૅટ્રિક પાસ થયેલો. અમે પાસ થયા એને બીજે જ વરસેથી સોળ વર્ષ પૂરા કર્યા વિના મૅટ્રિકની પરીક્ષામાં ન બેસી શકાય એવો નિયમ થયેલો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## કૉલેજની હૉસ્ટેલમાં

સને ૧૯૦૭ના જાન્યુઆરીમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. પિતાશ્રીને તે વખતે માસિક રૂ. ૪૦ પગાર મળતો એટલે ઘરને ખર્ચે તો મુંબઈમાં રહી ભણી શકાય એવી સ્થિતિ ન હતી. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં ફ્રી બોર્ડર તરીકે દાખલ કરવા અરજી કરેલી, તેમાં જગ્યા મળવાની પૂરી આશા હતી પણ જવાબ મળતાં દસેક દિવસની વાર થઈ. એટલો વખત એલ્ફિન્સ્ટન કૉલેજની હૉસ્ટેલમાં રહ્યા. હૉસ્ટેલના પહેલા દિવસનું વર્ણન કરતાં મહાદેવ કહેતા કે ત્યાંના છોકરાઓની સાહેબી વાતવાતમાં નોકરોને હુકમ કરવાની અને પૈસા ખરચી નાખવાની ટેવ, રસોડામાં વિવિધ વાનીઓ, બબ્બે શાક, દૂધપૂરીનાં વાળુ અને ખાવા કરતાં તો પાર વિનાનો વધારે બગાડ, એ બધું જોઈ હું તો હેબતાઈ જ ગયો. પહેલે દિવસે તો મોંમાં કોળિયો જ ન પેસે. આવા ખર્ચના પૈસાનો બોજો પિતાશ્રી ઉપર નંખાય જ કેમ? પિતાશ્રી ઘેર શું ખાય છે અને કેવી રીતે રહે છે અને હું આવી મોજ ભોગવું! જોકે પિતાશ્રી કોઈ વાતની ના પાડે તેવા નહોતા તેની પણ ખાતરી જ હતી. પણ પિતાશ્રી ના પાડે એવા નહોતા, જમીન વેચીને પણ ભણાવે એવા હતા, તેથી તો તેમની સ્થિતિના વિચાર ઊલટા વધારે આવતા હતા. પહેલી રાત આખી રોઈ રોઈને કાઢી. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગની આશા હતી તેથી જ હૈયું કઠણ કરી ત્યાં રોકાયા અને દસ દિવસ દુઃખે પાપે વિતાવ્યા.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એટલામાં બોર્ડિંગમાં પ્રવેશ મળ્યો. તેની સાથે કૉલેજની એક સ્કૉલરશિપ પણ મળી એટલે પિતાશ્રી ઉપર જરા પણ બોજો નાખવાપણું ન રહ્યું. લગભગ આવી જ મૂંઝવણ ઇન્ટર પાસ થયા પછી અનુભવેલી. ગો. તે. બોર્ડિંગમાંથી રહેવાનું, ખાવાનું, કપડાં તથા કૉલેજની લગભગ અડધી ફી (મુંબઈમાં જે કૉલેજની ઓછામાં ઓછી ફી હોય તેટલી બોર્ડિંગ તરફથી મળતી. વિદ્યાર્થીને ભારે ફી વાળી કૉલેજમાં જવું હોય તો વધારાની ફી પોતે આપવી પડતી.) એટલું મળતું. પણ ચોપડીઓનું, ટ્રામલોકલનું, ચાનાસ્તાનું એમ બીજું પરચૂરણ ખર્ચ થાય તે સ્કૉલરશિપમાંથી કાઢતા. ઇન્ટરની પરીક્ષામાં સ્કૉલરશિપ મેળવવા માટે જોઈએ તે કરતાં એક નંબર નીચે આવ્યા. એટલે અભ્યાસ ચાલુ રાખવો કે કેમ તેની મૂંઝવણમાં પડ્યા. પિતાશ્રીને ખબર નહીં આપેલી. કારણ કે તેઓ તો કોઈ પણ ભોગે અભ્યાસ ચાલુ રાખવાનો આગ્રહ કરે એમ હતા. પહેલા વર્ષથી જ શ્રી વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા મહાદેવભાઈના સહાધ્યાયી હતા, એને બેને સારી દોસ્તી બંધાઈ ગઈ હતી. એ મહાદેવ કરતાં ઉપલે નંબરે પાસ થયેલા એટલે એમને સ્કૉલરશિપ મળતી હતી. પણ મહાદેવની મૂંઝવણની ખબર પડી એટલે પોતાના પિતાશ્રીની પરવાનગી મેળવીને, જે એમણે સહર્ષ આપી હતી, મહાદેવને તેમ કૉલેજમાં બીજા કોઈને કશી જાણ કર્યા વિના મહાદેવભાઈના લાભમાં પોતાની સ્કૉલરશિપ જતી કરી. સર લલ્લુભાઈ જેમને એમના દીકરાઓની જેમ મહાદેવભાઈ પણ લલ્લુકાકા કહેતા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

તેઓ મહાદેવભાઈ ઉપર વાત્સલ્યભાવ રાખતા અને તેમનું આખું કુટુંબ મહાદેવભાઈને કુટુંબીજન ગણતું.

## ગર્ભશ્રીમંત સ્વભાવ

ગરીબાઈનો આવો અનુભવ થતાં કેટલાક માણસોના દિલમાં થોડીઘણી કટુતા આવી જાય છે, ધનનું મહત્ત્વ તેમને વધારે ભાસે છે અને ધનની ઝંખના પણ રહ્યાં કરે છે. પણ આ જાતની કોઈ પણ વૃત્તિ મહાદેવના દિલમાં કદી પ્રવેશ મેળવવા પામી નહોતી. ગોવર્ધનરામે ગર્ભ-શ્રીમંતનો જે ખાસ અર્થ 'સરસ્વતીચંદ્રમાં'માં કર્યો છે કે અર્થની જે ઝંખના ન કરે અને આર્થિક ન્યૂનતાને કારણે જેનું મન જરા પણ ઉદ્વેગ ન પામે, એ અર્થમાં તેઓ સ્વભાવે જ ગર્ભશ્રીમંત હતા. કૉલેજમાં હતા તે વખતે મહાદેવભાઈના વ્યક્તિત્વની પોતાની ઉપર કેવી છાપ પડી હતી તેનું વર્ણન કરતાં શ્રી વૈકુંઠભાઈ લખી જણાવે છે:

"કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંબંધ મીઠો હોય છે તેમ કડવાશનો અનુભવ પણ થાય છે. ચાર વર્ષ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં સાથે ગાળ્યાં તે દરમ્યાન એક્કે આકરો અથવા કઠોર શબ્દ તેમની પાસેથી સાંભળ્યાનું સ્મરણ નથી.

"ગાંભીર્ય શરૂઆતથી જ તેમનું મુખ્ય લક્ષણ હતું. વિદ્યાર્થીઓના જીવનમાં વિનોદ હોય છે તેનાથી તેઓ રહિત હતા એમ હું સૂચવતો નથી. પણ અધ્યાપકો અગર સહાધ્યાયીઓની નિંદા અથવા તો રમતગમતનો ચડસ તેમનામાં મેં જોયાં નહોતાં. જ્યારે મળવા અને વાત



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

કરવાનો પ્રસંગ આવે ત્યારે અભ્યાસની અને દેશના જીવનની જ વાતો કરવાની ઉત્સુકતા તેમનામાં હતી. વાર્તાલાપનો શોખ તેમનામાં પહેલેથી જ હતો પણ તેમાં પ્રવીણતા તો જેમ જેમ તેમના વ્યક્તિત્વનો વિકાસ થયો તેમ તેમ વધતી ગઈ."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## રમતગમતનો શોખ નહીં

અહીં એમના જીવનની એક ખાસ હકીકત નોંધી લઉં. વૈકુંઠભાઈએ લખ્યું છે કે રમતગમતનો ચડસ મેં એમનામાં જોયો ન હતો. ચડસ તો શું, એક પણ રમત — બેઠી કે મેદાની — એનો એમને શોખ ન હતો અને આવડતી પણ નહીં. પાનાં ન રમ્યો હોય એવો ભાગ્યે જ કોઈ માણસ મળી આવે. પણ એ કદી પાનાં પણ રમ્યા નહોતા. દોડવાકૂદવાની કે ક્રિકેટની કે એવી બીજી કસરતી રમતો પણ તેઓ રમ્યા ન હતા. મૅચો કે સ્પોર્ટ્સ જોવા જવાનું પણ તેમને કદી મન થતું નહીં. અમદાવાદમાં સાધારણ રીતે બધા વકીલો ગુજરાત કલબના મેમ્બર થાય છે અને ત્યાં પાનાં, ચેસ, બિલિયર્ડ, ટેનિસ વગેરે રમતો રમે છે. મહાદેવ વકીલાત માટે અમદાવાદમાં વરસ ઉપર રહ્યા હશે પણ ગુજરાત કલબના મેમ્બર નહીં થયેલા. તેને બદલે ભદ્ર પાસે હીમાભાઈ ઇન્સ્ટિટયૂટ છે તેના મેમ્બર થયેલા. એની લાઈબ્રેરીમાં ચોપડીઓ જુનવાણી વધારે હતી. એનું વાર્ષિક બજેટ પણ નાનું હતું. એટલામાંથી પણ મહાદેવે મેમ્બર થયા પછી સારી સારી ચોપડીઓની ભલામણ કરીને મંગાવરાવેલી. એ અમદાવાદ રહ્યા તે અરસામાં મેં પણ કલબમાં જવાનું બહુ ઓછું કરી નાખેલું. કોર્ટમાંથી અમે હીમાભાઈ ઇન્સ્ટિટયૂટમાં જઈએ અને ત્યાંથી ફરવા જઈએ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

સાબરમતી નદીમાં ચોમાસામાં પૂર ઊતરી ગયા પછી પાણી વધારે હોય અને સ્વચ્છ થયાં હોય ત્યારે તરવાની બહુ મઝા આવતી. એક ચોમાસામાં તો બાપુજી પણ નિયમિત તરવા આવતા. પણ મહાદેવે તરવાનું શીખવાનો પ્રયત્ન પણ કદી કર્યો નહીં.

## એકમાત્ર ચાલવાની કસરત

રોજ નવજીવનમાં અને પ્રાંતિક સમિતિમાં ચાલતા જતાઆવતા ત્યારે મેં એમને બહુ આગ્રહ કર્યો કે તમે સાઇકલ શીખી જાઓ, હું તમને ચાર દિવસમાં શિખવાડી દઈશ. પણ માત્ર એક જ દિવસ શીખવા આવ્યા અને સહેજ વાગ્યું એટલે બીજે દિવસથી બંધ કર્યું. કહે કે વખતે કાંઈ કથોલું વાગી જાય અને લાંબો વખત અટકી પડવું પડે તેવું જોખમ ખેડવા કરતાં ચાલતા જવાનું જ સારું છે, એમાં વ્યાયામ પણ મળી રહે છે. ચાલવાનો એમને સારો શોખ હતો. કોઈ જાતનો પદ્ધતિસર વ્યાયામ નહીં કરેલો એટલે એમનું શરીર સ્નાયુલ ન હતું પણ કસાયેલું નહોતું એમ ન કહી શકાય. અમદાવાદમાં જ્યારે પાનકોરને નાકે અને સારંગપુર દરવાજે નવજીવન હતું ત્યારે આશ્રમમાંથી ઘણી વાર ત્યાં જવાઆવવાનું થતું. તેમની ચાલ તેજ હતી. કલાકના ચાર માઈલ સુધીની ગતિથી એ ચાલી શકતા. ૧૯૧૮ના સૈન્યભરતીના વખતમાં લાંબી કૂચનો અભ્યાસ પાડવા ખાતર, નડિયાદમાં હિંદુ અનાથાશ્રમમાં રહેતા ત્યાંથી સવારે વહેલા ઊઠી દરરોજ નવ માઈલ જતા અને નવ આવતા એમ અઢાર માઈલ



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ચાલતા અને પછી આખો દિવસ બાપુનું બધું કામ કરતા. બાપુજી વર્ધા મગનવાડીમાંથી સેવાગ્રામ રહેવા ગયા ત્યારે પહેલાં તો એમનો વિચાર ત્યાં એકલા જ રહેવાનો હતો. એટલે મહાદેવભાઈ મગનવાડીમાં જ રહેલા. ત્યાંથી લગભગ બારેક વાગ્યે સેવાગ્રામ સાડાપાંચ માઈલ જતા અને સાંજે પાછા આવતા. કોઈ કોઈ વાર કોઈ વિશેષ કામ હોય ત્યારે તો બે વાર અને તેય બપોરના તાપમાં જવા-આવવાનું થતું. તેવા દિવસોએ તો અગિયારને બદલે બાવીસ માઈલ થતા. એમની તબિયત લથડવામાં, બ્લડ પ્રેશર વગેરે થવામાં આ વસ્તુ કારણરૂપ બન્યાનો સંભવ છે. કારણ એમનું શરીર તાપ સહન કરી શકતું નહીં.

## નાજુક છતાં ખડતલ

આટલું ચાલવા છતાં સવારે અને રાતે એમના લખવા-વાંચવાના અને કાંતવાના કામમાં ન્યૂનતા આવતી નહીં. એમનો મુખ્ય વ્યાયામ જ ચાલવાનો હતો અને એ વ્યાયામ દ્વારા તેઓ પોતાનું શરીર બરાબર દુરસ્ત રાખતા. મહાદેવભાઈ દેખાવ ઉપરથી કોમળ અને નાજુક લાગતા. પણ બાપુજી સાથે કેટલીક વાર સતત પ્રવાસમાં હમાલીથી માંડીને લેખનપ્રવૃત્તિ અને બાપુજીના એલચી બનવાનું શરીર અને મન ઉપર ઠીક ઠીક તાણ પડે એવું કામ કરવા છતાં બીજા વધારે મજબૂત દેખાતા માણસો માંદા પડી જતા અને ભાંગી જતા ત્યારે તેઓ હમેશાં ટકી રહેતા. આમાં ચાલવાની ટેવ ઉપરાંત ખાવામાં સંયમ, હંમેશાં થોડું ઓછું ખાવાની ટેવ એ મુખ્ય કારણ હતાં.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

બાપુ સાથેના પ્રવાસમાં દરેક સ્ટેશને એમના રસાલા માટે ઢગલા ખાવાનું આવે. તેની સામે રક્ષણ તરીકે દિવસમાં ત્રણ વાર ખાવાનો નિયમ તેમણે વરસોથી રાખ્યો હતો અને પાળ્યો હતો. ત્રણ વાર ખાવું એટલે તે ઉપરાંત ચા દૂધ તો નહીં જ પણ મોંમાં એલચીનો દાણો પણ ન મૂકવો અને ભૂલમાં મૂકી જવાય તો એને એક વેળ ગણી લેવાની. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં રોટલી ભાખરી બહુ સારાં થતાં નહીં અને ઘણી વાર છોકરાઓ બદહજમીથી માંદા પડી જતા, પણ મહાદેવ કૉલેજમાં ચાર વરસમાં કદી માંદા નહોતા પડ્યા. તેનું મુખ્ય કારણ એમની ખૂબ ચાલવાની અને પેટ ઊણું રાખી ભાણા ઉપરથી ઊઠી જવાની ટેવ એ હતું. પેટ તણાય એટલું જમેલા મેં એમને કદી જોયા નથી. અને ગમે તેવું ભોજન હોય તોપણ ભોજનના મદથી શરીરમાં આળસ ભરાઈ હોય એવા પણ જોયા નથી. કોમળ અને નાજુક દેખાતા હોવા છતાં મજબૂત અને ખડતલ દેખાતા શરીરવાળા કરતાં પોતાના શરીર પાસેથી તેમણે ઘણું વધારે કામ હમેશાં લીધું છે.

રમતોનો શોખ પોતાને ન હતો, છતાં એ કેળવણીનું બહુ ઉપયોગી અંગ છે અને જીવનવિકાસમાં તેનું ઘણું મહત્ત્વ છે એ તેઓ બરાબર સમજતા અને સ્વીકારતા. તેથી પોતાના દીકરા નારાયણને તથા બીજાં બાળકોને જુદી જુદી રમતો રમવાનું બહુ પ્રોત્સાહન આપતા. કોઈ રમતમાં નારાયણ પ્રવીણતા બતાવે તો તેથી બહુ ખુશ થતા.

૩



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એક વાર સિમલામાં આરામ માટે એક મહિનો રહેલા ત્યારે નારાયણ બૅડમિન્ટન રમવાનું શીખે એ ખાતર પોતે તેની સાથે રમતા. તેમને માટે તો રમવાનો પ્રયોગ આ પહેલો અને છેલ્લો જ હતો. નારાયણને ઉત્તમ તરતાં આવડે, ઉત્તમ સાયકલ આવડે તેને માટે પણ બહુ કાળજી રાખતા. અને એ કોઈ પણ રમતમાં કે કામમાં પ્રવીણતા બતાવે ત્યારે બહુ ખુશ થતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૭

## ખેલદિલી અને વિનોદવૃત્તિ

વળી એમને રમતો નહીં આવડતી અને રમતોનો શોખ પણ નહોતો છતાં જેને ખેલદિલી (સ્પૉર્ટ્સમૅનશિપ) કહે છે તે એમનામાં પૂરેપૂરી હતી. કોઈના દોષ જોવાની તો તેમને આદત જ ન હતી. બીજાના ગુણ જોવા અને એ ગુણ ગ્રહણ કરવા તેઓ હમેશાં તત્પર રહેતા. નકામા ટોળટપ્પા અથવા કૂથલીમાં તેઓ કદી પોતાની એક મિનિટ પણ બગડવા દેતા નહીં એ અર્થમાં એ ગંભીર પ્રકૃતિના કહેવાય પણ તેમનો સ્વભાવ એટલો વિનોદી હતો અને ગમે તેવા મહત્ત્વનાં કામો કરતી વખતે પણ તેમાં અનાયાસે, અને સહજ રીતે એવો વિનોદ ભેળવી દેવાની તેમનામાં કળા હતી કે ભારે કામ ચાલતું હોય ત્યારે પણ જાણે વિનોદ ચાલતો હોય એવું આનંદ અને ઉત્સાહનું વાતાવરણ પોતાની આસપાસ તેઓ જમાવતા.

આશ્રમમાં શરૂઆતના દિવસોમાં અમારા ફળિયામાં કાકાસાહેબ, કિશોરલાલભાઈ, મહાદેવભાઈ, છગનલાલ ગાંધી, પંડિતજી ખરે અને મારું એમ અમારાં મકાન હારોહાર હતાં. ગમે તેટલું કામ હોય પણ અમારે ત્યાં સંગીત — શાસ્ત્રીય તેમ જ સાદું — સાહિત્યચર્ચા, કળા-વિવેચન અને વાર્તાવિનોદનું વાતાવરણ જામેલું રહેતું. અને તેમાં હાસ્યના હમેશાં જાણે ફુવારા ઊડતા. જેણે બાપુજીને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

નજરે ન જોયા હોય અને કેવળ એમના આદર્શોનું જ સાંભળ્યું હોય—કારણ બાપુજી પાસે પણ ભારે કામોમાં અને ગંભીર પ્રસંગોમાંયે હાસ્યવિનોદ ચાલતા જ રહેતા—તે જો અમારા ફળિયામાં આવીને જુએ તો એને શંકા જાય કે આ બધું આશ્રમજીવન સાથે સુસંગત હશે કે કેમ? આશ્રમના બીજા ભાગમાં રહેતાં એક બહેન, જેમના પતિ શાંત સ્વભાવના અને ઓછાબોલા હતા, તેઓ ઘણી વાર એમના પતિને કહેતાં કે તમે આખો દિવસ કામ કામ કરો છો પણ પેલા ફળિયામાં બધાં રહે છે તે કામ નહીં કરતાં હોય? પણ આપણે ત્યાં જઈએ ત્યારે કેવું 'ગોકળ-પરી' (ગોકુળપુરી) જેવું લાગે છે. આ ઉપમાને યોગ્ય અમારું ફળિયું થયું હોય તો તેમાં મહાદેવનો ફાળો બહુ મોટો હતો. જે વિનોદ ન કરી શકે અથવા ન સમજી શકે, તેમ રસસ્વાદ ન માણી શકે, વસ્તુ સાનમાં ન સમજી જાય, એવાઓને માટે મહાદેવ 'ઠોળ', 'જડો' તથા 'બાઘો' શબ્દ પણ વાપરતા. એમની સાથે કામ કરવામાં પૂરતી હોશિયારી ન બતાવે, નકામી નકામી વાતો બાપુજી પાસે લઈ જઈ તેમનું માથું પકવે અથવા બાપુની સૂચનાઓ અને યોજનાઓ બરાબર સમજ્યા વિના, તેનો અમલ શી રીતે થશે તથા તેનાં પરિણામો કેવાં આવશે એ બધાનો વિચાર કર્યા વિના તેમાં ઝટઝટ હા ભણે, એવાઓ પણ તેમનાં આ વિશેષણોને પાત્ર થતા. પ્રો. બ. ક. ઠાકોરે એક સ્થળે ટીકા કરી છે કે મહાદેવ દેસાઈ જેવા વ્યુત્પન્ન લેખક પણ સુંદર, અદ્‌ભુત જેવાં અતિશય પ્રશંસાવાચક વિશેષણો ગમે ત્યાં વાપરી સસ્તાં કરી મૂકી એ શબ્દોની કિંમત



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ઘટાડે છે. એ ટીકા આ 'ઠોળ' વગરે શબ્દોને પણ લાગુ પડે એવી છે. આ નિંદાવાચક વિશેષણો એટલી નિંદાને પાત્ર ન હોય તેવા માણસો માટે, તેમ જ એટલી નિંદા કરવાની જરૂર ન હોય તેવા પ્રસંગોએ પણ તેઓ વાપરતા. એટલું ખરું કે વિશેષે ગુણગ્રાહી હોઈ મહાદેવભાઈ સ્તુતિ વધારેપડતી કરતા ત્યારે દિલના સાચા ભાવથી કરતા અને નિંદા કરવાની તો એમને ટેવ જ નહોતી એટલે એનાં વિશેષણો બહુ હળવાભાવથી, વિનોદમાં અને તે પણ મુખ્યત્વે નિકટના મિત્રો માટે જ વાપરતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૯

### અભ્યાસપરાયણતા

એ કહેવાની જરૂર નથી કે કૉલેજમાં પોતાના પ્રોફેસરોમાં અને હોશિયાર સહાધ્યાયીઓમાં તેઓ બહુ પ્રિય થઈ પડેલા હતા. એમના સહાધ્યાયીઓમાં એમનો વિશેષ સંબંધ શ્રી વૈકુંઠભાઈ ઉપરાંત 'બોમ્બે ક્રૉનિકલ'-વાળા શ્રી બ્રેલવી અને તેમાં કળાવિવેચનની કતારો લખનાર શ્રી કે. એચ. વકીલ સાથે હતો. એ સંબંધ જિંદગી પર્યંત રહ્યો.

તેઓ જ્યુનિયર બી. એ.ના કલાસમાં હતા ત્યારે કૉલેજ મૅગેઝિન માટે અંગ્રેજીમાં એક કાવ્ય લખ્યું હતું. તે ઉપરથી અંગ્રેજીના પ્રોફેસરે તેમને બોલાવીને કહેલું કે તમારું કાવ્ય સારું છે પણ તમને અંગ્રેજીમાં કે બીજી ભાષામાં આ ઉંમરે કાવ્યો ન લખવાની મારી સલાહ છે. ખૂબ વાંચો, મોટા મોટા કવિઓનાં ઉત્તમ કાવ્યોનું પરિશીલન કરો અને પછી લખવાની ઊર્મિ થઈ આવે તો લખજો. એ સલાહ એમણે તરત જ માની લીધી. પરિસ્થિતિનું ચોક્કસ નિરીક્ષણ અને ઊંડો અભ્યાસ કર્યા વિના આપણા જુવાનિયાઓ વૃત્તવિવેચન અથવા પત્રકારિત્વમાં પડે છે તે વિષે તો મહાદેવભાઈ ઘણી વાર પોતાનું દુઃખ પ્રગટ કરતા. અભ્યાસ વિના લખવા જતાં પ્રામાણિકતા જળવાતી નથી અને વિચારો સ્થિર અને પરિપકવ થયા પહેલાં લખવા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

માંડવાથી પોતાની પ્રગતિ અટકી જાય છે અને નકામું અને હીન પ્રકારનું સાહિત્ય ઊભરાય છે, એવી ચેતવણી તેઓ ઊગતા લેખકોને વારંવાર આપતા.

## વિવિધ વિષયોમાં રસ

વાચનનો શોખ તો તેમને પહેલેથી હતો. કૉલેજનાં તે તે વિષયનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત એ વિષયને લગતું અને બીજું પણ ઘણું સાહિત્ય તેઓ વાંચતા. એમનો શોખનો વિષય બીજાને સાહિત્યનો લાગે કારણ ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ઉપરાંત બંગાળી, હિંદી અને મરાઠી સાહિત્યનું તેમનું વાચન વિશાળ હતું. ભણતા ત્યારે પણ કાવ્યો, નાટકો અને નવલકથાઓ ઘણી વાંચતા. છતાં બી. એ.માં ઐચ્છિક વિષય તરીકે તેમણે ફિલસૂફી લીધી હતી. તેમાં પણ ઔચિત્ય હતું. કારણ એ વિષયમાં પણ તેમને ઊંડો રસ હતો. એક વખત તમને કેવી ચોપડીઓ વાંચવી ગમે એ પ્રશ્નના જવાબમાં તેમણે કહેલું કે વ્યક્તિ તથા સમાજનાં જીવનના પ્રશ્નોની છણાવટ કરતા તમામ પ્રકારના સાહિત્યનો મને શોખ છે. છેક બાલ્યાવસ્થામાંથી તેમના ઉપર ધાર્મિક ભાવનાઓનું સિંચન થયેલું એ આપણે જોયું છે. તેને લીધે તેમની જન્મજાત ધાર્મિક વૃત્તિને પોષણ મળેલું. એમણે ઐચ્છિક વિષય ફિલસૂફીનો લીધેલો એ વિષે શ્રી વૈકુંઠભાઈ કહે છે : “આરંભથી જ ભાઈ મહાદેવમાં ધાર્મિક વૃત્તિ હતી. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી તે જાગ્રત થઈ એમ માનવા કારણ નથી. પણ તે વિષયના ઊંડા અભ્યાસને કારણે તેમની ધાર્મિક ભાવનાઓ દૃઢ થઈ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એમાં સંશય નથી. જુદા જુદા દેશનાં તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો વાંચવા સમજવાની જે તક તેમને કૉલેજના અભ્યાસ દરમ્યાન મળી તેની પૂર્ણ અસર તેમના જીવન ઉપર થઈ અને તેનો લાભ તેમણે જનતાને પહોંચાડ્યો." પૂર્વના અને પશ્ચિમના ધર્મ, તત્ત્વજ્ઞાન તથા કાવ્યના ગ્રંથોનો તેમનો અભ્યાસ કેટલો વિશાળ અને ઊંડો હતો તેનો ખ્યાલ ગાંધીજીના 'અનાસક્તિયોગ'ના અંગ્રેજી ભાષાન્તરની 'માય સબમિશન' (મારું નિવેદન) એ નામની તેમણે જે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે તે ઉપરથી આવે છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૯

## એક સંતપુરુષનો સમાગમ

કૉલેજમાં હતા તે વખતે ગોધરાના એક ભગતજીનો સમાગમ થયેલો, જે ભગતજીના અવસાન સુધી ચાલુ રહ્યો. તેમણે એમના જીવનને ભક્તિરસથી તરબોળ કરેલું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. મહાદેવ મૅટ્રિક ક્લાસમાં હતા ત્યારે જ પિતાશ્રીની બદલી વલસાડ થયેલી એ કહેવાઈ ચૂક્યું છે. વલસાડમાં ગોધરાના આ ભગતજી—પુરુષોત્તમ સેવકરામ—આવતા. તેઓ જુવાન હતા ત્યારે તેમને કોઈ અવધૂતની સેવા કરવાનું સૂઝ્યું અને તેની કૃપાથી તેમની દૃષ્ટિ ફરી ગઈ. ઘેલા જેવા ભટકવા લાગ્યા. અનેક તીર્થોમાં ખૂબ પર્યટન કર્યું અને ઘણા લાંબા તીર્થાટન પછી શાંત થઈ ઘેર રહી પોતાનો બાપીકો કુંભારનો ધંધો કરવા લાગ્યા. નાનાં ઘાટીલાં વાસણો ઘડવાનો તેમનો ધંધો સારો ચાલતો. ધંધામાંથી બચતો બધો વખત તેઓ ભજનમાં ગાળતા. તેમનું ગુજરાતી ભાષાનું જ્ઞાન સાધારણ લખતાં વાંચતાં આવડે એટલું જ હતું. સંસ્કૃત તો જરાયે આવડતું નહીં. ગીતા કે ઉપનિષદો ગુજરાતીમાં પણ તેમણે વાંચેલાં નહીં. આપણા સંતોનાં ભજનો એ જ તેમનાં ગીતા અને ઉપનિષદો હતાં. પોતાના ધંધામાં અને ભજનની ધૂનમાં તેઓ દિવસ નિર્ગમન કરતા ત્યાં એમની પાસે જનારા ગોધરાના કોઈ માણસ મારફત ભૂલા પડેલાને રસ્તો



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

દેખાડનાર આ કોઈ સંત છે એમ બહારના માણસોના જાણવામાં આવ્યું. તેથી તેમની શાંતિ તૂટી હશે કે કેમ તે તો કહી શકાય નહીં પણ ગુજરાતના ઘણા માણસોને શાંતિ આપવાનું કામ ઈશ્વરે જ જાણે એમના ઉપર નાખ્યું. અનેક વિદ્વાનો, તત્ત્વેત્તાઓ અને ભક્તોને સેવનાર સ્વ. શેઠ વસનજી ખીમજીને તેમની જાણ થઈ અને તેમણે તેમની પાસે વાસણ ઘડવાનો ધંધો છોડાવી માણસો ઘડવાનો ધંધો આદરાવ્યો.

મહાદેવભાઈ લખે છે કે : "મારો એ સંતપુરુષનો પરિચય મારા પિતા મારફતે થયેલો. કૉલેજમાં અભ્યાસ કરતો તે વેળા સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો અને તે દ્વારા રામકૃષ્ણ પરમહંસનો કંઈક પરિચય મને થયો હતો. એ પરમહંસની પ્રતિમૂર્તિ આ પુરુષમાં મને જોવાની મળી. એ પરમહંસનાં વચનોનું રહસ્ય આ સંતપુરુષનાં વચનોથી મને સમજાયું."

પિતાશ્રી વલસાડ હતા ત્યારે આ ભગતજી તેમના એક મિત્રને ત્યાં વલસાડ પ્રસંગોપાત્ત આવતા અને પંદર-વીસ દિવસ રહેતા. મંડળી ભેગી થાય અને તેમાં ભજનો ગવાય. રજાઓમાં મહાદેવ વલસાડ ગયા હોય અને ભગતજી ત્યાં આવ્યા હોય ત્યારે મહાદેવ પણ આ મંડળીમાં ભળતા. ભગતજી એની પાસે ભજન ગવડાવતા. મુંબઈમાં શેઠ વસનજી ખીમજીને ત્યાં ભગતજી આવ્યા હોય ત્યારે ભગતજીને મળવા મહાદેવ એમને ત્યાં વસનજી પાર્ક—દાદર જતા. ૧૯૧૨માં એક વાર પોતાના ભાઈ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

છોટુભાઈની સાથે મહાદેવ ભગતજીને મળવા એમને ઘેર ગોધરા ગયેલા. તેનું વર્ણન છોટુભાઈ આ પ્રમાણે આપે છે : "રાતે દસ વાગ્યે સ્ટેશને ઊતર્યા. ભગતજી સામા મળ્યા. મહાદેવ કહે : 'આપજી તો સામા મળી ગયા.' અમને ઘેર લઈ ગયા અને ભગતજી કહે 'સંત આવ્યા.' બીજે દિવસે તળાવે નાહ્યા પછી ધોતિયાં પણ જક કરીને ભગતજીએ ધોયાં એટલું જ નહીં પણ ઘેર પાછા જતાં ઊંચકવા પણ ન દીધાં. કહે : 'સંતની સેવા કરવાનો લાભ કાંઈ ઘડી ઘડી મળે છે?' પછી ભજન ચાલ્યાં. ભજન થઈ રહ્યા પછી મહાદેવ કહે : 'મારો તો ઓશિયાળો અવતાર છે. ભણ્યો તે પણ લોકોને પૈસે. લોકો પરમાર્થ કરે છે, અને હું તેનો લાભ ઉઠાવું છું.' ભગતજી કહે : 'એનો સંતાપ કરવાનો હોય નહીં. નાટક જોવા જાઓ છો ને? કોઈ રાજા થઇને આવે છે, કોઇ સિપાઇ થઇને આવે છે. પણ તેમને પોતાનો પાઠ જ ભજવવાનો હોય છે. રાજા પણ જાણે કે હું તો નટ છું. ભૂલ પડી ને પાછળ પડી ગયો તો મૅનેજરના કોરડા પડે છે. તેમ આપણને દુનિયામાં પ્રભુએ પાઠ ભજવવા મોકલ્યા છે. જે પાઠ એણે આપ્યો હોય તે બરાબર ભજવવો જોઇએ. બીજો ત્રીજો વિચાર કરવાનો ન હોય. ગમે તેવી જગ્યા ઉપર હોઇએ તોપણ એમ જ માનવું કે આપણને નાટક ભજવવા જ મોકલ્યા છે. ધણી તો પ્રભુ છે. તેણે સોંપ્યું છે તે આપણે કરવાનું છે. માટે આવા વિચાર ન કરવા.' ભગતજીએ આગ્રહ કરીને એક દિવસ વધારે રોકયા. જતી વખતે સ્ટેશને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

મૂકવા આવ્યા, ને મહાદેવના હાથમાં વદાયગીરીના બે રૂપિયા મૂક્યા, એમ કહીને કે 'તમે બચ્ચાંને, સંતને ખાલી હાથે પાછા મોકલાય?' આખી ગાડીમાં મહાદેવ કહે; 'સંત તો આનું નામ. બે દિવસમાં એમની હાલતમાં કશો ફેરફાર જોયો? આપણે ગમે તેટલા વિચાર કરીને જઈએ, પણ એમની હાજરીમાં પહોંચતાં જ કેવા તદ્રૂપ અને શાંત થઈ જઈએ છીએ! કેટલા નમ્ર છે. નાનામાં નાનું કામ પણ જાતે કરે છે. અને સેવાભાવ કેટલો છે? આપણને કશું કરવા દીધું? શીખવાનું આ જ છે." આ ભગતજીનો દેહાંત ૧૯૨૬માં થયો ત્યારે એમને વિષે 'નવજીવન' (વર્ષ ૮, અંક ૧૧, તા. ૧૪-૧૧-૧૯૨૬)-માં 'એક સંતનો દેહત્યાગ' એ નામનો લેખ મહાદેવે લખેલો. તેમાં એ લખે છે: "સામાન્ય રીતે ગૂઢ લાગતી વસ્તુ સમજાવવાની તેમની રીત અજબ હતી. તેમને અક્ષર-જ્ઞાન તો બહુ હતું નહીં એટલે બધું પ્રાકૃત રીતે જ એ સમજાવતા. . . . ગીતાનો સિદ્ધાંત શો? એમ સવાલ પૂછીને પોતે જ કહે, 'જુઓને ગીતાનું રટણ કરો તો ગીતા-ગીતા-તાગી-તાગી એમ સમજાય છે ને! જેણે દેહ-બુદ્ધિ ત્યાગી છે તેણે ગીતાને જાણી . . .' એક વાર એક સમર્થ પંડિતને મોક્ષનો અર્થ સમજાવતાં તેમણે ચોંકાવ્યા હતા. 'મોક્ષમાં બે શબ્દ છે—મોહ અને ક્ષય, મોહનો ક્ષય એટલે મોક્ષ જ છે.'" પણ મુખ્યત્વે તેઓ ભજન દ્વારા જ ઉપદેશ કરતા. તેમાં ખૂબી એ આવતી કે મળવા આવનાર માણસની જેવી જિજ્ઞાસા હોય અથવા જેવા ઉપદેશની એને જરૂર હોય એવું ભજન અનાયાસે જ તેમના



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

મુખમાંથી નીકળતું. અહંકાર અને દેહાધ્યાસ ટાળવાનું સાધન નમ્રતા અને સેવા છે એ તેઓ ઠોકી ઠોકીને કહેતા.

નમિયા સો તો સાહેબને ગમિયા પ્યારે,
નમિયા સોઈ નર ભારી રે જી.
નારદ નમિયા ને આવી ગરીબી ત્યારે
મટી ગઈ દિલડાની ચોરી રે જી.
ઢીમર ગુરુએ ઉપદેશ આપ્યો, ત્યારે
મટી લખચોરાશીની ફેરી રે જી.

વળી કહે :

ઊંચા ઊંચા સૌ ચલે, પણ નીચા ન ચલે કોઈ
જો નીચા નીચા કોઈ ચલે તો સબસે ઊંચા હોઈ,
રામરસ ઐસા હૈ મેરે ભાઈ!
ધ્રુવે પિયા, પ્રહ્લાદે પિયા, પિયા પીપા ને રોહીદાસ
પીતાં કબીરાં છક રહ્યા, ઔર ફેર પીવનકી આસ.
રામરસ ઐસા હૈ મેરે ભાઈ!

મહાદેવ લખે છે : "આ 'રામરસ'વાળું ભજન ગાતાં તેમનામાં જે મસ્તી અને ખુમારી મેં જોઇ છે તેવી ભાગ્યે જ બીજે ક્યાંયે જોઈ છે." લગભગ પંદર વર્ષ આ ભગતજીનો સત્સંગ વખતોવખત કરવાનું સદ્ભાગ્ય મહાદેવને સાંપડ્યું હતું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

## ૧૦

## ભોળાશંભુ

મહાદેવના જીવનમાં આવી ભગવદ્‌ભક્તિ અને સંત-સમાગમની તમન્ના હોવાની સાથે એક પ્રકારનું ભોળપણ હતું તેની પણ અહીં નોંધ લેવી જોઈએ. શરૂઆતમાં મહાદેવ 'ભોળાશંભુ'ના તખલ્લુસથી લખતા અને સાચે જ એ ભોળાશંભુ હતા. આમ તો દુર્ગાબહેન પણ ભોળાં છે. પણ એમનેય મહાદેવભાઈ વધારે ભોળા લાગતા. અમે હાઈસ્કૂલમાં અને કૉલેજમાં ભણતા તે વખતે મહમદ છેલ નામનો જાદુગર પ્રસિદ્ધ હતો. એક દિવસ આગગાડીમાં મહાદેવને એનો ભેટો થઈ ગયો. એણે એક પૅસેંજરની વીંટી જોવા લીધી અને ટ્રેનની બારીમાંથી બહાર ફેંકી દીધી. પેલો તો રડવા લાગ્યો. એટલે પાસેના બીજા માણસને મહમદ છેલ કહે: "જો, તારા ખીસામાં હાથ ઘાલ તો." પેલાએ ખીસામાં હાથ નાખ્યો તો ધૂળથી ખરડાયેલી વીંટી તેના હાથમાં આવી. આટલા ઉપરથી મહાદેવભાઈ મહમદ છેલ ઉપર મુગ્ધ થઈ ગયા! તે વખતે એક 'હિન્દુ સ્પિરિચ્યુઅલ મૅગેઝિન' નીકળતું. તેમાં અધ્યાત્મવાદના લેખો સાથે ભૂતની વાતો, પ્રત્યક્ષ ભૂત મળ્યાના પ્રસંગો, તથા બીજા ચમત્કારોની વાતો આવતી. આવી વાતો ઉપર મહાદેવ શ્રદ્ધા બતાવતા એટલું જ નહીં પણ એમણે તો એ માસિક કલકત્તાથી મંગાવવા માંડ્યું. તેમાં એક વખત જાહેરખબર આવી કે તમારા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

બંને હાથના પંજાની છાપ પાડીને મોકલો અને તેની સાથે જન્મનાં તારીખ, સ્થળ અને સમય લખી જણાવો એટલે તમારી જિંદગીનો આખો અહેવાલ લખી મોકલીશું. મહાદેવે તો બધું મોકલાવ્યું અને રૂ. ૨-૨-૦નું વી. પી. આવી રહ્યું. ગમ્મત એ છે કે મહાદેવને એ પાછું ગજબ લાગ્યું અને કહેવા લાગ્યા કે સાથેમાં સાથે રહેનાર માણસ પણ આવી વિગતો ન કહી શકે.

એ વખતે એક રાણે કરીને માણસ જુહુમાં રહેતો. તે કુદરતમાં મળી આવતી વસ્તુઓને સહેજસાજ કાપી-કૂપી બહુ કળામય રીતે સજાવતો. તેના આખા નાના બંગલાની અને તેની આસપાસના બગીચાની રચના અને સજાવટ કુદરતી રૂપમાં મળી આવતી વસ્તુઓથી તેણે સુંદર કળામય રીતે પોતાની જાતમહેનતથી કરી હતી. અમે વિદ્યાર્થીઓ એ ખાસ જોવા જતા. તે દર ગુરુવારે મુલાકાત આપતો અને હાથની રેખાઓ, માથું તથા ચહેરો જોઈ ભૂત અને ભવિષ્ય કહેતો. એનો બંગલો અને બગીચો ખરેખર જોવાલાયક હતાં અને એ જોવા જવાનું મન થાય એ સ્વાભાવિક હતું. પણ મહાદેવ તો બેત્રણ વાર પોતાનું ભવિષ્ય પૂછવા પણ તેને મળી આવેલા. ત્રિકાળદર્શી આયનામાં પણ મહાદેવ નાના હતા ત્યારે ગજબ ગજબની વાતો એમને દેખાતી! આવી વસ્તુઓ ઉપર શ્રદ્ધા રાખતા છતાં એટલું સારું થયું કે તેમણે પોતાના જીવનનો કાર્યક્રમ આવા કશા ઉપર ઘડ્યો નહીં. એક વખત સીમલામાં (સને ૧૯૩૮માં) મહાદેવભાઈ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એમના દીકરા નારાયણ સાથે ફરવા જતા હતા. ત્યાં કોઈ વૈરાગી જેવો માણસ કોઈક વિચિત્ર રીતે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહેવાના અને એવા બીજા ચાળા કરતો જોવામાં આવ્યો. મહાદેવ તો રોકાઈને એનું નિરીક્ષણ કરવા લાગ્યા. નારાયણ આગળ ચાલવાનો આગ્રહ કરવા લાગ્યો. મહાદેવભાઈ કહે, "પેલો સાધુ કોઈ ચમત્કારી હોવો જોઈએ. એ ત્રાટક કરતો લાગે છે. આપણે એને મળવું જોઈએ." નારાયણ કહે, "કાકા, તમને તો જેના તેના ઉપર શ્રદ્ધા બેસી જાય છે. આપણે કાંઈ ત્યાં જવું નથી." એમ કહી એ એમને આગળ ઘસડી ગયો. છેવટે મહાદેવે બીજા કોઈની મારફત એની તપાસ કરાવી અને એ કોઈ ધૂર્ત નીકળ્યો. કોઈ સિદ્ધિની અને ચમત્કારની, ચમત્કારી દવાના પ્રયોગોની કે મંત્રતંત્રની વાત કરે તો એમાં પણ મહાદેવભાઈ લેવાઈ જતા. એમનામાં કદી પોતાનો અંગત સ્વાર્થ સાધવાની વૃત્તિ હતી જ નહીં તેથી જ આવામાં ફસાઈ જતા બન્યા છે અને કશું માઠું પરિણામ નથી આવ્યું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૧૧

૧૯૧૦માં બી. એ. પાસ થયા પછી એમ. એ. નો અભ્યાસ કરવાનો વિચાર થયો. એમને સંસ્કૃત લઈ શાંકર ભાષ્યનો પાકો અભ્યાસ કરવો હતો પણ તે વરસે રામાનુજ ભાષ્ય ચાલવાનું હોવાથી એમણે એમ. એ.નો વિચાર જ છોડી દીધો અને એલએલ. બી. નો વિચાર કર્યો. પિતા ઉપર તો ભારરૂપ થવું જ નહોતું એટલે એમણે નોકરી લઈને ભણવાનો વિચાર રાખ્યો. ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાં માસિક રૂ. ૬૦ની નોકરી મળી. પરેલમાં ઓરડી રાખી દુર્ગાબહેનની સાથે રહેવાનું શરૂ કર્યું. રામનારાયણ વિ. પાઠક અને ગિજુભાઈ બધેકા એમના પડોશી હતા. એમની સાથે સારી મૈત્રી બંધાઈ.

### એક આકરી કસોટી

બીજી એલએલ. બી.ની પરીક્ષા વખતે એક કડવો અનુભવ થયો. 'ઇક્વિટી' (નૈતિક ન્યાય)ના વિષયમાં તેમનો અભ્યાસ બીજા વિષયોને મુકાબલે વધારે પાકો હતો. છતાં બીજે દિવસે એ જ વિષયમાં વહેલા ઊઠી આવ્યા. મિત્રોએ ધાર્યું કે ધાર્યા પ્રમાણે લખાય એમ નહીં લાગ્યું હોય એટલે ગભરાઈને ઊઠી ગયા હશે. જોકે જેટલું આવડે તેટલું લખ્યું હોત તોપણ પાસ તો થઈ જતે. ઘેર આવીને પોક મૂકીને રડવા લાગ્યા. એમના મોટાભાઈ

૪



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

છોટુભાઈએ પોતાના સ્વભાવ પ્રમાણે આશ્વાસન આપ્યું: "ગુજરાતી નિશાળના પોરિયાની પેઠે રડવા શું બેઠો છે? શરમ નથી આવતી, લોકો જોશે તો શું કહેશે? વળી બીજી પરીક્ષા. ઘેરથી પૈસા તો મંગાવવા પડતાં નથી. કોણ બોલવાનું છે?" પણ વહેલા ઊઠી આવવાનું અને રડવાનું કારણ જુદું જ હતું. દુર્ગાબહેન તે વખતે મુંબઈમાં ન ન હતાં. મહાદેવ પોતાની ઓરડીમાં મોડી રાત સુધી સૂતા સૂતા વાંચતા હતા. ચાલીમાં રહેતી એક બહેન, જે એમના પર મોહિત થયેલી હશે તે આ એકાંત જોઈ એમની ઓરડીમાં આવી અને એકદમ એમની પથારીમાં સૂતી. તેણે મહાદેવ ઉપર રીતસર આક્રમણ જ કરવા માંડયું એમ કહેવાય. મહાદેવ તો ગભરાઈ ગયા અને ઠંડાગાર થઈ ગયા. દુર્ગાબહેન પ્રત્યેની વફાદારી અને પાપીભીરુ પ્રકૃતિને લીધે મહાદેવને માટે આવો વ્યવહાર શારીરિક રીતે જ અશક્ય હતો. થોડી વારે સ્વસ્થ થયા પછી પેલી બહેનને સમજાવી, તેના ધર્મનું ભાન કરાવ્યું અને ઝટપટ ચાલી જવા કહ્યું. પણ પછી મહાદેવને આખી રાત ઊંઘ ન આવી. બીજે દિવસે પણ ખૂબ અસ્વસ્થ રહ્યા અને પરીક્ષાના મંડપમાં તો બધું ચકરચકર ફરતું જ લાગ્યું એટલે કાંઈ લખ્યા વિના ઊઠી આવ્યા. આ વાત દુર્ગાબહેન સિવાય બીજા કોઈને એમણે નહીં કરેલી. બીજે વરસે એલએલ. બી.ની પરીક્ષા વખતે અમે સાથે રહેતા ત્યારે એક વાર સૂતા સૂતા અમે અમારા આ પ્રકારના અનુભવની વાત કરતા હતા ત્યારે મને આ વાત કહેલી.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

મહાદેવ અને હું એલએલ. બી. સને ૧૯૧૩માં સાથે પાસ થયેલા. તેમની સાથે મારી મૈત્રી પ્રથમ તો પરોક્ષ થયેલી. ઇન્ટર પાસ થયા પછી મારા એક બહુ ઘનિષ્ટ મિત્ર મનુભાઈ મહેતા સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણવા અમદાવાદથી મુંબઇ ગયા અને તે પણ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં રહેતા. ત્યાં તેમને મહાદેવ સાથે ગાઢ મૈત્રી થઈ. હું તો અમદાવાદ ગુજરાત કૉલેજમાં જ હતો. મિત્રના મિત્ર તરીકે મહાદેવ સાથે મારે પત્રવ્યવહાર શરૂ થયો. અમે પ્રત્યક્ષ મળ્યા ૧૯૧૧ની આખરમાં બાદશાહ પંચમ જ્યૉર્જ હિંદ આવેલા અને તેમનું સ્વાગત કરવા એપૉલો બંદર ઉપર વિશાળ એમ્ફિથિએટર બાંધવામાં આવેલું ત્યાં. એ થિયેટરમાં જવાનો મારે માટેનો પાસ પણ ભાઈ મહાદેવે જ આણી આપેલો. ત્યાર પછી હું એલએલ. બી.ના અભ્યાસ માટે મુંબઈ ગયો. એક વીમા કંપનીમાં નોકરી કરતો અને ઓરડી રાખી સાન્તાક્રૂઝ રહેતો. મહાદેવ પરેલ રહેતા. અમે અવારનવાર લૉ કૉલેજમાં અને ઘેર જતાં લોકલ ટ્રેનમાં મળતા. સેકન્ડ એલએલ. બી.ની છેલ્લી ટર્મમાં અમે ઘણા વિદ્યાર્થીઓ ગ્રાન્ટરોડ સ્ટેશન પાસે પાર્વતી મેન્શન જે તે વખતે નવું બંધાયેલું ત્યાં રહેવા ગયેલા. છેલ્લી ટર્મમાં વાંચવા ખાતર મેં નોકરી છોડી દીધેલી, પણ ઓરડી ચાલુ રાખેલી અને એકલો જ રહેતો. મહાદેવે તો ઓરડી પણ કાઢી નાખી હતી. મનુભાઈ સહકુટુંબ પાર્વતી મેન્શનમાં રહેતા. એમને ત્યાં અમે બંને જમતા. આ વખતે મહાદેવ અને હું બહુ જ ગાઢ



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પરિચયમાં આવ્યા અને અમારો સંબંધ સગાભાઈ કરતાં પણ અધિક થઈ ગયો.

## કસોટીના બીજા પ્રસંગો

પોતાની બધી વાતો તેમણે બાપુજીને કહેલી તેમાં એલએલ. બી.ની પરીક્ષા વખતની આ કસોટીની વાત પણ કરી હશે. ભવિષ્યમાં આવા ચાર અનુભવ મહાદેવને થયેલા—બે હિંદી બહેનો સાથે અને બે યુરોપિયન બહેનો સાથે. હિંદી બહેનો સાથે કંઈક ઊંડા પાણીમાં ઊતરી ગયેલા, પણ શરીરની શુદ્ધિ જાળવી શકેલા. મનને લાગેલો મેલ પશ્ચાત્તાપના આંસુ વડે ધોઈ નાખવા એ શક્તિમાન થયા હતા એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. યુરોપિયન બહેનો સાથેના પ્રસંગમાં તો તેઓ આરંભથી જ પૂરા જાગ્રત રહી શકેલા. આ ચારે બહેનોને તેમણે સન્માર્ગે વાળી છે. આ વિષે કિશોરલાલભાઈએ બહુ સુંદર ભાષામાં લખ્યું છે એટલે એમના જ શબ્દો ઉતારું છું :

"મહાદેવભાઈનાં સૌજન્ય, સ્ત્રીદાક્ષિણ્ય, સાહિત્ય-સંગીત-કલા વગેરેમાં નિપુણતા, કોમળ ભાવનાઓથી ભરેલો સ્નેહવશ થનારો સ્વભાવ, હૃષ્ટપુષ્ટ અને મનોહર તારુણ્ય—આ બધાં કારણોથી એમને એકથી અધિક વાર બહુ નાજુક પરિસ્થિતિનો મુકાબલો કરવો પડેલો. સાધારણ રીતે સ્ત્રીઓ આક્રમણશીલ નથી હોતી પણ એમ લાગે છે કે કયારેક કયારેક જીવનથી અસંતુષ્ટ થયેલી, દુઃખી અને કોઈના હાથમાં ફસાઈ ચૂકેલી બહેનો સમભાવી અને સમર્થ પુરુષનો આશ્રય ખોળવામાં આક્રમણશીલ પણ થઈ જાય



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

છે. મહાદેવભાઈને બે ચાર વાર આવો અનુભવ થયેલો. હનુમાન જેવા નૈષ્ઠિક બ્રહ્મચર્યનો તે દાવો કરી શકે તેમ નહોતું. પણ એમની વફાદારીની ભાવના હનુમાનથી ઓછી નહોતી અને વફાદારી કેવળ સ્વામી પ્રત્યે જ નહીં, પત્ની પ્રત્યે પણ એટલી જ તીવ્ર હતી. એ વફાદારીએ એમને બચેલા રાખ્યા, અને બહુ કુનેહથી એમણે એવી બહેનોને સીધા માર્ગ પર રાખી તથા ચઢવામાં મદદ કરી અને સાથે સાથે પોતાના ચારિત્ર્યની પણ રક્ષા કરી.

"હનુમાનના નૈષ્ઠિક બ્રહ્મચર્યનું એમને સૌભાગ્ય ન હતું. પરંતુ પરસ્ત્રીના મોહથી બચવામાં સફળ થવાનું ચારિત્ર્ય એમણે સિદ્ધ કર્યું. એમાં એમને ઘણી મુસીબત, માનસિક ક્લેશ તથા પરિતાપનોયે અનુભવ કરવો પડેલો. એ અનુભવોથી એમની સ્વભાવસિદ્ધ નમ્રતામાં ઓર વધારો થયો."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૧૨

## ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં તાલીમ

એલએલ. બી. ના અભ્યાસ દરમ્યાન તેમણે ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં નોકરી કરી. તેમાં મળેલી તાલીમ તેમની ભવિષ્યની કારકિર્દીમાં બહુ ઉપયોગી થઈ પડી. છાપાંઓ તથા પુસ્તકોમાં જે ભાગ સરકારની દૃષ્ટિએ વાંધાભરેલો લાગવાનો સંભવ હોય તેના અંગ્રેજી તરજુમા કરી ઉપરી અધિકારી પાસે નિર્ણયને માટે મૂકવાનું તેમનું કામ હતું. વળી આવા અક્ષરશઃ તરજુમા ઉપરાંત આખા લેખનો અને કેટલીક વાર આખા પુસ્તકનો સારાંશ તેમને અંગ્રેજીમાં આપવાનો આવતો. બાપુજીનો પત્રવ્યવહાર સંભાળવામાં તથા એમનાં સાપ્તાહિકો ચલાવવામાં મદદ કરવામાં, એક ભાષામાંથી બીજી ભાષામાં ઝડપથી છતાં ચોક્કસ અને સુંદર અનુવાદ કરવાની તેમની જે હથોટી હતી તથા લાંબા પત્રો અને લેખોમાંથી મુખ્ય મુખ્ય મુદ્દા તારવી કાઢી પ્રામાણિક રજૂઆત કરવાની તેમની જે ખૂબી હતી તેનો પાયો આ ઑફિસમાં તેમણે અઢી કે ત્રણ વર્ષ કામ કર્યું તે દરમ્યાન નંખાયો એમ આપણે જરૂર કહી શકીએ.

ઑફિસમાં બીજા માણસો આખો વખત કામમાં રોકાયેલા રહેતા ત્યારે મહાદેવ પોતાને હિસ્સે આવેલું કામ દોઢબે કલાકમાં પૂરું કરી નાખતા અને કોઈ કોઈ વાર



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

બીજાને મદદ કરતા અથવા પોતાનું ખાનગી વાચન કરતા. તે વખતના ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટર મિ. શમ્સુદ્દીન કાદરીનો તેમણે ખાસ પ્રેમ સંપાદન કર્યો હતો અને આસી. ઓ. ટ્રા. મિ. સંજાણા, જેઓ પાછળથી 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં 'થ્રુ ઇન્ડિયન આઈઝ'ના લેખક તરીકે જાણીતા થયા, તેઓ જોકે ઉંમરે એમના કરતાં થોડા મોટા હતા છતાં તેમના ખાસ મિત્ર બન્યા હતા. શિષ્ટ અને પ્રસિદ્ધ ગણાતા ગુજરાતી ગ્રંથોનું કડક વિવેચન અને અંગ્રેજી સાહિત્યનું અનુશીલન એ તેમની મૈત્રીનું બીજ હતું. બિલકુલ ભૂલ વિનાનું અંગ્રેજી લખવાના આગ્રહમાં બંને સમાનધર્મી હતા.

શ્રી મોહનલાલ પંડ્યાનું 'વનસ્પતિની દવાઓ' એ પુસ્તક, જેમાં દવાઓ તરીકે બૉમ્બ બનાવવાના અનેક નુસખા આપવામાં આવ્યા હતા તે વિષે 'પ્રતિબંધ મૂકવા લાયક' એવો રિપોર્ટ કરવાનું મહાદેવના નસીબે આવ્યું હતું. મોહનલાલ પંડ્યાને સત્યાગ્રહની લડતના સૈનિક તરીકે આખું ગુજરાત ઓળખે છે. પણ બાપુજી હિંદુસ્તાનમાં આવ્યા તે પહેલાં તેઓ ત્રાસવાદી પંથના હતા અને બૉમ્બ બનાવવા પ્રયત્નો પણ એમણે કરેલા. માંડલે જેલમાં લખેલું તિલક મહારાજનું 'ગીતારહસ્ય' એમની ઑફિસમાં તપાસણી (સેન્સોરશિપ) માટે આવેલ ત્યારે એ હસ્તલિખિત પ્રથમ જોવાનું ભાગ્ય પણ એમને સાંપડેલું.

### કચ્છમાં ફરી આવ્યા

બીજી એલએલ. બી.ની પરીક્ષામાંથી ઊઠી ગયા પછી એ માંદા પડી ગયેલા. ટર્મ તો ભરવાની હતી નહીં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એટલે ઑફિસમાંથી લાંબી રજા લઈ હવાફેર માટે કોઈ સારી જગાએ જવાનો વિચાર કરતા હતા. એટલામાં એક શ્રીમંત કચ્છી કુટુંબ થોડા મહિના માટે દેશમાં જવાનું હતું તેના એક છોકરા માટે ટ્યૂટરની શોધ ચાલતી હતી, તેનો અને મહાદેવનો ભેટો થઈ ગયો. મહાદેવે એ લોકો સાથે સ્પષ્ટ વાત કરી લીધી કે હવાફેર એ મારો પ્રધાન ઉદ્દેશ છે એટલે છોકરાને નક્કી કરેલો વખત ભણાવવા સિવાયનો બાકીનો બધો વખત મારો પોતાનો રહેશે, તમારા વેપારધંધાને લગતું અથવા બીજું કશું કામ મને સોંપી શકાશે નહીં. એ શરતનું પાલન ચુસ્તપણે કરવાના હો તો સાથે આવું. કહેવાની જરૂર નથી કે આ શરતના પાલનનો સવાલ જ ઊભો ન થયો. મહાદેવે આખા કુટુંબનાં દિલ જીતી લીધાં અને છોકરો તો એમના ઉપર આશક થઈ ગયો.

### મોરલેના 'ઑન કૉમ્પ્રોમાઈઝ'નો અનુવાદ

ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાં કામ કરતા ત્યારે ઘણું કરીને ૧૯૧૩માં મુંબઈની ગુજરાત ફૉર્બ્સ સભા તરફથી લૉર્ડ મોરલેના 'ઑન કૉમ્પ્રોમાઈઝ' એ પુસ્તકનો અનુવાદ કરવા માટે રૂપિયા એક હજારનું ઇનામ જાહેર કરવામાં આવેલું. મહાદેવ એ હરીફાઈમાં ઊતર્યા અને ત્રણ કે ચાર પાનાંનો અનુવાદ નમૂના તરીકે પરીક્ષકોને મોકલી આપ્યો. આ હરીફાઈમાં સાહિત્યના ક્ષેત્રમાં જાણીતી થયેલી અને સાક્ષર ગણાતી એવી કેટલીક વ્યક્તિઓ પણ હતી. છતાં મહાદેવનું નમૂનાનું ભાષાંતર પરીક્ષકોએ પાસ કર્યું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

અને તેમને એ કામ સોંપવામાં આવ્યું. સાહિત્યમાં બિલકુલ જાણીતા નહીં એવા એક નવા ગ્રૅજ્યુએટને, બીજી જાણીતી વ્યક્તિઓ હરીફાઈમાં હતી છતાં એક ગહન ગણાતા પુસ્તકના અનુવાદ માટે પસંદ કરવામાં આવ્યા તેથી ઘણાને નવાઇ લાગેલી. ત્યાર પછી ૧૯૧૪માં સુરતમાં સાહિત્ય પરિષદ ભરાયેલી તેમાં અમે ગયેલા. અમે ફરતા હોઇએ ત્યાં મહાદેવ તરફ આંગળી કરીને કેટલાક બોલતા કે "'કૉમ્પ્રોમાઈઝ'વાળો મહાદેવ હરિભાઈ દેસાઈ તે પેલો" એ અમારા સાંભળવામાં આવેલું. આ અનુવાદ અમદાવાદમાં વકીલાત માટે રહેલા તે વખતે તેમણે પૂરો કરેલો. પણ આશ્રમમાં દાખલ થયા પછી આખો જ ખૂબ સુધારેલો. એના આરંભનાં કેટલાંક પ્રકરણો સુધારવામાં કાકાસાહેબે પણ ઠીક મદદ કરી હતી. સને ૧૯૨૫માં 'સત્યાગ્રહની મર્યાદા' એ નામે નવજીવન તરફથી એ પુસ્તક પ્રસિદ્ધ થયું છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

१३

## અમદાવાદમાં વકીલાત

૧૯૧૩ની આખરમાં એલએલ. બી. પાસ થયા. એ વર્ષમાં કોઈ જ ફર્સ્ટ કલાસમાં આવ્યું ન હતું. જે 'ઇક્વિટી'-ના પેપરમાંથી મહાદેવ આગલે વર્ષે ઊઠી ગયા હતા તેમાં આ વર્ષે એ પહેલે નંબરે આવ્યા. પદવીદાન સમારંભ (કૉન્વોકેશન) થઈ ગયા પછી શું કરવું એનો વિચાર કરતા હતા એટલામાં પિતાશ્રીની બદલી અમદાવાદ વીમેન્સ ટ્રેનિંગ કૉલેજમાં હેડમાસ્તર તરીકે થઈ. એટલે અમદાવાદમાં વકીલાત કરે તો ઘરખર્ચનો સવાલ રહેતો ન હતો. હું પણ તેમને અમદાવાદ ખેંચતો હતો. એટલે છેવટે ૧૯૧૪ના જૂનમાં નોકરીમાંથી રાજીનામું આપી અમદાવાદ આવ્યા અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટની સનદ લીધી. બધું મળીને સવા કે દોઢ વર્ષ અમદાવાદ રહ્યા હશે. વકીલ તરીકે એમના હાથમાં એક જ કેસ આવેલો. મહીકાંઠા એજન્સી નીચેના કોઈ દરબારની મુંબઈના ગવર્નરને અરજી કરવાની હતી. રામનારાયણ પાઠક તે વખતે સાદરામાં વકીલાત કરતા, તેમની મારફત આ અરજી લખી આપવાનું કામ તેમને મળેલું. તેની ફીના રૂ. ૧૨૫ તેમને મળેલા.

### પંડયાજીને અરજી ઘડી આપી

આ ઉપરાંત શ્રી મોહનલાલ પંડયાને મુંબઈના ગવર્નરને એક અરજી લખી આપવાનું કામ તેમણે કરેલું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એમની નનામી ચોપડી વિષે મહાદેવભાઈએ જ રિપોર્ટ કરેલો એ કહેવાઇ ગયું છે. તેઓ વડોદરા રાજ્યના ડેરી સુપરિન્ટેન્ડેન્ટ હતા. સને ૧૯૧૨માં હિંદ સરકારની ગાયકવાડ ઉપર ખફામરજી થયેલી ત્યારે પંડયાજીને વડોદરા રાજ્યની નોકરીમાંથી રજા આપવાની તેણે ફરજ પાડેલી. પછી રાજ્યદ્રોહના ગુનામાં સંડોવવા ભારે પ્રયત્નો પોલીસે કરેલા. એકાદ વરસ તો પોલીસને પત્તો ન લાગે એ રીતે પંડયાજી છૂપા રહ્યા પણ પછી ખુલ્લા રહેવા લાગ્યા. સરકારને તેમની સામે કશો પુરાવો તો ન મળ્યો પણ તેમની પાછળ સી. આઈ. ડી.ની ચોકી રાખીને તેમની ખૂબ કનડગત શરૂ કરી. સી. આઈ. ડી.ને થાપ આપીને એક જગાએથી બીજી જગાએ ચાલ્યા જવામાં તે વખતે પરાક્રમ ગણાતું એટલે પંડયાજી સી. આઈ. ડી.વાળાને પણ ઓછા હેરાન કરતા નહીં. પંડયાજી અને હું એક જ ગામના અને અમારો કૌટુમ્બિક સંબંધ ગાઢ હતો. હું વકીલ થયો એટલે પંડયાજી મને કહે કે મારું આ સી. આઈ. ડી.નું લફરું તું કઢાવે ત્યારે ખરો. અમે વિચાર કરી મુંબઇના ગવર્નરને અરજી કરવાનો નિર્ણય કર્યો. એટલામાં મહાદેવ અમદાવાદ આવ્યા એટલે આ અરજી તેમની પાસે જ ઘડાવી. આ એમનું વકીલાતનું બીજું કામ. કહેવાની જરૂર નથી કે આ અરજીનું તો કશું પરિણામ ન આવ્યું. પણ બાપુજી અમદાવાદ આવ્યા અને તેમને પંડયાજીએ પોતાની કહાણી સંભળાવી ત્યારે બાપુજીએ તેમને સલાહ આપી કે તમે સી. આઈ. ડી.ને જ ભૂલી જાઓ. તમારી હિલચાલ અને પ્રવૃત્તિઓ બધી ખુલ્લેખુલ્લી કરો, એ તમને પૂછે તો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એને તમારી અવરજવરની બધી ખરી વિગત આપો, એટલે એને કશી બાતમી મેળવવાપણું રહેશે જ નહીં. તેમ છતાં તમને હેરાનગતિ લાગતી હોય તો અહીં આશ્રમમાં મારી પાસે આવીને બેસી જાઓ.

## 'ચિત્રાંગદા'નું ભાષાંતર

મહાદેવભાઈ અમદાવાદમાં રહ્યા તે દરમ્યાન અમે બેએ મળીને રવીન્દ્રનાથ ઠાકુરની 'ચિત્રાંગદા' એ નાટ્યકૃતિનું ભાષાન્તર કર્યું. તે વખતે રવીન્દ્રનાથની તમામ બંગાળી કૃતિઓ ગુજરાતીમાં ઉતારવાનો મનોરથ અમે ઘડેલો. 'નૌકાડૂબી'નું ભાષાન્તર કરવાનું નક્કી કરી તેના પાનાં પણ વહેંચી લીધેલાં પણ અમારી પ્રવૃત્તિનાં વહેણ બીજી દિશામાં વળ્યાં અને મનોરથ મનમાં જ રહી ગયો. તેના યત્કિંચિત ફળરૂપે 'વિદાય અભિશાપ' અને 'પ્રાચીન સાહિત્ય' એ બેનાં ભાષાન્તરો અમે કર્યાં.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૧૪

# સહકારી મંડળીઓના ઈન્સ્પેક્ટર

એટલામાં પિતાશ્રીને નિવૃત્ત થવાની તારીખ નજીક આવવા લાગી. પિતાશ્રીના નિવૃત્ત થયા પછી પોતાની વકીલાત ઉપર અમદાવાદનું ઘર ચલાવવાનું ભારે પડે એટલે શું કરવું એના વિચારમાં પડ્યા. વૈકુંઠભાઈ મહેતા મુંબઈની સેન્ટ્રલ કોઑપરેટિવ બૅન્કમાં કામ કરતા હતા. સહકારી પ્રવૃત્તિનો એ આરંભ કાળ હતો. એ બૅન્કને ગામડાંની સહકારી મંડળીઓને નાણાં ધીરવાનાં હોય એટલે એ મંડળીઓનો વહીવટ બરાબર ચાલે છે કે કેમ તે જોવા માટે બૅન્કને પોતાનો એક ઇન્સ્પેકટર રાખવાની જરૂર હતી. એટલે એમણે મહાદેવને એ કામ સૂચવ્યું. મહાદેવે એ કામ સ્વીકાર્યું અને ગુજરાત તથા મહારાષ્ટ્રની સહકારી મંડળીઓના નિરીક્ષણનું કામ તેમને સોંપાયું. એમના કામ વિષે વૈકુંઠભાઈ લખે છે: "જેમ બીજાં કામો તે દીપાવતા તેમ આ કામ પણ એમણે દીપાવ્યું હતું. જે મંડળીઓની મુલાકાત તેઓ લેતા—પછી તે ગુજરાતમાં હો કે મહારાષ્ટ્રમાં હો— તે મંડળીના કાર્યકર્તાઓ તથા સભાસદો સાથે બહુ મીઠો સંબંધ તેઓ બાંધી આવતા. મંડળીઓની પરિસ્થિતિ તથા તેના સભાસદોની જરૂરિયાતો વગેરે બાબતનાં તેમનાં નિવેદનો માહિતીથી તથા કીમતી સૂચનાઓથી ભરેલાં હોતાં એટલું જ નહીં પણ શૈલી અને ભાષાની દૃષ્ટિએ મનન કરવા લાયક થઈ પડતાં.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

"તેમની કારકિર્દી દરમ્યાન એક બનાવ બન્યો તેની નોંધ લેવા લાયક છે. ખેડા જિલ્લામાં એક સહકારી મંડળીની મુલાકાત લીધા પછી ભાઈ મહાદેવે અમુક ભલામણ કરી હતી અને તેને અમલ કરવા માટે સીધી બૅન્ક ઉપર મોકલી આપી હતી. સીધી મોકલી આપવાનું કારણ એ હતું કે સરકારના સહકારી ખાતા તરફથી તે વિભાગમાં ઑનરરી ઑર્ગેનાઈઝર (માનદ પ્રચારક) તરીકે જે ભાઈ કામ કરતા તેમણે મંડળીની લોન માટેની અરજી પૂરતાં કારણ વિના અટકાવી રાખી હતી. પણ મહાદેવે બધી હકીકત સીધી બૅન્કને મોકલી આપી એટલે પેલા ભાઈને લાગ્યું કે પોતાની અવગણના થઈ. ચાલુ રૂઢિ મુજબ આ ભલામણ તેમની મારફત થવી જોઈતી હતી એવી તેમણે સહકારી ખાતાના વડા અધિકારી (રજિસ્ટ્રાર)ને ફરિયાદ કરી અને જણાવ્યું કે આ પ્રમાણે કામકાજ ચાલે તો તંત્રમાં બિન-જવાબદાર તત્ત્વ દાખલ થાય. વસ્તુતઃ એ પ્રચારકને નાણાં ધીરવાનાં નહોતાં ને કાયદેસર તેમની કશી જવાબદારી આવતી નહોતી. છતાં સહકારી ખાતાના વડાએ બૅન્કને સૂચના કરી કે ભાઈ મહાદેવને તાકીદ આપે કે ચાલતી રૂઢિને અવલંબીને કામ કરે અને જે ભલામણ ભાઈ મહાદેવે કરી હતી તે તપાસ માટે માનદ પ્રચારકને મોકલી આપે. ખુલાસો પૂછતાં ભાઈ મહાદેવે એવો મુદ્દાસર સચોટ ઉત્તર આપ્યો કે તે વાંચ્યા પછી પોતાની સૂચના બાબત સરકારી રજિસ્ટ્રાર કાંઈ આગ્રહ રાખી શક્યા નહીં. ઊલટું એમને કબૂલ કરવું



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

પડ્યું કે સીધો પત્રવ્યવહાર કરીને ભાઈ મહાદેવે મંડળીની અગવડ દૂર કરી તેની સેવા કરી હતી.

"નવી સંસ્થામાં નિખાલસપણાની, નીડરપણાની અને સેવાભાવની આ છાપ ભાઈ મહાદેવે પાડી તે માટે બૅન્કના તે વખતના સંચાલક તરીકે હું તેમનો કાયમનો ઋણી છું.

"બૅન્ક સાથેના આ સંબંધને લીધે ગામડાના સામાજિક તથા આર્થિક પ્રશ્નોનો પહેલી જ વાર ભાઈ મહાદેવને પરિચય થયો.

## સુંદર અક્ષર, સુંદર ભાષા અને મોહક શૈલી

"બીજી એક વાતની છાપ મારી સ્મૃતિ ઉપર રહી ગઈ છે તે એ છે કે તેમનાં ઑફિશ્યલ નિવેદનોમાં પણ સાહિત્યિક શૈલીની છાપ ઊઠી આવતી હતી, અને એમના સુંદર અક્ષર* અમારી ઑફિસમાં સૌનું મન હરી લેતા.

* ચંપારણના દિવસોમાં બિહારના લેફ્ટનન્ટ ગવર્નરે બાપુજીને કહેલું કે તમારી પાસે આવા સુંદર અને કળામય અક્ષર લખનાર માણસ છે એના ઉપર હું તો મુગ્ધ થઈ જાઉં છું. આ ઉપરથી બાપુજીએ કહેલું કે લેફ્ટનન્ટ ગવર્નર પાસે મારે તમને મોકલવા હશે ત્યારે તમારા અક્ષરનું જ ઓળખાણ આપીશ. વાઈસરૉય લાર્ડ ચેમ્સફર્ડનો પ્રાઈવેટ સેક્રેટરી સર જોન મેફી પણ મહાદેવના અક્ષર ઉપર ફિદા થઈ ગયેલો અને એની સાથે એમની ગાઢ મૈત્રી બંધાવવામાં શરૂઆતનું કારણ એમના અક્ષર જ હતા. એણે એક વખત મહાદેવને કહેલું કે, વાઈસરૉયના સ્ટાફમાં એક પણ માણસ આવા અક્ષર લખવાવાળો નથી. વાઈસરૉયને પણ તમારા અક્ષરની અદેખાઈ આવે છે.

બાપુજીએ જ્યારે બિહારના લેફ્ટનન્ટ ગવર્નરની વાત કરી ત્યારે મહાદેવે કહ્યું, "એમ તો નરહરિના અક્ષર પણ સુંદર છે. સોશિયલ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

તેમને મુસાફરીમાં ઘણી અગવડો વેઠવી પડતી છતાં તેમના અંગત કાગળોમાં ખેડૂતને માટે ઊંડી લાગણી અને ગ્રામ-જીવન પ્રત્યે સાહજિક પ્રેમ દેખાઈ આવતો. ભાઈ મહાદેવ વધારે કવિ હતા કે ફિલસૂફ તે હું કહી શકતો નથી, પણ તેમના કાગળોમાં આવતાં વર્ણનોમાં અત્યાર સુધી સુપ્ત રહેલો કવિ ચોક્કસ દેખાતો હતો. કૉલેજમાં હું તેમને સારા અભ્યાસી અને પુષ્કળ વાચનના રસવાળા તરીકે ઓળખતો પણ આ વખતના મારા પરિચયમાં તેમનામાં સાહિત્યિક કળા પ્રથમ પંક્તિની છે તે હું જોઈ શક્યો. ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષાઓ પર તેમનું સરખું જ પ્રભુત્વ હતું.”

એક વખત કાકાસાહેબે પૂછેલું કે તમને મરાઠી આટલું સરસ ક્યાંથી આવડે છે? ત્યારે મહાદેવે કહેલું કે સહકારી મંડળીઓના ઈન્સ્પેક્ટર તરીકે બળદગાડામાં બેસીને મહારાષ્ટ્રમાં મેં ખૂબ મુસાફરી કરેલી છે. સાથેના મહારાષ્ટ્રીઓનાં ચમચીનાં પાન ખાતાં ખાતાં હું મરાઠી શીખી ગયો છું. મેં મહારાષ્ટ્રી ગ્રામવાસીઓ જોડે ખૂબ વાતો કરી છે.

---

સર્વિસ કૉન્ફરન્સના પ્રમુખ તરીકેનું આપનું ભાષણ ટાઈપ કરાવી લાવવાનું મેં કહ્યું ત્યારે આપે જ કહેલું કે, ‘નરહરિએ આવા સારા અક્ષરે લખી આપ્યું છે એ મૂકીને હું ટાઈપ કરાવેલું શું કામ વાંચું?’” બાપુજીએ કહ્યું કે, વાત ખરી છે. તેના અક્ષર સફાઈદાર છે અને મને ગમે છે પણ એનો મરોડ એવો કળાવાળો ન ગણાય. પછી મહાદેવે છગનલાલભાઈ ગાંધીના અક્ષર પણ સારા છે એમ કહ્યું ત્યારે બાપુજીએ જવાબ આપ્યો કે, “હા, છગનલાલના અક્ષર સારા ગણાય. પણ એ કૉપીબુક હૅન્ડરાઇટિંગ કહેવાય.”



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

## અર્જુન ભગતનાં ભજનોનું સંપાદન

એક વાર અંકલેશ્વર તાલુકાના ઘડખોલ ગામે ગયેલા. એ ગામમાં એક અર્જુન ભગત થઈ ગયો. તેનાં ભજનો લોકો પાસેથી સાંભળ્યાં. મહાદેવને એ ભજનો બહુ ભક્તિ-ભાવવાળાં લાગ્યાં. ભગતના છોકરાઓ પાસેથી હાથે લખેલાં ભજનની ચોપડી મેળવી લીધી. છોકરાઓએ કહ્યું કે અમારી પાસે સાધન નહીં તેથી છપાવ્યાં નથી. મહાદેવે એ ભજનો સંપાદિત કરીને નવજીવન તરફથી 'અર્જુનવાણી' એ નામે સને ૧૯૨૫માં છપાવ્યાં છે.

તે વખતની સહકારી મંડળીઓની નબળાઈઓ પણ મહાદેવે બૅન્ક આગળ સારી રીતે ઉઘાડી પાડેલી. ઘણા શાહુકારો સહકારી મંડળીના સભ્ય થતા અને દેવું પાછું ન ભરી શકે એવા પોતાના દેણદારોને મંડળી પાસે નાણાં ધીરાવી પોતાનું લેણું વસૂલ કરી લેતા. એક સોસાયટીના સેક્રેટરીએ તો સોસાયટીના પૈસા ઉચાપત પણ કરેલા. મહાદેવે ધમકાવીને એની પાસે પૈસા ભરાવી દીધા. મહાદેવને ઈન્સ્પેકટર તરીકે જુદાં જુદાં ગામે ફરવાનું થતું તે માટે તેઓ સાથે એક માણસ રાખતા અને પોતાની રસોઈ કરી લેવાનાં બધાં સાધન રાખતા. કોઈ જગ્યાએ ધર્મશાળામાં કે એવા જાહેર સ્થળમાં ઊતરવાનું ન મળે ત્યારે જ સોસાયટીના સેક્રેટરીને ત્યાં તેઓ રહેતા. તે પ્રમાણે એક સેક્રેટરીને ત્યાં મહાદેવ રાત્રે સૂઈ રહેલા. તેનું હૃદયદ્રાવક વર્ણન એક દિવસ મારી આગળ કરેલું. પેલો સેક્રેટરી દારૂથી ચકચૂર થઈ ઘેર આવ્યો અને આખી રાત સ્ત્રીને હેરાન

૫



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

કરી. ઘરમાં જ એક અજાણ્યા માણસ સૂતેલા એટલે પેલી સ્ત્રીએ પોતાનાં ડૂસકાં દબાવવા બહુ પ્રયત્ન કરેલો પણ મહાદેવ એ સાંભળી ગયા. મનમાં તો થયું કે ઊઠીને પેલાને સીધો કરું, પણ આટલી મોડી રાતે વરવહુની વઢવાડમાં વચ્ચે પડવાનું ઠીક ન લાગ્યું. એને વિષે પણ બહુ કડક રિપોર્ટ મહાદેવે કરેલો. મહાદેવના આવા રિપોર્ટો સરકારી રજિસ્ટ્રારને વધારેપડતા આકરા લાગતા. તેમને થતું કે સહકારી પ્રવૃત્તિ માંડ માંડ શરૂ થાય છે ત્યાં આવું કડકપણું રાખીશું તો મંડળીઓની સંખ્યા વધારી શકીશું નહીં. ભાઈ મહાદેવના દિલે આ વિચારસરણી સામે બળવો કર્યો. વળી સખત રખડપટ્ટીથી પણ એ કંટાળ્યા હતા, એટલે આ નોકરી છોડી દીધી.

## હોમરૂલ લીગ સાથે સંબંધ

તે વખતે પહેલું વિશ્વયુદ્ધ પૂરજોશમાં ચાલતું હતું અને હિંદ પાસેથી વધારેમાં વધારે મદદ મેળવવાની ઇંગ્લંડને ગરજ હતી. તે વખતના ભારતમંત્રી મિ. મોન્ટેગ્યુએ એક ભાષણ કર્યું તેમાં જણાવ્યું કે યુદ્ધ બંધ થયા પછી હિંદુસ્તાનને પહેલી તકે આપણે સ્વરાજ્ય આપવું જોઈએ, હિંદુસ્તાનનું અત્યારનું રાજ્યતંત્ર જડ કાષ્ઠવત્ થઈ ગયેલું છે, વગેરે. આ ભાષણની હિંદી રાજદ્વારી પુરુષોના મન ઉપર બહુ ભારે અસર થયેલી. મુંબઈ હોમરૂલ લીગે શ્રી બ્રેલ્વી મારફત મહાદેવભાઈ પાસે આ ભાષણનો અનુવાદ કરાવીને છપાવ્યો. એ અનુવાદ એટલો સરસ થયેલો કે શ્રી શંકરલાલ બેંકરને એમ થયું કે મહાદેવને હોમરૂલ લીગમાં જ રાખી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત
16/52

લઈએ. શ્રી જમનાદાસ દ્વારકાદાસ તે વખતે મુંબઈમાં એક આગેવાન નેતા ગણાતા હતા. તેમણે મહાદેવને પોતાના સેક્રેટરી તરીકે રહેવાનો આગ્રહ કરવા માંડ્યો. વૈકુંઠભાઈ તો એમને છોડવા તૈયાર જ નહોતા. એમણે કહ્યું કે, "તમે ભલે ઈન્સ્પેક્ટર તરીકે કામ ન કરો, પણ હું તમને અમારી બૅન્કની હૈદરાબાદ (દખ્ખણ) શાખાના મૅનેજરની જગ્યા અપાવવા તજવીશ કરીશ." હમણાં જ આપણે જોઇશું કે આ એકેમાં મહાદેવનું ચિત્ત ચોંટતું નહોતું. એમનું ભાવિ એમને બાપુજી પાસે ખેંચી રહ્યું હતું. છતાં શ્રી જમનાદાસ દ્વારકાદાસના સેક્રેટરી તેઓ પંદર દિવસ થયા. શ્રી જમનાદાસ ભરૂચ જિલ્લા રાજકીય પરિષદના પ્રમુખ થયા હતા. તેનું ભાષણ મહાદેવે તૈયાર કરી આપ્યું, એ એક જ કામ તેમના સેક્રેટરી તરીકે તેમણે કરેલું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૧૫

## બાપુજી સાથેનો પહેલો પ્રસંગ

બાપુના પ્રસંગમાં કેવી રીતે આવ્યા તે મુદ્દા પર હવે જઈએ. ૧૯૧૫ના એપ્રિલમાં બાપુજીએ અમદાવાદ આવી કોચરબ પાસે ભાડાના બંગલામાં આશ્રમની શરૂઆત કરી. થોડા વખત પછી આશ્રમના ઉદ્દેશો તથા નિયમાવલિનો એક મુસદ્દો તેમણે બહાર પાડ્યો અને આશ્રમના નામ વિષે તથા તેની નિયમાવલિ વિષે આખા દેશમાંથી મિત્રોના અભિપ્રાય તેમ જ ટીકા માગ્યાં. એ મુસદ્દાની થોડી નકલો ગુજરાત કલબના ટેબલ ઉપર પણ આવી હતી. તેમાંથી એક લઈ અમે વાંચી અને તેના ઉપર ટીકા લખી મોકલવાનો અમે વિચાર કર્યો. પહેલાં તો અમે બંનેએ સ્વતંત્ર રીતે લખ્યું અને પછી અમારા બંનેના લખાણમાંથી એક સંયુક્ત કાગળ તૈયાર કર્યો અને તે બાપુજીને મોકલી આપ્યો. તેનો લેખી જવાબ આપવાની તસ્દી ન લેતાં યોગ્ય લાગે તો અમને રૂબરૂ બોલાવવાની વિનંતી અમે કરી હતી. એ કાગળની નકલ તો અત્યારે મારી પાસે નથી પણ ફરજિયાત બ્રહ્મચર્યમાંથી અનેક દોષો પેદા થવા સંભવ છે તથા હાથઉદ્યોગનો જ આગ્રહ રાખવાથી દેશની આર્થિક પ્રગતિ રોકાઈ જવાનો ભય છે એવી એવી ટીકાઓ લખી અમારું પુસ્તકપાંડિત્ય અમે ઠાલવ્યું હતું. પાંચ છ દિવસ જવાબ ન આવ્યો એટલે અમે માન્યું કે ગાંધીજીને અમારો કાગળ મહત્ત્વનો નહીં લાગ્યો હોય.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

એ અરસામાં અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં એક જાહેર સભામાં બાપુજી ભાષણ કરવા આવેલા. ત્યાંથી બાપુજી આશ્રમમાં પાછા જતા હતા તેમની પાછળ પાછળ અમે ગયા. તેમની તેજ ચાલ એટલે લગભગ દોડીને અમે તેમને એલિસબ્રિજ ઉપર પકડી પાડ્યા અને અમારા કાગળની વાત કરી. તેમણે કહ્યું કે, "હા, બે જણની સહીવાળો એક કાગળ આવ્યો છે ખરો; એ બે તમે જ કે? હું તમને બોલાવવાનો જ હતો. બીજા પ્રાંતોમાંથી તો ઘણા અને સારા સારા કાગળો આવ્યા છે. સર ગુરુદાસ બૅનરજીનો કાગળ તો ઘણો સારો છે. ગુજરાતમાંથી તો થોડા જ કાગળો આવ્યા છે. તેમાં તમારો મને ઠીક લાગ્યો છે, તમને હું જરૂર વખત આપીશ. અત્યારે જ જો તમને વખત હોય તો ચાલો મારી સાથે આશ્રમમાં, આપણે વાતો કરીશું."

## પ્રથમ દીક્ષા

અમે તો રાજી થઈને તેમની સાથે ચાલવા માંડ્યું. બાપુજીએ અમને પૂછ્યું, "શું કરો છો?" "વકીલાત," એ જવાબ આપ્યો. એટલે પૂછ્યું, "તમારી પાસે છેલ્લી 'ઇંડિયન ઇયર બુક' છે? મારે તેમાંથી થોડું જોઈ લેવું છે." મેં કહ્યું, "મારી પાસે ગયા વરસની છે. પરંતુ છેલ્લી મેળવીને આપને મોકલી આપીશ." એટલે કહે, "એવા કેવા વકીલ છો? હું જ્યારે હજામત કરતો ત્યારે બધો સાજ છેલ્લામાં છેલ્લી ઢબનો રાખતો."

આશ્રમમાં પહોંચ્યા પછી અમારો કાગળ કાઢ્યો. તેમાંથી વાંચતા ગયા અને વિવેચન કરતા ગયા. લગભગ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

દોઢ કલાક સુધી પોતાના આદર્શો અને વિચારસરણી સમજાવી. અમે વચમાં ક્યાંક ક્યાંક દલીલ કરતા પણ અમારે વિશેષે તો સાંભળવાનું જ હતું. આ દોઢ કલાકની વાગ્ધારાની અમારા બંનેના ચિત્ત ઉપર ઊંડી છાપ પડી. લગભગ દસેક વાગ્યાને સુમારે અમે આશ્રમમાંથી નીકળ્યા. મેઘલી રાત હતી. ઝરમર ઝરમર છાંટા પડતા હતા. અમે બંને એક બીજા સાથે કશું બોલ્યા વગર ચાલતા હતા. જોકે અમારા બંનેના દિલમાં વિચાર તો એક જ ચાલી રહ્યા હતા. એલિસબ્રિજ પર આવતાં મહાદેવ બોલ્યા, "નરહરિ, મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે." મેં જવાબ આપ્યો, "એમ કરી શકીએ તો આપણાં ધન્યભાગ્ય, પણ અત્યારે તો કશો નિર્ણય થઈ શકતો નથી." પાછા અમે શાંત થઈ ગયા અને કશું બોલ્યા વિના જ પોતપોતાને ઘેર પહોંચ્યા. આ અમારી પહેલી દીક્ષા, આશ્રમમાં જોડાવાના સંકલ્પનો પ્રથમ ઉદય.

સને ૧૯૧૬માં લૉર્ડ મોરલેના 'ઑન કૉમ્પ્રોમાઈઝ'નો અનુવાદ મહાદેવે લગભગ પૂરો કરી નાખ્યો હતો. તે છપાવતાં પહેલાં લૉર્ડ મોરલેની પરવાનગી મેળવવી જોઈએ. પરવાનગી મેળવવાનો કાગળનો મુસદ્દો મહાદેવે તૈયાર કર્યો અને મને કહે કે, "લૉર્ડ મોરલે જેવાને કાગળ લખવાનો, માટે આપણે ઇંગ્લંડની રીતભાત અને શિષ્ટાચારના જાણકાર એવા કોઈ તાજા ઇંગ્લંડ જઈ આવેલાને આ કાગળ બતાવીએ તો ઠીક." મેં કહ્યું, "બીજા કોઈને બતાવવા કરતાં ગાંધી સાહેબ (અમે તે વખતે એમને ગાંધી સાહેબ કહેતા)ની પાસે જ શું કામ ન જઈએ?" અમે તો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

કાગળ લઈને આશ્રમમાં ગયા. મહાદેવે 'કૉમ્પ્રોમાઈઝ'ના અનુવાદને લગતી બધી હકીકત કહીને પેલો કાગળ બાપુજીને બતાવ્યો. કાગળ વાંચીને કંઈક દુઃખ સાથે એ બોલ્યા : "અંગ્રેજો આપણને ખુશામતખોર અને સ્વરાજ્યને માટે નાલાયક કહે છે તે કંઈ અમસ્તા કહે છે? આવા કાગળમાં તમે મોરલેની વિદ્વત્તાનાં અને તત્ત્વવેત્તાપણાનાં આટલાં ગુણગાન કરો એ અપ્રસ્તુત છે. વળી એમને કાગળ લખતાં તમારી કલમ અને હાથ ધ્રૂજે શું કરવા? તમારે તો એક કામકાજી (બીઝનેસ) કાગળ લખવાનો છે. તેમાં ફૉબ્સ સભાએ આ કામ માટે તમારી કેવી રીતે પસંદગી કરી એ ટૂંકમાં આવે અને તમે બહુ કાળજીપૂર્વક અનુવાદ કર્યો છે તે આવે. આવો કાગળ તો બાર પંદર લીટીનો હોય. તેથી લાંબો કાગળ લખો તો લૉર્ડ મોરલે તે વાંચે પણ નહીં. તમારે જોઈતો હોય તો હું તમને કાગળ લખાવું. લખો."

## સ્વભાષાની ઉપાસનાની દીક્ષા

તે દિવસે ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતા વિષયો પર અમારે ઠીક ઠીક વાતો થઈ. આ વાતોમાં કોઈ કોઈ વાર જુસ્સામાં આવી જઈ મહાદેવ ઠીક ઠીક અંગ્રેજી શબ્દો અને વાક્યો પણ બોલી જતા. બધું સાંભળી લીધા પછી કંઈક ઉપહાસયુક્ત સ્મિત કરતાં બાપુજીએ મહાદેવને કહ્યું, "તમારી મા આગળ આવું બધું બોલો તો મા જાણે કે દીકરો બહુ ભણ્યો છે પણ બિચારી કશું સમજે નહીં." ત્યાર પછી આપણા ભણેલા લોકો ગુજરાતી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ભાષા પ્રત્યે બેદરકાર રહી કેટલા અપરાધી બન્યા છે તેના પર વિવેચન ચાલ્યું. ગુજરાતી ભાષાની ઉપાસના કરવાની આ બીજી દીક્ષા અમને મળી. અને અમે બાપુજીના પ્રશંસક બન્યા. પણ સ્વ૦ મોહનલાલ પંડ્યા અને સ્વ૦ દયાળજીભાઈ તો ગાંધીઘેલા હતા એમ કહીએ તો ચાલે. પંડ્યાજી મારા અને દયાળજીભાઈ મહાદેવના અમુક રીતે મુરબ્બી હતા. અમને બન્નેને બાપુજી પ્રત્યે વધારે ખેંચવામાં એ બે મુરબ્બીઓનો પણ ફાળો હતો એ મારે કબૂલ કરવું જોઈએ.

પછી તો મહાદેવભાઈ સેન્ટ્રલ કોઑપરેટિવ બૅન્ક તરફથી સહકારી મંડળીઓના ઇન્સ્પેક્ટર બન્યા. એમના પિતાશ્રી નિવૃત્ત થયા એટલે મહાદેવનું અમદાવાદ આવવાનું ઓછું થવા માંડ્યું. જોકે હું ઘણી વાર આશ્રમમાં જતો, અને મહાદેવ જ્યારે અમદાવાદ આવતા ત્યારે અમે બન્ને જતા. તે અરસામાં મહાદેવભાઇનો એક નાનો ભાઈ ઠાકોર ગુજરી ગયો. તેના સ્મરણમાં પોતાની નવી નોકરીમાંથી બચાવેલા રૂ. ૫૦૦ મહાદેવે બાપુજીને અર્પણ કર્યા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

## ૧૬

## ગિરમીટ પ્રથા રદ કરાવવાનું આંદોલન

મારું આશ્રમમાં જવાનું વધતું ગયું. આફ્રિકા, ફિજી વગેરે વસાહતોમાં હિંદી મજૂરોને પાંચ વર્ષની બંધણીથી ગોરા જમીનદારોનાં વિશાળ વાવેતરો ઉપર મજૂરી કરવા લઈ જવાની પ્રથા જે 'ઍગ્રીમેન્ટ' શબ્દના અપભ્રંશ ઉપરથી ગિરમીટ પ્રથાને નામે ઓળખાતી તે બંધ કરવાનો ઠરાવ મોરલી-મિન્ટો સુધારા પ્રમાણે નવી રચાયેલી દિલ્હીની વડી ધારાસભામાં ગોખલેજીએ સને ૧૯૧૨માં રજૂ કર્યો હતો પણ સરકારે તેનો કશો અમલ કર્યો ન હતો.

૧૯૧૬ના માર્ચમાં પંડિત માલવીયજી વડી ધારાસભામાં ફરી એ ઠરાવ લાવ્યા. વાઈસરૉય લૉર્ડ હાર્ડિંગે ઠરાવનો સ્વીકાર કરતાં કહ્યું કે સરકાર એ પ્રથાને વખત આવ્યે (in due course) રદ કરવાનું વચન આપે છે. બાપુજીને આથી સંતોષ થયો નહીં અને તેમણે સરકાર સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. 'વખત આવ્યે'નો અર્થ વાઈસરૉયે એ કર્યો કે 'બીજી વ્યવસ્થા દાખલ કરી શકવા માટે જેટલા વાજબી વખતની જરૂર પડે એટલા વખતમાં.' આથી નેતાઓને સંતોષ ન થયો અને ૧૯૧૭ના ફેબ્રુઆરીમાં આ પ્રથાને તુરત બંધ કરવાનું 'બિલ' ધારાસભામાં રજૂ કરવા પરવાનગી માગવામાં આવી. તે વખતે વાઈસરૉય-પદે લૉર્ડ ચૅમ્સફર્ડ આવ્યા હતા. તેમણે પરવાનગી ન



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

આપી. બાપુજીને લાગ્યું કે આની સામે દેશવ્યાપી આંદોલન કરવું જોઈએ અને જરૂર પડે તો સત્યાગ્રહની લડત માટે આ યોગ્ય મુદ્દો હોઈ લડત આપવી જોઈએ. નેતાઓની સાથે મસલતમાં તેમણે જણાવ્યું કે 'તુરત બંધ કરવો' એ શબ્દનો પણ આપણે એક અર્થ કરીએ અને સરકાર જુદો જ અર્થ કરે, તેથી આપણો ઠરાવ '૧૯૧૭ના જુલાઈની ૩૦મી પહેલાં પ્રથા બંધ થવી જોઈએ' એવો હોવો જોઇએ. આ આંદોલનને અંગે બાપુજીને વાઈસરૉય સાથે તથા નેતાઓ સાથે વાતો થતી તેમાંથી જાહેર કરવા જેવી વાતો તેઓ આશ્રમની પ્રાર્થના પછી કરતા. જ્યારે બાપુજી અમદાવાદમાં હોય ત્યારે પંડયાજી અચૂક આશ્રમમાં જતા અને હું પણ ઘણી વાર તેમની સાથે જતો. આશ્રમમાં મળવા આવનારને બાપુજી એ પણ પૂછતા કે સત્યાગ્રહ થાય તો જેલમાં જવા તૈયાર છો ને? પંડયાજીએ અને મેં હા કહેલી. મહાદેવ તે વખતે બેંકના ઈન્સ્પેકટરની નોકરીમાં જ હતા. આશ્રમમાં થતી બાપુજીની બધી વાતોના લાંબા લાંબા કાગળો હું મહાદેવને લખતો અને મુંબઈના અમારા મિત્રમંડળમાં તે રસથી વંચાતા. કહેવાની જરૂર નથી કે દેશવ્યાપી આંદોલન અને બાપુજીના દૃઢ વલણને પરિણામે વાઈસરૉયે ગિરમીટ પ્રથા ૩૦મી જુલાઈ પહેલાં નાબૂદ કરવાનું જાહેર કર્યું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૧૭

## હું આશ્રમમાં જોડાયો

આ અરસામાં જ એટલે ૧૯૧૭ના એપ્રિલમાં બાપુજીએ ચંપારણમાં સત્યાગ્રહનો પ્રયોગ કર્યો. તેમને ચંપારણ જિલ્લો છોડી જવાની નોટિસ આપવામાં આવી હતી અને તેનો ભંગ કર્યા બદલ તેમના ઉપર જે તારીખે કેસ ચાલવાનો હતો તેની આગલી રાતે તેમણે ઘણા મિત્રોને કાગળો લખેલા અને પોતાના હાથ પરનાં કામકાજની ભાળવણી કરેલી. આશ્રમમાં મગનલાલભાઈ ગાંધી ઉપર સૂચનાઓથી ભરેલો કાગળ લખેલો તેમાં મારે વિષે લખેલું કે ભાઈ નરહરિને આશ્રમના જેવા જ ગણશો. તેના ઉપર મારી આંખ ઠરી છે. અમદાવાદનું કાંઈ પણ કામ એને સોંપવામાં સંકોચ ન રાખશો. આ કાગળ મને મગનલાલભાઈએ વંચાવ્યો ત્યારે મારા હરખનો પાર ન રહ્યો. એ ઉનાળાની રજાઓ દરમ્યાન મેં આશ્રમમાં રહેવા વિચાર કરેલો અને તે માટે બાપુની રજા મેળવી લીધેલી. હું આશ્રમમાં રહેવા ગયો તે વખતે ગુજરાત કૉલેજના પ્રો. સાંકળચંદ શાહ અને કાકાસાહેબ આશ્રમમાં હતા. આશ્રમમાં રાષ્ટ્રીય શાળા સ્થાપવાનો તેમણે બાપુજી સાથે વિચાર કરી રાખેલો અને તેના અભ્યાસક્રમની તથા બીજી બધી વિગતોની ચર્ચાઓ તેઓ કરતા તેમાં હું ભાગ લેતો. છેવટે તેમણે વૈશાખ સુદ ૧૫ એટલે બોધિજયંતી, તા. ૭મી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એનો દિવસ શાળાના મંગળમૂહૂર્ત માટે નક્કી કર્યો. એ દિવસ અગાઉ જ તેમને મેં કહ્યું કે બાપુજીની સંમતિ મળી જાય તો હું પણ શાળામાં જોડાવા તૈયાર છું. મગનલાલભાઇ ગાંધીએ કહ્યું કે બાપુજીની સંમતિ છે જ એમ તમે માની લો.

મેં આ નિર્ણય તત્કાળ જ કરી લીધેલો. મારાં કુટુંબીજનોને કે સ્નેહીસંબંધીઓને પૂછેલું કરેલું નહીં. પૂછવા જાઉં તો સંમતિ ન મળે એવી મારી ખાતરી હતી. મારા નિર્ણયની જાણ થઈ ત્યારે મારા કુટુંબમાં ભારે ખળભળાટ થયો. સ્નેહીઓ તથા કેટલાક વકીલો જેઓ મુરબ્બી તરીકે મારામાં રસ લેતા તેમને પણ લાગ્યું કે આણે આપણી સલાહ પણ ન પૂછી! એક સબ-જજે તો મને મળી જવાનો સંદેશો પણ મોકલ્યો. તેઓ મને સમજાવીને મારો નિર્ણય ફેરવાવવા ઇચ્છતા હતા. ફક્ત એક દાદાસાહેબ માવળંકર આ વાત સાંભળી મને અભિનંદન આપવા આશ્રમમાં આવેલા. મહાદેવ અને હું તો ઘણા વખતથી આવો વિચાર સેવતા જ હતા. પણ છેવટનો નિર્ણય મેં તો અચાનક જ કરી નાખેલો એટલે તેઓ હર્ષિત થયા અને પહેલી તકે મને મળવા આશ્રમમાં આવ્યા.

## મહાદેવના અંગ્રેજીએ બાપુજીનું ધ્યાન ખેંચ્યું

તેઓ આવ્યા તે વખતે બાપુ પણ આશ્રમમાં હતા. બાપુજીએ સત્યાગ્રહનું સ્વરૂપ સમજાવનારી એક પત્રિકા ગુજરાતીમાં લખી હતી. તેનું અંગ્રેજી કરવાનું કામ તેમણે અમને શિક્ષકોને સોંપ્યું. અંગ્રેજી ભાષાની બાપુજીની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

કસોટીમાંથી અમરામાંથી કોઈ પાસ થાય તેમ નહોતું તે અમે જાણતા હતા એટલે અમે કાંઈક મૂંઝવણમાં હતા. તે જ દિવસે મહાદેવ આવી પહોંચ્યા એટલે મેં એમને જ અનુવાદનું કામ સોંપી દીધું. સાંજે ચાર વાગ્યે એ લઈને અમે બાપુજી પાસે પહોંચ્યા. આ અનુવાદ બાપુજી સુધારતા હતા તે વખતે મહાદેવે બાપુજી સાથે તે વિષે ઠીક ઠીક ચર્ચા કરી. મહાદેવના આ અનુવાદે અને સુધારવા દરમ્યાન તેમની ચર્ચાએ બાપુજીના હૃદયમાં મહાદેવભાઈને વિશેષ સ્થાન અપાવ્યું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## ૧૮

## બાપુજીએ મહાદેવને માગી લીધા

ઑગસ્ટ મહિનામાં ભાઈ મહાદેવે બૅંકના ઈન્સ્પેકટરની નોકરી છોડી દીધી. ત્યાર પછી એમનાં ઘણાં માગાં આવ્યાં એ ઉપર કહેવાઈ ગયું છે. તે અરસામાં એ મુંબઈમાં બાપુજીને પણ મળેલા. બાપુજીએ એમને જે વાત કરી તે નીચેના મારી ઉપરના પત્રમાં તેમણે આપી છે. એ પત્ર સઘળી સ્થિતિ સમજાવતો હોઈ આખો જ અહીં ઉતારું છું:

મુંબઈ
તા. ૨ જી સપ્ટેંબર, ૧૯૧૭

ભાઈ નરહરિ,

આ પત્ર તદ્દન ખાનગી લખું છું. એમાંની વાત તમારા સિવાય બીજું કોઈ ન જાણે એવું તમને અગાઉથી કહીને જ આ પત્ર તમને લખું છું. મારી નિયમિત હાજરી ગાંધીજીને મુકામે થતી હતી એ તમોને મેં કહ્યું છે. તા. ૩૧મી ઓગસ્ટને દિને સવારે બાપુજીએ કેટલાંક વચનોથી મને પ્રેમ, આશ્ચર્ય અને આનંદમાં ગરક કર્યો. તે દિવસની ટૂંકી પણ પત્ર ઉપર ન મુકાય એવી વાતચીત પત્ર ઉપર મૂકવાનો પ્રયત્ન કરું છું. "તમોને દરરોજ હાજરી ભરવાનું કહું છું, તેનું કારણ છે. તમારે તો મારી પાસે આવી રહેવાનું છે. આ છેલ્લા ત્રણ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

દિવસોમાં તમારું ઝવેર મેં જોઈ લીધું છે. આ બે વર્ષ થયાં હું જેવા જુવાનની શોધમાં ફરતો હતો તે મને મળી રહ્યો છે. તમે માનશો ? જેને મારું કામકાજ કોઈ દહાડો સોંપી દઈ હું નિરાંતે બેસું, જેને હું સુખે લટકી પડી શકું એવો માણસ મારે જોઈતો હતો અને તે તમે મને મળી ગયા છો. હોમરૂલ લીગ, જમનાદાસ, વગેરે બધું મૂકી દઈને મારી પાસે જ આવવાની તમારે તૈયારી કરવાની છે. આ જિંદગીમાં આવા શબ્દો બહુ ઓછા જણોને મેં કહ્યા છે. માત્ર ત્રણ જ જણને—પોલાક, મિસ શ્લેશિન અને ભાઈ મગનલાલ. આજે તમને તે શબ્દો કહેવા પડે છે અને આનંદથી કહું છું. કારણ તમારામાં ત્રણ ગુણો હું ખાસ જોઈ શકયો છું. પ્રામાણિકતા, વફાદારી અને સાથે હોશિયારી. મગનલાલને મેં એક દિવસ ઉપાડી લીધો ત્યારે બહારથી જોઈએ તો મગનલાલમાં કાંઈ ન હતું. પણ આજે તો તમે મગનલાલને જોઈને ચકિત થાઓ છો ને ? એ કંઈ શીખેલો ન હતો. મેં પ્રેસને માટે પહેલો એને તૈયાર કર્યો. પહેલાં ગુજરાતી બીબાં ગોઠવતાં શીખ્યો, પછી અંગ્રેજી, પછી હિંદી, તામિલ વગેરે સઘળાં બીબાં હોશિયારીથી ગોઠવતાં શીખી ગયો. અને એ બધું એણે એટલા ઓછા વખતમાં આટોપ્યું કે હું જોઈ રહું. ત્યાર પછી તો એણે કંઈ કંઈ કામ કરી બતાવ્યાં છે. પણ મગનલાલની વાત તો કોરે રહી. તમારામાં જે હોશિયારી મેં જોઈ છે તે મગનલાલમાં નથી જોઈ. તમારા ગુણોને લીધે તમે મને અનેક કામોમાં ઉપયોગી થઈ પડશો એવી મારી ખાતરી છે.” [આ બધું હું કંઈક આશ્ચર્ય, કંઈક શરમ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

અને સંપૂર્ણ મૌનથી સાંભળી રહ્યો હતો. મારાથી વચ્ચે બોલાઈ ગયું કે 'મેં કંઈ મારું કરેલું કામ બતાવ્યું નથી.' તેના ઉત્તરમાં હવે પછીનું બોલાયું.] "તમને શું ખબર પડે? હું તો બહુ ઓછા વખતમાં માણસને જોઈ શકું છું. પોલાકને પાંચ કલાકમાં પારખી લીધેલા. મારો છાપામાં એક પત્ર વાંચી પોલાકે મને એક પત્ર લખ્યો અને મળવા આવ્યો ત્યારે જ મેં એને જોઈ લીધો અને પછી તો એ મારો થઈ ગયો. એ પરણ્યા અને વકીલ થયા તે પણ મારે ત્યાંથી. પરણતા પહેલાં મને કહે કે મારે થોડું કમાઈ લેવું જોઈએ, બચ્ચાં છોકરાં સારુ. મેં તેને સ્પષ્ટ કહ્યું કે તું હવે મારો છે. તારી ચિંતા અને તારાં બચ્ચાં છોકરાંની ચિંતા મને છે. હું તને પરણાવું છું અને તું પરણે એમાં કંઈ વાંધો નથી. અને પછી મારા ઘરમાં જ એનાં લગ્ન થયેલાં. વારુ, એ વાત તો થઈ રહી, પણ હવે તમને કહું છું કે તમે હોમરૂલ તથા જમનાદાસની વાત છોડી દો. હૈદરાબાદ જાઓ. એકાદ વર્ષ ખેલી ખાઓ. જગતની મઝા ભોગવો અને ધરાઈ લો. હૈદરાબાદમાં ગયા પછી જે દિવસે અને જે ઘડીએ તમને ત્યાં તમારાપણું જતું લાગે તે જ ઘડીએ રાજીનામું આપી ચાલતા થવું અને મારી પાસે આવીને બેસવું." [એટલે મેં કહ્યું કે 'હું તો આજ પણ આવવા તૈયાર છું.'] "તમે તૈયાર છો એ હું જાણું છું, પણ તમે હજી જરાક જિંદગી જુઓ અને ખેલ ખેલી લો એવો મારો તમને આગ્રહ છે. તમારા કો-ઑપરેશનના જ્ઞાનની પણ મને જરૂર પડશે. આપણે તો એ ખાતાનો ખોડો કાઢવો છે. બિલકુલ નિશ્ચિંત રહો અને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

થોડો વખત ખેલી લઈ મારી પાસે જ આવી રહો. શાળાને માટે કે બીજા કામને માટે નહીં પણ મારે પોતાને માટે મને તમારી જરૂર છે. તમે એક વર્ષ, છ માસ ખેલી લો તેટલો વખત હું ચલાવી લઈશ."

લગભગ અડધો પોણો કલાક આ અમૃત હું પીધાં કરતો હતો એટલામાં લોકોની મેદની થવા લાગી અને અમારી ખાનગી વાત બંધ થઈ ગઈ. હાજરી તો હું ભરું છું અને આજે રાત્રે પાલગઢ સુધી તેમની સાથે પાછા જવાનો વિચાર છે. શંકરભાઈને* માટે ફળ—એમણે આટલી મમતા બતાવ્યા પછી એમની સાથે મોકલવામાં મને કંઈ ખોટું લાગતું નથી. આજે સવારે મેં એમને કહ્યું કે બેંકર મારી સાથે ખૂબ ખિજાયા છે. એટલે પૂછ્યું : કેમ ભલા? મેં જવાબ આપ્યો : મેં પરમ દિવસનો નિશ્ચય કર્યો તેથી. બાપુએ કહ્યું : ત્યારે એમનો ખિજવાટ ખમી લો. ખમી લીધે જ છૂટકો છે. એટલે મેં કહ્યું : એમનું કહેવું એવું છે કે તમે હૈદરાબાદ ન જતા હો અને અહીં જ રહેવાના હો તો તો બૅન્કના કરતાં હોમરૂલ લીગમાં તમને આવવા દેવામાં ગાંધીજીને શો વાંધો હોય? એટલે મેં કહ્યું કે મારે બદલે 'ઑરગેનાઈઝિંગ વર્ક' કરનારો બીજો તમને મળી રહેશે. ત્યારે મને કહે કે 'ના, બીજો તમારા જેવો ન મળે.' મારી સ્થિતિ કંઈક કફોડી છે. એ લોકો હું મારી જેટલી કિંમત કરું છું તેના કરતાં વિશેષ કિંમત કરે છે. એટલે બાપુજીએ ટૂંકમાં પતાવ્યું, "લોકો

* મારા મોટાભાઈ જેઓ તે વખતે બીમાર હતા.

૬



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

આપણી કિંમત કરે તે આપણે સ્વીકારી લઈએ તો તો મરવાનો જ વારો આવે. ભલે તેઓ તેમ કહેતા. તેની સાથે તમારે લેવાદેવા નથી. તમે મુંબઈ રહો તે દરમ્યાન સાંજે બે કલાક એમ ને એમ લીગને સેવા આપી છે એટલું બસ છે."

આવી સ્થિતિ છે. પત્ર લાંબો થઈ જાય છે પણ આ વાતો તમને નહીં કહું તો કોને કહું. પત્ર વાંચીને મને પાછો મોકલી આપજો. કારણ જે શબ્દો પત્રમાં મેં બાપુજીના લખ્યા છે તે લગભગ જેમના તેમ છે. કાળ જતાં તે ભુલાઈ જાય કદાચ. મારા પિતાને કે બીજા કોઈને મારો હોમરૂલમાં જોડાવાનો નિશ્ચય બદલવાનાં કંઈ કારણ જણાવ્યાં નથી. આ વાતો એવી છે કે પત્રોએ જણાવીએ તો બેવકૂફી કહેવાય. કોઈ દિવસ એ પત્ર પિતાને અને ગિન્નીને* વંચાવું ખરો.

હૈદરાબાદ મેં ત્રણસો રૂપિયા આપો તો આવું એવો તાર કરેલો તેનો જવાબ આવ્યો નથી. હૈદરાબાદ ન જાઉં તો બાપુજી કહે ત્યાં સુધી અહીં બેંકમાં જ રહીશ અને થોડા વખતમાં મુંબઈમાં ઘર લઈશ. બાપુજી બોલાવે ત્યારે જવાને અત્યારથી તૈયારી કરવા માંડવાની છે. તૈયારી મોટી સાધનસંપત્તિની. હરિ મને સામર્થ્ય આપો. ગોખલેજીનું ભાષાંતર× કાલથી શરૂ કરીશ. માત્ર સવારે જ થોડું થોડું

---

* ગૃહિણીનું બંગાળી રૂપ.

× ૧૯૧૭ના ફેબ્રુઆરીની ૧૯મી તારીખે ગોખલેજીની બીજી સંવત્સરીની સભા અમદાવાદમાં થઈ તે વખતે પોતાના ભાષણમાં બાપુજીએ જણાવેલું કે આપણે ખાલી ખાલી ગોખલેજીની સંવત્સરી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

થશે. કારણ સાંજના બે કલાક તો હોમરૂલના છે. ગિન્નાં હવે સારાં થયાં હશે.

લિ૦

તમારો મહાદેવ

તા. ક. જે જિંદગીને નકામી માની કેટલીક વાર કંટાળતો તેને હવે worth living (જીવવા જેવી) માનવા જેટલી શ્રદ્ધા મનમાં આવી છે. જોકે બાપુજીએ જે મને આટલું બધું કહી શરમમાં દબાવ્યો છે તે તો હું મારે વિષે માનવાને હજી અશક્ત છું. માત્ર એટલું જ કે એવું સર્ટિફિકેટ મને જિંદગીમાં કદી મળ્યું નથી, કદી મળનાર નથી. ભવિષ્યમાં કંઈ કામનો હું નિમિત્ત થાઉં અને જગત મને પ્રશંસે તોપણ આ અંતરના ઉદ્‌ગારો મારા અંતરનો અને જિંદગીભરનો ખજાનો છે.

---

દર વર્ષે ઊજવીએ તેનો કોઈ અર્થ નથી. ગોખલેજીનાં બધાં ભાષણોનો ગુજરાતીમાં અનુવાદ કરી આપવા કોઈ તૈયાર થાય તો હું છપાવવાની ગોઠવણ કરીશ. આ ઉપરથી એમને આશ્રમમાં મળીને એ કામ કરવાની મેં તૈયારી બતાવી અને તેમાં મહાદેવની મદદ પણ હું મેળવીશ એમ જણાવ્યું. થોડાં પાનાંનો અનુવાદ કરી પોતાને બતાવવા મને કહ્યું. એ અનુવાદ તેમણે આનંદશંકરભાઈને જોવા આપ્યો અને તેમણે પાસ કર્યો એટલે કામ મને સોંપ્યું. બધાં ભાષણોમાંથી ચરિત્ર-કીર્તનનાં ભાષણોનો મહાદેવે કરેલો અનુવાદ અને દક્ષિણ આફ્રિકા વગેરે વસાહતી પ્રશ્નો ઉપરનાં ભાષણોનો મારો અનુવાદ એમ બે ચોપડીઓ બહાર પડી છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૧૯

## બાપુજી સાથે ચંપારણ ગયા

ઉપરની વાતચીત થઈ ગયા પછી મહાદેવનું ચિત્ત બીજા કશામાં ચોંટે એમ હતું જ નહીં. નવેમ્બર મહિનામાં ગોધરામાં પહેલી ગુજરાત રાજકીય પરિષદ મળી. ત્યાં તેઓ દુર્ગાબહેનને લઇને બાપુને મળવા આવ્યા. બાપુએ કહ્યું કે : તમે બંને થોડો વખત મારી સાથે ફરો, પાકો નિર્ણય પછી કરજો. એટલે ગોધરાથી સીધા બાપુજી ચંપારણ જવાના હતા એ પ્રવાસમાં તેઓ બંને બાપુની સાથે થયાં.

## પિતાશ્રીના બે વાંધા

મહાદેવ બાપુજી સાથે જોડાય તેમાં મહાદેવના પિતાશ્રીને બે વાંધા હતા. એક તો, તેમને લાગતું કે મહાદેવનું શરીર બહુ નાજુક છે. એણે કોઇ દિવસ કશું મહેનતમજૂરીનું કામ કરેલું નથી. અને ગાંધીજીની સાથે તો બહુ મહેનતુ અને ખડતલ જીવન ગાળવું પડે તેમાં મહાદેવનું શરીર શી રીતે ટકે ? બીજું તેમને એમ લાગતું કે સમાજમાં કોઈ માનમરતબાનું સ્થાન મેળવ્યા પછી આવામાં પડે તેની જ કિંમત છે. જિંદગીની શરૂઆતમાં આવામાં પડે તેને પાછળથી પસ્તાવું પડે છે. બાકી કમાવાની અને ધનસંચયની તેમને બહુ પડી ન હતી. એક દિવસ મહાદેવને ઘેર અમે બધા બેઠાબેઠા ચા પીતા હતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

મહાદેવના પિતાશ્રીના એક મિત્ર તેમાં હતા. ઘરમાં અમે જ્યાં બેઠા હતા ત્યાંથી એક મિલમાલિકની હવેલી દેખાતી હતી. પિતાશ્રીના મિત્ર મહાદેવને કહે : 'તું કમાઇને આવી હવેલી બંધાવે ત્યારે મારા જીવને ટાઢક વળે. પિતાશ્રીએ કહ્યું : ભાઈ, આપણે એવી હવેલીબવેલી કાંઇ જોઇતી નથી. આપણાં ખોરડાં રાજ કરે. એ હવેલીમાં રહેનારાંનાં જીવન કેવાં હોય છે અને એ લોકો કેવાં સુખી કે દુ:ખી હોય છે તેની આપણને શી ખબર પડે? માટે આ જ સ્થિતિમાં આબરૂભેર આપણે જીવન ગાળીએ એમાં મને તો પૂરો સંતોષ છે. એટલે પિતાશ્રીનો વાંધો ધનનો નહીં પણ બીજાં કારણોએ જ હતો. મહાદેવ પિતાશ્રીને એમ સમજાવતા કે : ગાંધીજીની પાસે જઈને મારે ક્યાં મોટા નેતા થવું છે? મારે તો છાયા જેવા જ રહેવું છે. એમની સાથે ફરવું છે, ઘડાવું છે ને શિક્ષણ લેવું છે. મારે નેતા થવું હોય તો વિચાર કરવાનો રહે. અને ગાંધીજીને તો સ્ટેટસ (માનમરતબો) મળી ગયેલું છે. એટલે મારે વિચારવાનું છે જ નહીં.

## બાપુજીને ચરણે બેસી ગયા

ચંપારણમાં ફરી આવ્યા પછી પિતાશ્રીના આશીર્વાદ મેળવવા મહાદેવ એમની સાથે દિહેણમાં રહ્યા. તે વખતે હું બાપુજી સાથે ચંપારણમાં હતો. એક દિવસ મહાદેવનો તાર આવ્યો : હું અને દુર્ગા આવીએ છીએ. હું એમને સ્ટેશન પર લેવા ગયો પણ એ આવ્યા નહીં. પાછો આવ્યો ત્યારે બાપુજીએ મહાદેવનો તાર બતાવ્યો કે : પિતાશ્રીનું



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

મન બહુ દુભાય છે તેથી ખૂબ ઇચ્છા હોવા છતાં આપની સાથે જોડાઈ શકતો નથી. આ પ્રમાણે તાર કર્યો તો ખરો, પણ તાર મોકલ્યા પછી મહાદેવની દુઃખી હાલત પિતાશ્રીથી જોઈ ગઈ નહીં, એટલે એમણે આશીર્વાદ સાથે રજા આપી. એટલે ત્રીજે દિવસે ફરી તાર આવ્યો કે : પિતાશ્રીના આશીર્વાદ મેળવ્યા છે અને આવું છું. હું એમને સ્ટેશન ઉપર લેવા જતો હતો ત્યારે બાપુજી મને કહે : 'નરહરિ, ફરી પાછો તાર આવે કે નથી આવતો તો કેવી મઝા થાય ?' મેં જવાબ આપ્યો કે : ના, આજે તો મહાદેવ જરૂર આવશે. તે દિવસે મહાદેવ અને દુર્ગાબહેન આવ્યાં અને ત્યારથી મહાદેવનો દેહાંત થયો ત્યાં સુધી બાપુજીમાં લીન થઈ જઈને એ રહ્યા. એમને તો એમાં એ જાતના જીવનસાફલ્યનો આનંદ અને સંતોષ હતો. પણ દુર્ગાબહેનનું શું ? એમને જોકે દુનિયાના મોજશોખ અને વૈભવની લોલુપતા નહોતી. આ નવા જીવનમાં પણ હમેશાં મહાદેવની સાથે રહેવાનું મળે તો એથી વધારે કશું એમને જોઈતું નહોતું. પણ મહાદેવને તો કાયમ બાપુ સાથે ફર્યા કરવાનું. સાથે લઈ જઈ શકાય એમ હોય ત્યાં તો બાપુજી દુર્ગાબહેનને સાથે લઈ જતા પણ એવું બહુ ઓછું બનતું. ચંપારણમાં મોતીહારીમાં અમે બધાં થોડો વખત સાથે રહ્યાં પછી મહાદેવ બાપુજીની સાથે કલકત્તાની કૉંગ્રેસમાં ગયા. હું અને મારી પત્ની પહેલેથી નક્કી થયા પ્રમાણે એક ગામડામાં શાળા ચલાવવા અને ગામસફાઈનું કામ કરવા ગયાં. આનંદીબાઈ નામનાં એક કાર્યકર્તા બહેન સાથે શાળાનું અને બીજું કામ કરવા દુર્ગાબહેન બીજા એક



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

ગામડામાં ગયાં. ત્યારથી જ મહાદેવથી વિખૂટા રહેવાની શરૂઆત થઈ. સહકારી મંડળીઓના ઈન્સ્પેકટરનું કામ, સતત ફરતા રહેવાને અને ગૃહજીવન ન ગાળી શકવાને કારણે તો કંટાળીને મહાદેવે છોડી દીધું હતું. આ કામ જુદું, બહુ ઊંચી જાતનું, જીવનના અનન્ય અને દુર્લભ લહાવાનું હતું પણ ગૃહજીવન તથા દુર્ગાબહેનની દૃષ્ટિએ તો સ્થિતિ એના જેવી જ હતી. ચંપારણથી સાબરમતી આવ્યાં ત્યારે પણ બાપુ જ્યારે આશ્રમમાં આવે ત્યારે મહાદેવભાઈ આવે. વળી જ્યારે આવે ત્યારે સાથે મહેમાનો તો હોય જ. એ બધા આવ્યા હોય બાપુની સાથે, પણ એમને રહેવાનું ગમે મહાદેવની સાથે. આમ ગૃહસ્થાશ્રમનો આતિથ્યધર્મ બજાવવાનો લાભ દુર્ગાબહેનને મળતો અને તે સહર્ષ બહુ સારી રીતે બજાવતાં, પણ પતિના સાહચર્યથી તો તેમને વંચિત જ રહેવું પડતું. કવિ નાનાલાલના કાવ્યની નીચેની પંક્તિઓ તેમને ખરેખરી લાગુ પડતી અને દુર્ગાબહેન એ ઘણી વાર ગાતાં પણ :

પાનાં પ્રારબ્ધનાં ફેરવું ને
માંહી આવે વિયોગની વાત જો,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

આમ એમનું દાંપત્યજીવન કઠોર તપશ્ચર્યામય બની ગયું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## સારવાર કરનાર અને દરદી તરીકે

અમે આશ્રમમાં દાખલ થયા એને બીજે વર્ષે અમદાવાદમાં ભારે ઈન્ફ્લુએન્ઝા ચાલ્યો. શહેરમાં મારા ઘરનાં બધાં માણસો એમાં સપડાયેલાં હતાં. હું અને મારી પત્ની એમની સારવાર કરવા ઘેર ગયાં. ત્યાં પત્ની પણ પટકાઈ. એટલે હું એકલો રહ્યો. ઘરમાંથી જેમ જેમ સાજાં થાય તેમ તેમ એને હું આશ્રમમાં મોકલી આપતો અને આશ્રમમાં મહાદેવ તથા દુર્ગાબહેન એમને સંભાળતાં. મારા મોટાભાઈની એક દીકરી તો ગુજરી પણ ગઈ અને મોટાભાઈને ઈન્ફ્લુએન્ઝામાંથી ન્યૂમોનિયા થયો. બાપુજીએ કહેવડાવ્યું કે, તું હવે એમને લઈને આશ્રમમાં આવી જા. મારે કહેવું જોઈએ કે મોટાભાઈની શુશ્રષા મારા કરતાં પણ મહાદેવે વધારે સારી કરી. દરદીને રીઝવવાની અને આનંદમાં રાખવાની અલૌકિક કળા તેમનામાં હતી.

મહાદેવભાઈ પ્રેમપૂર્વક સારવાર કરવા હમેશાં તત્પર રહેતા. આશ્રમમાં તેમ જ બીજા મિત્રમંડળમાં તેમની પ્રેમમય શુશ્રૂષાનો અનુભવ ઘણાને થયો છે. મારી કે કિશોરલાલભાઈ જેવાની શુશ્રૂષા તેઓ બહુ પ્રેમથી કરે એમાં કંઈ નવાઈ ન કહેવાય. પણ તેમના શુશ્રૂષાના પ્રદેશને એવી કશી મર્યાદા નહોતી. એક વાર મહાદેવભાઈ અને રામદાસભાઈ ગાંધી નવજીવનમાંથી ઘોડાગાડીમાં આશ્રમમાં



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

આવતા હતા. વાડજ આગળ કૂતરાંએ પીંખી નાખેલી એક વાંદરી મરણતોલ દશામાં પડી હતી. મહાદેવભાઈ એને ગાડીમાં નાખી આશ્રમમાં લઈ આવ્યા. વાંદરીના સદ્ભાગ્યે છગનલાલભાઈ ગાંધીવાળું મકાન ખાલી હતું. તેમાં એ વાંદરીને રાખી. એના બધા ઘા ધોયા તો માલૂમ પડ્યું કે એના કપાળમાં કૂતરાંના દાંત બેસવાથી લગભગ પોણો ઇંચ ઊંડો ઘા પડેલો હતો અને પગે કૂતરાં એટલાં કરડેલાં હતાં કે તેનાથી હલાયચલાય એમ નહોતું. તેના ઘા ઉપર માટીના પાટા બાંધવા માંડ્યા અને એને ખાવાનું મળ્યું એટલે થોડા દિવસમાં એ ઓરડામાં હરતીફરતી થઈ ગઈ. એક દિવસ કોઈએ બારણું ઉઘાડું રાખ્યું એટલે ઝટ બહાર નીકળીને પાસેના ઝાડ પર ચઢી ગઈ. દુર્ગાબહેનને થયું કે વળી કોઈ કૂતરાના સપાટામાં આવી જશે એટલે તેની પાછળ પાછળ ગયાં પણ વાંદરી શેની હાથમાં આવે? એ તો ઝાડ ઉપર કૂદતી કૂદતી વાડજ સુધી પહોંચી અને દુર્ગાબહેન થાકીને એને ભગવાનને ભરોંસે છોડીને પાછાં આવ્યાં.

દુર્ગાબહેનના સ્વભાવમાં દયાવૃત્તિ સહજ જ છે. એક વખત એક કૂતરી મરવા જેવી સ્થિતિમાં એમના અને કિશોરલાલભાઈના ઘરની વચમાં આવીને પડી હતી. કિશોરલાલભાઈએ એને પાણી છાંટ્યું અને થોડું દૂધ પાયું. પછી દુર્ગાબહેને તો એને રીતસર પોતાના ઘરમાં જ રાખી એનું પાલણપોષણ કરવા માંડ્યું. કૂતરી સારી થઈ અને અમે બધાએ એનું નામ પ્રેમી પાડ્યું. પછી તો એને બચ્ચાં થયાં. અમારા બધાના ઘરના ઓટલા સળંગ હતા.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એટલે એ બચ્ચાંએ અમારા બધાના ઓટલા બગાડવા માંડ્યા. કોઈ એને મારે તો દુર્ગાબહેન કહેતાં, હું બધાના ઓટલા ધોઈશ પણ કોઈ એ કુરકુરિયાંને મારશો નહીં. એક દિવસે કાકાસાહેબે મહાદેવભાઈને કહ્યું કે આ બધાં બચ્ચાં કાંઈ જીવવાનાં તો નથી જ, આપણને બધાંને હેરાન કરશે અને એ પણ દુઃખી થશે. માટે તમારે એકાદ પાળવું હોય તો પાળો. બીજાંને તમારો વાંધો ન હોય તો હું મારી નાખું. દુર્ગાબહેન આ વાત સાંભળતાં હતાં. એમણે કાકાસાહેબને કાંઈ કહ્યું તો નહીં પણ આંખમાં આંસુ સાથે બારણામાં ઊભાં રહ્યાં. કાકાસાહેબ એ જોઈ ગયા એટલે ચૂપચાપ ચાલ્યા ગયા અને કુરકુરિયાંને મારવાની વાત ફરી કદી કાઢી જ નહીં.

સામાન્ય રીતે એવું મનાય છે કે, સારવાર કરનારની દરદી ઉપર બહુ મમતા બંધાઈ જાય છે, પણ દરદી તો ઘરનાં બધાં માણસો ઉપર અને સારવાર કરનાર ઉપર જહાંગીરી જ ચલાવે છે. પણ મહાદેવ એ નિયમમાં અપવાદ હતા. દરદી તરીકે પણ તેઓ કેટલા મીઠા અને આનંદી રહી શકતા એનો અનુભવ ૧૯૨૦માં તેઓ છ અઠવાડિયાં ટાઇફૉઈડની બીમારીમાં રહ્યા તે વખતે મને થયેલો. પોતાને ગમે તેટલું કષ્ટ થતું હોય પણ એ કષ્ટમાંયે પોતાનો વિનોદ તેઓ ખોઈ બેસતા નહીં અને આસપાસનાં બધાંને હમેશાં હસાવતા જ રહેતા. એક દિવસ વૈકુંઠભાઈ જોવા આવેલા તેમને કહે, “મોટા બાદશાહ કરતાં પણ મારી સારવાર ભારે થઈ રહી છે. કાકાસાહેબ એ વખત આવીને શરીર દાબી જાય છે, બરફના ઝૂંદાની પોટલી કરી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

તે પોતાના માથા ઉપર દબાવી તેની સુંદર પાઘડી બનાવી સતત મારે માથે રાખવાનો ઈજારો નરહરિએ લીધો છે, કાકાસાહેબ અને નરહરિ દરરોજ પથારીમાં જ મને ગરમ પાણીમાં બોળેલા ભીના ટુવાલથી સ્નાન કરાવે છે ત્યારે કાકાસાહેબ એમનાં આંગણામાં ઉગાડેલાં હોલીહોકનાં ટગર ટગર જોનારાં ફૂલોની વાત કરી ત્યાં જવાની મારી ઉત્કંઠા વધારે છે, સંગીતશાસ્ત્રી પંડિત ખરે બે ત્રણ વાર આવીને પોતાનું મધુરૂં સંગીત સંભળાવી જાય છે, કિશોરલાલભાઈ કોઈ ને કોઈ વાતો કરી મને રીઝવી જાય છે, સ્વામી તથા જુગતરામભાઈ આખો દિવસ નવજીવનમાં કામ કરીને રાતે અહીં આવીને ખડા થઈ જાય છે. પિતાશ્રી અને આ દાક્તરકાકા તો અહીં બેઠા જ રહે છે. અને આ બધા ઉપરાંત બાપુ પંજાબમાં ગમે તેટલા કામમાં હોય છતાં રોજ તેમનો સુંદર કાગળ તો ટપાલમાં હોય છે જ. કહો, આવી સારવાર કોઈની થતી હશે ?" વૈકુંઠભાઇએ જવાબ આપ્યો : "તમે સાચે જ એ બધાના અધિકારી છો, એ બધું સુપાત્રે જ થાય છે."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

૨૧

## યુક્ત પ્રાંતની જેલમાં

૧૯૨૧ના જૂન કે જુલાઈમાં મહાદેવને 'ઇન્ડિપેન્ડન્ટ' પેપર ચલાવવા માટે પંડિત મોતીલાલજીના કહેવાથી બાપુએ અલ્લાહાબાદ મોકલેલા. થોડા વખત પછી મોતીલાલજી અને જવાહરને સરકારે પકડ્યા અને ત્યાર પછી સરકારથી એ પેપરના લેખોનો તાપ જીરવાયો નહીં એટલે તેના બીજા તંત્રી જ્યોર્જ જોસેફને પણ પકડ્યા અને જેમાં પેપર છપાતું હતું તે પ્રેસ જપ્ત કર્યું. મહાદેવે I shall not die (હું મરું એમ નથી) એ નામનો લેખ લખી સાઈક્લોસ્ટાઈલના હાથ-મશીન ઉપર પેપર કાઢવા માંડ્યું. એટલે એમને પણ પકડીને તા. ૨૪મી ડિસેમ્બરે એક વરસની સજા કરી. દુર્ગાબહેન તે વખતે અલ્લાહાબાદમાં હતાં અને મહાદેવને સજા થયા પછી તે ત્રણેક મહિના ત્યાં રહેલાં. મહાદેવ પેપર દેવદાસ ગાંધીને સોંપતા ગયેલા. દુર્ગાબહેન હાથ-મશીન ફેરવવામાં તથા પેપરનાં રેપર્સ ચોંટાડવામાં તેમ સરનામાં કરવામાં મદદ કરતાં. તે વખતે બહેનો - ખાસ કરીને ઉત્તર હિંદુસ્તાનમાં, આવાં કામોમાં ભાગ્યે જ ભાગ લેતી એટલે દુર્ગાબહેનને કામ કરતાં જોઈ માલવીયજી ખુશ ખુશ થઈ જતા અને એમને બહુ અભિનંદન આપતા.

એ વખતે યુ. પીની જેલોમાં રાજકીય કેદીઓ ઉપર બહુ ત્રાસ ગુજારવામાં આવતો, તેની અલ્લાહાબાદથી આવેલા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત





આગ્રા જેલમાં, ૧૯૨૨

ડાબી બાજુથી : ૧. બૅરિસ્ટર ખ્વાજા સાહેબ, (અલીગઢ નેશનલ મુસ્લિમ યુનિવર્સિટી), ૨. રાજબહાદુર સાહેબ, એટા ૩. મહાદેવભાઇ ૪. શ્રી જ્યોર્જ જોસેફ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત



**બારડોલી જમીનમહેસૂલ તપાસ વખતે, ૧૯૨૮**

ડાબી બાજુથી બેઠેલા : ૧. સરદાર સાહેબ ૨. ભૂલાભાઈ સાહેબ ૩. મહાદેવભાઈ

ડાબી બાજુથી ઊભેલા : ૧. નરહરિભાઈ ૨. ગુલાબભાઈ જોશી, એડવોકેટ ૩. રામનારાયણ વિ. પાઠક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

એક કાગળમાંથી—ઘણું કરીને એ કાગળ દેવદાસભાઈ ગાંધીનો હતો—મળેલી હકીકત 'નવજીવન'માં નીચે પ્રમાણે છપાઈ હતી :

"ગઈ કાલે અમે જેલ ઉપર ગયેલા પણ અમને મળવાની રજા ન મળી. ખાવાનું, ઓઢવાનું અને ચોપડીઓ પણ લઈ ગયેલા પણ તે જેલરે પાછાં વાળ્યાં. આજે સવારે અમે મહાદેવભાઈને મળી શક્યા.

"એમને સામાન્ય ગુનેગારની પંક્તિમાં રાખવામાં આવ્યા છે અને જેલના બધા નિયમો લાગુ પાડવામાં આવ્યા છે. કપડાં જેલનાં પહેરાવ્યાં છે. એક કોણી સુધીની બાંયનું કાળું પહેરણ અને ચડ્ડી. આ કપડાં અતિશય મેલાં વાસ મારતાં અને જૂઓથી ભરેલાં છે. બે કામળો આપવામાં આવી છે, જેને મહિનાઓ સુધી પાણીનો સ્પર્શ પણ નહીં લાગ્યો હોય. તે પણ જૂઓથી ભરપૂર.

"પાણી માટે એક કટાઈ ગયેલું લોઢાનું વાસણ આપવામાં આવ્યું છે. દરેક વખત અંદરથી કાટ ઊતરીને થોડી જ વારમાં પાણીને ઝેરી કરી મૂકે છે. રાત્રે પીવા માટે તે પાત્રમાં પાણી રાખી શકાય જ નહીં. સવારે તે પીળું થઈ ગયેલું હોય છે.

"નાહવાને એક મેલો કુંડ છે. તેનું જ પાણી પીવામાં પણ વપરાય છે. નાહતી વખતને માટે એક લંગોટ હોય છે, પણ શરીર લૂછવાને માટે કાંઈ નહીં. તડકામાં શરીર સુકાયા પછી એનાં એ જ ઉતારેલાં કપડાં પાછાં પહેરવાનાં. અહીંની ટાઢમાં મહાદેવભાઈ જેવી તબિયતવાળા ભીને બદને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

કપડાં ધૂએ અને તે સુકાય ત્યાં સુધી કેવળ લંગોટ પહેરી રાખે, એ તો અશક્ય જ છે.

"ખાવાનું જેલનું જ. ગઈ કાલે ઘેરથી ખાઈને ગયેલા અને સાંજે ત્યાં કંઈ પણ ખાધું ન હતું. આજે સવારે કંઈક રાબ જેવો પદાર્થ આપવામાં આવેલો તે લીધેલો, તેમાંના કાંકરા અને કચરાની તો વાત શી?

"પાયખાને દિવસના બહાર ખુલ્લામાં જવાય છે. પાણી લેવા માટે વાસણ પેલું (પીવાના) પાણીનું જ વાપરવા મળે છે. રાત્રે પેશાબ માટે એક કૂંડું કોટડીમાં રખાય છે. (પીવાના) પાણીની જેમ એ ખુલ્લું જ રહે છે. હજી બેડીઓ નાખવાની બાકી છે."

આ વાંચીને મહાદેવના પિતાશ્રી ખૂબ રડી પડેલા અને બોલેલા, "જિંદગીમાં કોઈ દિવસ દુઃખ વેઠયું નથી. કઠણાઇ જોયેલી જ નથી. આવી જેલ એક વરસ શી રીતે કાઢશે?"

બાપુજીએ એમને આશ્વાસનનો કાગળ લખ્યો; તેમાં જણાવ્યું કે મહાદેવને સજા થઈ તે સારું જ થયું છે. એને આરામ મળશે. નહીં તો ત્યાં કામનો બોજો એવો હતો કે એ માંદા પડી જાત. જેલમાં હમણાં કષ્ટ છે પણ મારી ખાતરી છે કે થોડા વખતમાં એ બધું સુધરી જશે. મહાદેવ તો જ્યાં જાય ત્યાં માણસોને પોતાના કરી લે એવા છે. મીઠાશથી અને વિનયશીલ વર્તનથી જેલનાં અયોગ્ય દુઃખોનું એ નિવારણ કરી જ શકશે એની મને ખાતરી છે. એટલે ધીરજ ખોશો નહીં અને કશી ચિંતા કરશો નહીં.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

મહાદેવ પ્રત્યેના આ વર્તન વિષે યુ. પી. માં ખૂબ ઊહાપોહ થયો. સર લલ્લુભાઈએ વાઈસરૉયને કાગળ લખ્યો તેને પરિણામે તાબડતોબ એમને ખાસ કેદી ગણી બધી સગવડો આપવામાં આવી. કુલ દસેક દિવસ મહાદેવને પેલી અમાનુષી હાડમારી વેઠવી પડેલી.

## બહેનનાં લગ્ન

મહાદેવ આગ્રા જેલમાં હતા ત્યારે એમની બહેનનાં લગ્ન કરવાં પડેલાં. દીકરીના લગ્નમાં અનાવિલ જ્ઞાતિમાં ખર્ચ ભારે થાય છે અને પિતાશ્રી તેનું શું કરશે એની મહાદેવને ચિંતા થઈ. પિતાશ્રીને લખ્યું : “ મારી પાસે બૅન્કમાં ફિક્સ્ડ ડિપોઝિટમાં ૨૬૦૦ રૂપિયા છે. તેમાંથી અત્યારે ઉપાડાય તેમ તો નથી. પણ તમને જેટલાની જરૂર હોય તેટલાનું મને લખશો તો હું મથુરાદાસ ત્રિકમજી યા તો વૈકુંઠભાઈ યા તો બીજા ગમે તે મિત્ર પાસેથી લઈને મોકલી આપીશ. ભીડ ન ભોગવશો. હું જેલની બહાર હોત તો કાંઈ કે ઉપયોગી થાત. હવે તો તમારે ભાર વહેવાનો રહેવાનો.” છોટુભાઈ આ જ અરસામાં જેલમાં મળવા ગયેલા. તેમની સાથે પણ આજ વાત કહેવડાવી. મને કાગળ લખ્યો તેમાં જણાવ્યું કે તમે લગ્ન વખતે દિહેણ જવાનું ચૂકશો નહીં અને મારા બાપુજીને કહેશો કે જરાયે ભીડ ન વેઠે. મહાદેવના બાપુજીએ પણ મને લખ્યું કે, “ મહાદેવ જેલમાં છે તે વખતે લગ્ન કરવાં પડે છે તેનું મને બહુ દુઃખ થાય છે પણ છૂટકો નથી. તમે આવશો તો મને એટલો સંતોષ થશે.” હું દિહેણ ગયો અને પૈસાની વાત કરી પણ તેમણે કહ્યું કે “ ખરચની બધી જોગવાઈ મેં કરી રાખી છે.”



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

## ૨૨

## પિતાશ્રીનું અવસાન

પિતાશ્રી મહાદેવનું શરીર નાજુક છે એમ માને છે એ બાપુજી જાણતા હોવાથી જ્યારે જ્યારે બાપુજી એમને મળે ત્યારે પૂછતા કે : કેમ, મહાદેવની તબિયત કેવી છે? તમે મહાદેવને મને ધીર્યો છે એટલે એની તબિયતની તમારે ચિંતા કરવાની હોય જ નહીં. છતાં પિતાશ્રીને આ એક ખટકો હતો એ મહાદેવ બરાબર જાણતા. પિતા-પુત્રનો એકબીજા પ્રત્યે કેવો અલૌકિક પ્રેમ હતો તે પિતાશ્રીના અવસાન પ્રસંગે મને લખેલા નીચેના કાગળમાં વ્યક્ત થાય છે.

દિહેણ (જિ. સુરત)
તા. ૬ જુલાઈ, '૨૩

વહાલા ભાઈ,

તમારો આશ્વાસક પત્ર મળ્યો. મારા હૃદયની સાથે તમારું પણ રડે છે તે મને ખબર છે, તમારી ખોટ આશ્રમમાં જ્યારે તાર આવ્યો ત્યારે જ લાગી હતી.*

અવસાન અણધાર્યા સંજોગોમાં થયું. સુરત પ્રાં. સમિતિની બેઠક વખતે સુભાગ્યે મને ઘેર આવી જવાનું મન થયું. તે વેળા જે મળી ગયેલો તે છેલ્લી મુલાકાત. તે વેળા એમની તબિયત પણ બહુ સરસ હતી. મરણ પહેલાં

*આ વખતે હું બારડોલી તાલુકાના સરભણ આશ્રમમાં રહેતો હતો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

ચારપાંચ દહાડા અગાઉ એક કાગળ આવેલો તેમાં લખેલું કે તબિયત નરમ થઇ છે, અને છાતીમાં દુખાવો છે. મેં તરત લખેલું કે રવિવારે હું ઘિયા ડૉકટરને સુરતથી લઈને આવીશ. પાછો રવિવારે લખેલો તેમનો કાગળ આવ્યો તેમાં મને ડૉકટરની સાથે આવવાની ના લખી, અને નવજીવન પ્રકાશન મંદિરની ચોપડીઓ મંગાવી, દેશી રંગનું પુસ્તક મંગાવ્યું. આથી હું છેતરાયો. મને થયું કે તબિયત સુધરી હશે, અગાઉની માફક ગભરામણની જ નબળાઈ હશે. સોમવારે એટલે મરણને દિવસે લખેલો કાગળ મને મરણના તાર પછી મળેલો તેમાં લખેલું કે 'આ નબળાઈથી જ પ્રાણ જશે એવું લાગે છે. સારો થઈશ તો અમદાવાદ આવી જઈશ.' તે જ દિવસે સાંજે 'નવજીવન' કે કાંઈક વાંચતા હતા, બીજા ભાઈ બેઠેલા તેમણે કહ્યું કે "તમે વાંચવાનું છોડો, તમારી તબિયત નબળી, આરામ લો." બાપુજી બોલ્યા, "સાચી વાત છે ભાઈ," આ શબ્દ પૂરા થયા અને એમનું જીવન પૂરું થયું. એ શબ્દની સાથે જ ગરદન નમી ગઈ; અને આંખ બંધ થઈ ગઈ.

મેં ધીરજ બહુ રાખી છે, પણ વારંવાર તેમનો પ્રેમ, નાની બાબતોમાં પણ મારે વિષેની ચિંતા, બધું યાદ આવે છે ત્યારે આંસુ ખળાતાં નથી. એ આંસુ તો તેમનું સ્મરણ રહેશે ત્યાં સુધી રહેવાનાં. છેલ્લો જ્યારે મળેલો ત્યારે કહે, "આ વખતે તારી છાતી પુરાઈ. નિયમિત જીવનનું એ પરિણામ છે. પણ તું ચંપલ પહેરે તે ઠીક નહીં, સ્લીપર પહેર. પગનાં તળિયાં ફાટી જાય." હું બાળક જ છું એવો ભાવ એમના મનમાંથી ગયો જ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

નહોતો. 'નવજીવન'નાં મારા ધૂળ જેવાં લખાણો એમના જેટલી મમતાથી વાંચનારું હવે કોઈ રહ્યું નથી. 'મહાદેવ'ની સહીવાળું લખાણ એટલે એમને માટે જાણે કોઈ ચમત્કારિક વસ્તુ. એમની પરમ ઇચ્છા એટલી જ હતી કે હું એમની સાથે લાંબો વખત રહું. એ ઈચ્છા મેં કદી નહીં પૂરી કરી. એક દિવસ પણ મારી સેવા એમણે લીધી નથી. આખી જિંદગીમાં મારી માતા મરી ગઈ ત્યારથી મારી માતા અને પિતા બંને એઓ જ થયેલા. પિતાનો પ્રેમ કેટલો હોઈ શકે છે તેનું માપ મને એમના પ્રેમથી જ મળેલું. આજે તો એઓ ૬૨ વર્ષના હતા, પણ ૮૨ વર્ષના હોત તોયે મારી આંખમાંથી આજે જેટલાં નીકળે છે તેટલાં જ કૃતજ્ઞતાનાં આંસુ નીકળત.

'નવજીવન'નો વધારો ગુરુવારે ન હોત, અને એમનો ડૉકટરની સાથે ન આવવાનો અને ચોપડીઓ મંગાવવાનો કાગળ ન હોત, તો હું રવિવારે જરૂર મળી જાત. મને એમ થયાં જ કરે છે કે 'દેશસેવા'ના વિચિત્ર ખ્યાલને લીધે એમના આખરના કાળમાં એમની સાથે રહી એમની આંતરડી ઠારવી જોઈએ, તે મારાથી ન થયું. આ પશ્ચાત્તાપ એક કાયમનો જખ્મ મારી જિંદગીમાં રહી જશે.

તમે મારી પાસે હોત તો તમને મોટાભાઈ * માની તમારા ખોળામાં માથું મૂકી રોઈ મારો ભાર હલકો કરત. પણ હવે કાંઈ નહીં. તમારે એ કારણે ત્યાંથી આવવાની કશી જ જરૂર નથી. વરસાદ તો આ બાજુએ હજી નથી

---

* હું મહાદેવ કરતાં ઉંમરમાં ત્રણ જ મહિને મોટો હતો.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

આવ્યો પણ હવે એકાદ દહાડામાં આવવાનો જ. હું ૧૫-૧૬મીએ આશ્રમ જઈશ, તે પહેલાં તમને કાગળ લખીશ, ત્યારે જો બને તો સુરત આવી જજો. પણ કાગળ ન લખાયો તો ચિંતા કરશો નહીં. એટલા ખાતર આશ્રમ તો ન જ આવશો. તમારી લાગણી કાંઈ મળીને તમે વધારે બતાવી શકવાના છો ?

હાલ દુર્ગાને દિવાળી સુધી અહીં રહેવું પડશે. વરસાદ પછી પાછો અહીં આવીશ ત્યારે કદાચ લઈ જાઉં. વરસાદ પછી તમારાથી બને તો એક વાર ઈચ્છાને* તમારે મળી જવું જોઈએ ખરું. તમારી તેણે વારંવાર ખબર પૂછી હતી. મારા પિતાના તેજને લીધે તે પણ સામાન્ય કરતાં વધારે ઊંચી વૃત્તિની સાવકી મા છે.

મરણ પછી અમારામાં દહાડો થાય છે. મને એ વસ્તુની દુષ્ટતા વિષે ઇચ્છાને સમજાવતાં વાર નહીં લાગી. મારા પિત્રાઈ છોટુભાઈ અને ભીખાભાઈ બંને મળતા થયા. એટલે એક પણ દિવસ સગુંવહાલું કે બ્રાહ્મણ કોઈ ન જમે. શ્રાદ્ધ તો કરીશ જ. કારણ તેમાં મારી વૃત્તિ અજ્ઞાનની છે. જે વસ્તુ સમજી શકતો નથી તે વસ્તુને હું પાખંડ તરીકે નહીં ફેંકી દઈ શકું. પણ શ્રાદ્ધ કરાવ્યા પછી બ્રાહ્મણને બ્રહ્મ-ભોજન જેવી કશી જ વસ્તુ નહીં એમ રાખ્યું છે. બ્રાહ્મણને જોઈએ તો પોતાને ઘેર સીધું લઈ જઈ રાંધી લે. બીજા લોકોને આ વસ્તુ નથી ગમી, પણ મારે તો મારા નિશ્ચય અમલમાં મૂકવાનો આ પ્રથમ પ્રસંગ. મારાથી કેમ ડગાય ?

---

* મહાદેવનાં સાવકાં માતુશ્રી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

4/25/2021

મારા 'કૉમ્પ્રોમાઈઝ'ના ભાષાન્તરમાંથી એક હજાર આવશે તેમાંથી પાંચસો રૂપિયા પૂ. પિતાશ્રીના નિમિત્તે, સવાસો રૂપિયાની ચાર શિષ્યવૃત્તિ માટે કાઢવાનો નિશ્ચય રાખ્યો છે. ચાર છોકરા અથવા છોકરી વસ્ત્રકળાશાસ્ત્ર સવાસો રૂપિયામાં છ મહિનમાં આશ્રમમાં રહી શીખી શકે. તમને આ વાત પસંદ છે કે કેમ તે જણાવશો.

હવે મારે વારંવાર, એટલે બબ્બે મહિને આવી જવું પડશે. છ મહિના સુધી તો ઇચ્છાથી બહાર ન નીકળાય અને જમીન જ્યાં સુધી સાંથી દેવામાં નથી આવી ત્યાં સુધી તે અહીં હોય એ જરૂરનું છે. અહીં ઘેર એકે પુરુષ રહ્યો નથી એ ભારે દુઃખ છે. જો છોટુભાઈનો એકાદ ભાઈ અહીં રહે તો તેને રાખવાનો પ્રયત્ન કરીશ. હાલ એ જ.

લિ૦ સ્નેહાધીન,
મહાદેવ

પિતાશ્રીનો દેહાન્ત થયો ત્યારે હું બારડોલી તાલુકામાં સરભણ ગામે રહેતો હતો. એ ચોમાસાના દિવસ હતા ને વખતે વરસાદ આવે તો સુરતથી દિહેણનો રસ્તો કઠણ થઈ પડે. એટલે એમણે મને તે વખતે દિહેણ આવવાની ના લખેલી. પણ કાગળ મળ્યા પછી હું તરત દિહેણ પહોંચ્યો. બહેનો રડવાકૂટવાનું ન કરે માટે ગરુડપુરાણ વંચાવવાનો રિવાજ છે. મહાદેવે કોઈ વાર ગરુડપુરાણ વાંચેલું કે સાંભળેલું ન હતું. એનું શ્રવણ ચિત્તની શાંતિ કરનારું હશે એમ માની આગ્રહપૂર્વક એ વંચાવ્યું. પણ એમાં તો યમના માર અને નરકની યાતનાઓનાં ઘોર વર્ણનો સાંભળી એમને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
52/52

થયું કે આવું શું કામ વંચાવતા હશે? મણિશંકર માસ્તર કહે: "એમાં છેલ્લો અધ્યાય છે તેમાં જ્ઞાનની વાતો છે પણ આ લોકો એ જાણી જોઈને વાંચતા નથી. એને અશુભ ગણે છે." પછી તો માસ્તરે સંસ્કૃત ગરુડપુરાણ મંગાવી આપ્યું અને મહાદેવ અથથી ઇતિ સુધી એ વાંચી ગયા. તેનો અંતિમ અધ્યાય એમને બહુ જ શાંતિપ્રદ લાગ્યો. એમણે કહ્યું: "આમાં તો આગલી બધી વાત ઉપર પાણી ફેરવ્યું છે." છોટુભાઈ કહે: "આ વાંચે તો ભૂખે ન મરે? આપણા પુરાણીઓ ડાહ્યા ને વ્યવહારુ છે એટલે જ નથી વાંચતા."

ભાઈ મહાદેવે આ વિષે 'નવજીવન'માં એક લેખ લખ્યો છે. અને ગરુડપુરાણના એ ન વંચાતા અધ્યાયના અર્ધરૂપ શ્લોકો ભાષાંતર સાથે તેમાં આપ્યા છે. (જુઓ 'નવજીવન' પુ. ૪થું, ખાસ અંક ૨૧મો, તા. ૨૯ જુલાઈ, ૧૯૨૩.)



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

## મહાદેવભાઈની સંપત

પણ હવે હું આ લેખ બંધ કરું. મારે તો મહાદેવના જીવનનો આશ્રમમાં એ દાખલ થયા ત્યાર પહેલાંનો વૃત્તાંત આપવો હતો. એમના પિતાશ્રીનો દેહાંત ૧૯૨૩માં થયો એટલે એમને વિષે લખતાં કેટલીક આગળની વાતો આવી ગઈ. બાકી આ લેખમાં તો મહાદેવભાઈ બાપુજી પાસે કેવી અને કેટલી સંપત—ચારિત્ર્યબળની, ભક્તિપૂર્ણ હૃદયની, બુદ્ધિની, વિદ્યાકળાની અને હોશિયારીની—લઈને આવ્યા હતા એ જ બતાવવું હતું, એમનું આગળનું જીવનચરિત્ર તો એમની ડાયરીઓમાં ક્રમે ક્રમે વિકસતું આપણે જોઈશું. અને ભાઈ પ્યારેલાલ, જેઓ ૧૯૨૦થી તે છેક મહાદેવભાઈના દેહાંત સુધી બધી પ્રવૃત્તિઓમાં એમની સાથે જ હતા તેઓ વિગતવાર જીવનચરિત્ર લખવાના જ છે. ઉપર જણાવી છે એવી સંપત લઈને મહાદેવ બાપુજી પાસે આવ્યા અને તેમાંથી કિશોરલાલભાઈએ લખ્યું છે તેમ, "એક વિદ્વાન ફિલસૂફ, સાહિત્યિક, કવિ, મધુર ગાયક અને કલારસિક હોવા છતાં કેવળ પોતાના સ્વામીને માટે જ નહીં, પણ પોતાના મિત્ર, પત્ની તથા નોકરને માટેયે અને જરૂર પડે તો ગમે તેને માટે તેનાં મળમૂત્ર સાફ કરનાર ભંગી; પરિચર્યા કરનાર નર્સ; કપડાં ધોનાર ધોબી; રાંધીને ખવડાવનાર રસોઇયા; સાફ નકલ કરી આપનાર કારકુન; લખેલું



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: મહાદેવભાઈનું પૂર્વચરિત

સુધારી આપનાર શિક્ષક; અધૂરું કામ પૂરું કરી આપનાર સહયોગી; આપણા વિચારો સમજી લઈ તેને બરાબર કલમબંધ કરી આપનાર મંત્રી; આપણા તરફથી કોઈ નાજુક કામને કુનેહથી પાર પાડી આપનાર એલચી; આપણા પક્ષનો બરાબર અભ્યાસ કરી આપણે માટે લડત ચલાવનાર વકીલ; પોતાના સ્વામી અને આપણી વચ્ચે કાંઈ ગેરસમજૂતી ઊભી થઈ હોય તો તેને દૂર કરાવનાર વિષ્ટિકાર; પિતૃભક્તિ, સ્વામીભક્તિ, મિત્રભક્તિ, પત્નીપ્રેમ, પુત્રપ્રેમ એવા સર્વે સંબંધોને યથાયોગ્યપણે સંભાળવામાં પરાકાષ્ઠાનો પ્રયત્ન કરનાર તુલાધાર; કરુણાજનક પરિસ્થિતિમાં આવી પડેલાં સ્ત્રીપુરુષોને આશ્વાસન અને શરણ આપનાર બંધુ; અને આ બધાં સંબંધો સાચવતાં છતાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાના, ધનયશ આદિ લોભના, કામાદિ વિકારના, કલાસૌન્દર્ય વગેરેના શોખને પરિણામે અને સ્વભાવસહજ દાક્ષિણ્યને કારણે પેદા થનાર માયા, મોહ વગેરેનાં પ્રલોભનો સામે પોતાની જાતને બચાવતા રહેનાર સાવધ સાધક;”
—એવા એ બન્યા.

14817



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust